ગુર્જરકવિરત્નચરિત્રમાળા—૧.

દયારામ.

ત્રિભુવન જમનાદાસ શેઠ.

કવિરત્ન

દયારામ

ની સંપૂર્ણ જીવન કથા.

સંશોધન કરી તૈયાર કરનાર

ત્રિભુવન જમનાદાસ શેઠ, બી. એ.

પ્રથમ આવૃત્તિ.

સુરત.

"ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસ.

ઇ. સ. ૧૮૯૯. સંવત ૧૯૫૫.

મૂલ્ય કાચાં પુઠાંનું રૂ. ૦-૧૨-૦. મૂલ્ય પાકાં પુઠાંનું રૂ. ૧-૦-૦.

પોષ્ટેજનો દરેક નકલે દોઢ આનો વધુ.

જે કોઇ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. ટેક.
સિંહણ કેરૂં દૂધ હોય તે, સિંહણ સુતને જરે;
કનક પાત્ર પાખે સહુ ધાતુ, ફાડીને નીસરે. પ્રેમરસ. ૧
સકરખોરનું સાકર-જીવન, ખરના પ્રાણજ હરે;
ક્ષાર સિંધુનું માછલડું જ્યમ, મીઠા જળમાં મરે. પ્રેમરસ. ૨
સોમવેલિ રસ પાન શુધ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગળ વંશિને વમન કરાવે, વેદ વાણી ઉચરે. પ્રેમરસ. ૩
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે;
મત્સ્ય ભોગી બગલો મુકતા ફળ, દેખિ ચંચુના ભરે. પ્રેમરસ. ૪

—કા. સં., પા. ૨૭૫.

Bards of Passion and of Mirth,
Ye have left your souls on earth!
Ye have souls in heaven too,
Double-lived in regions new!

—Palgrave, P. 198.

રસિક કવીને જાણવો, ખરો અમર જગમાંહિ,
જેની યશ રૂપ કાયને, જરા તણું ભય નાંહિ;
જરા તણું ભય નાંહિ, નાંહિ આધીને વ્યાધી,
અચળ કીર્તિ જગમાંહિ, સકળ થળમાં રહે ગાજી;
કહે કુમુદ કર જોડ, કદી શંકા નવ આણો,
રસિક કવીની કાય, અમર આ જગમાં જાણો.

—ન. કે. ૧, પા. ૩૯૭-૮.

પરમપૂજ્ય

સ્વર્ગસ્થ પિતામહ

રાજારામ ગિરિધરભાઈ

જેઓ

મ્હારા વિદ્યાભ્યાસથી સદા પ્રસન્ન રહી મ્હારી તરફ

કૃપા દૃષ્ટિએ જોતા હતા

તેના સ્મરણાર્થે

આ લઘુ પુસ્તક પ્રેમભક્તિથી તેમને

અર્પણ કરૂં છું

હું તેમનો વિયોગી પૌત્ર

ત્રિભુવન.

પ્રસ્તાવના.

ગુજરાતી સાહિત્યમાં અનેક પ્રકારનાં, અનેક પધ્ધતિનાં, તેમજ અનેક વિષયનાં પુસ્તકો આજ થોડાં વર્ષ થયાં પ્રસિધ્ધ થતાં દૃષ્ટિ ગોચર થાય છે. સ્વભાષાની સેવા બજાવવાની ઇચ્છા રાખનાર ભાષાભક્તોમાં કેટલાએકે આપણને પોતાનાજ વાણી પ્રવાહનો રસ ચખાડયો છે, કેટલાએકે સ્થાયી સાહિત્યનો ઉપયોગ કરી નવીન રચના ઉપજાવી તે દ્વારા આનંદ આપ્યો છે, તો કેટલાએકે ભાષાંતર કરી અવર ભાષાના ઉભરાતા સાહિત્યનું દિગદર્શન કરાવ્યું છે. તોપણ ઇંગ્રેજીમાં 'કવિઓનાં સંપૂર્ણ કાવ્યો' (Complete Works of Poets), 'કવિઓનાં રસિક કાવ્યો' (Selections from Poets), 'કવિઓનાં જીવન ચરિત્રો' (Lives of Poets), 'ઇંગ્રેજી સાક્ષરો' (English Men of Letters) ઇત્યાદિ જે જે પુસ્તકો જોવામાં આવે છે તેવાં પુસ્તકો ગુજરાતી સાહિત્યમાં ઘણાં થોડાંજ છે—ભાગ્યે આઠ દશ હશે. કેટલોક વખત થયાં એ ખોટ પૂરી પાડવાના હેતુથી કાંઇક પુસ્તક તૈયાર કરવાનો વિચાર થયાં કરતો હતો. અલબત, એ ખોટ સંપૂર્ણ રીતે પૂરી પાડવાને તન મન, ધન તેમજ સમયની જરૂર છે: તોપણ હાલમાં એ સામગ્રીનેજ અંગે આ એક ન્હાનું પુસ્તક—કવિ રત્ન દયારામની જીવન કથા—ગુજરાતી જન મંડળ સમક્ષ મૂકવાની છૂટ લઉં છું, અને એમ કરવામાં મ્હને જે આનંદ થાય છે તેજ મ્હારા પ્રયાસનું કંઇક અંશે ફળ છે એમ માનું છું.

આ પુસ્તક તૈયાર કરવામાં મ્હેં અનેક પુસ્તકો જોયાં છે અને જેમની સ્હાય લીધી છે તે સર્વેનાં નામો આગળ આપ્યાં છે. એમ છતાં આ સ્થળે કહેવું જોઇએ કે દયારામની જીંદગીના હેવાલને માટે મુખ્યત્વે કરીને કવિ નર્મદાશંકરે પોતાના નર્મગદ્યમાં આપેલું કવિ ચરિત્ર, પ્રાચીન કાવ્યમાળાના પ્રગટ કર્તાએ તેના ગ્રંથ ૨ માં આપેલું કવિ ચરિત્ર, અને રા. ઇચ્છારામ

સૂર્યરામ દેસાઇએ પોતાના બૃહત્ કાવ્ય દોહન ગ્રંથ ૫ માં આપેલી દયારામની હકીગત--એ ત્રણનાજ ઊપર મ્હેં ઘણો ખરો આધાર રાખ્યો છે. જ્યાં જ્યાં હકીગતમાં ફેર માલમ પડે છે ત્યાં ત્યાં બન તાં સુધી પાનાને છેડે ટીકામાં તે સૂચવ્યો છે. એ ઉપરાંત ઇંગ્રેજી ધોરણ ઉપર વચ્ચે વચ્ચે યોગ્ય સ્થળે જરૂરના ઊતારાઓ કવિનાજ ગ્રંથોમાંથી આપો કંઇક નવીનતા અને રસિકતા દાખલ કરવાનો પણ પ્રયાસ કર્યો છે.

૨. ઇચ્છારામે આપેલી હકીગતમાંથી આ પુસ્તકમાં મ્હેં જે જે બાબતો લીધી છે તેમાં કેટલીએક શંકાસ્પદ છે એમ મ્હને પાછળથી માલમ પડ્યું (જૂઓ પા. ૧૦૫). કવિ વિજયાશંકરને નામે દયારામના સ્વભાવ સંબંધી (પા. ૮), તેની અનીતિ સંબંધી (પા. ૫૨), અને તેના મરણ સમયની હકીગત સંબંધી (પા. ૧૦૫) કેટલીક ખબર આપવામાં આવી છે તેની સચ્ચાઇ વિષે ઘણો શક જાય છેઃ કારણ કે કવિ વિજયાશંકરને હું જાતે મળ્યો છું અને તેઓ સ્પષ્ટ જણાવે છે કે "એ સઘળી હકીગત સંબંધી હું કંઇ જાણતો નથી." વળી તેઓ જણાવે છે કે "દયારામના સંબંધમાં મ્હારૂં કામ તો એટલુંજ કે કવિ નર્મદાશંકર તરફથી તેમના મોકલેલા તેમના શિષ્ય કવિ સવિતાના રાયણ દયારામની છબી મેળવવા ડભોઇ જતા હતા ત્યારે મ્હારે તેમનો વડોદરામાં મેળાપ થયો હતો. મ્હેં તેમની સાથે જવા ઇચ્છા બતાવી હતી, અને તેમણે હા કહેવાથી હું તેમની સાથે ગયો હતો અને દયારામની અસલ છબીની નકલ ઉતારી લાવ્યો હતો. એશિવાય પાછળથી જ્યારે કવિની સાથે મ્હારે જાતે સહવાસનો પ્રસંગ આવ્યો તેવામાં એ છબી નિમિત્તે એકવાર વલસાડ જવું થયલું એવું મ્હને સ્મરણ છે. એ ઉપરાંત કવિ દયારામના ચરિત્ર પરત્વે મ્હારે બીજો કંઇજ સંબંધ નથી. બૃહત્ કાવ્ય દોહનમાં આપેલી હકીગતમાં મ્હારે નામે જે જે બીજી ખબર જણાવવામાં આવી હોય તે તે સર્વ માત્ર કપોળ કલ્પિત છે." હવે હું

એમ નથી કહેવા માગતો કે રા. ઇચ્છારામ તદ્દન અસત્ય વાતો લખી જનમંડળને છેતરતા હોય. પરંતુ એ શંકિત હકીગતોને માટે મ્હારી ખાત્રી કરવા સારૂ રા. ઇચ્છારામને તેમજ કવિ સવિતાનારાયણને તા. ૨૪-૮-૯૯ ના પત્રો મ્હેં લખ્યા છે જેની આજ સુધીમાં પહોંચ સ્વીકારવામાં આવી નથી, તેમ જેનો જવાબ પણ મળ્યો નથી, તેથી એ બાબતો કેવળ શંકાસ્પદજ ગણાય, કારણ કે નર્મગદ્યમાં તેમજ પ્રાચીન કાવ્યમાળામાં આપેલા કવિચરિત્રમાં એ હકીગત સંબંધી કિંચિત્ માત્ર પણ ઇસારો નથી.

આ પુસ્તકમાં દયારામની છબી આપવાનો મ્હારો વિચાર હતો. કવિ નર્મદાશંકરે મહા પ્રયાસ કરી મેળવેલી દયારામની છબી (કવિ વિજયાશંકર ડભોઇથી ઉતારી લાવ્યા હતા તેજ) હજુ તેમને ત્યાં છે એમ મ્હને ખાત્રી પૂર્વક ખબર મળતાં કવિના પુત્ર રા. જયશંકરને તેને માટે મ્હેં એક કાગળ લખ્યો: પણ જવાબ એવો મળ્યો કે હાલમાં તેને માટે બની શકે એમ નથી. આથી ઘણો દીલગીર છું કે એ સંબંધમાં મ્હારી ઇચ્છા હું પૂર્ણ કરી શકયો નથી.

આ પ્રસ્તાવના સમાપ્ત કરતાં, મ્હારા સ્નેહી રા. નંદનાથ કેદારનાથ દીક્ષિત, બી. એ.—જેમણે હસ્ત લિખિત પત્રો બે વાર ધ્યાન પૂર્વક વાંચી જવાની તસ્દી લીધી છે અને કેટલીક જગ્યાએ અગત્યની સૂચનાઓ આપી છે — તેમનો આભાર માનવો ઉચિત ધારૂં છું.

હરિપુરા, કલિયુગસ્ટ્રીટ
સુરત, તા. ૬-૧૦-૯૯

ત્રિભુવન જમનાદાસ.

અનુક્રમણિકા.

આ પુસ્તક તૈયાર કરવામાં નીચે આપેલા ગ્રંથોની સહાય લીધી છે.

1. The Classical Poets of Gujarat, and their influence on Society and Morals by G. M. Tripathi.
2. Johnson's Lives of Eminent English Poets.
3. Buckle's History of Civilization, Volume I.
4. Byron's Childe Harold's Pilgrimage.
5. Palgrave's Golden Treasury of Songs and Lyrics.

૬. કા. સં.–દયારામકૃત કાવ્ય સંગ્રહ (ત્રીજી આવૃત્તિ).
૭. ન. ક. ૧–નર્મકવિતા, વિભાગ પહેલો (ત્રીજી આવૃત્તિ).
૮. ન. ગ.–નર્મગદ્ય (સને ૧૮૬૫ની આવૃત્તિ).
૯. ન. ગ્રં. ૨–નવલગ્રંથાવલિ, ભાગ ૨ જો.
૧૦. પ્રા. કા. ૨–પ્રાચીનકાવ્યમાળા, ગ્રંથ ૨ જો.
૧૧. પ્રા. કા. ૧૧–પ્રાચીનકાવ્યમાળા, ગ્રંથ ૧૧ મો.
૧૨. પ્રા. કા. ૧૩–પ્રાચીનકાવ્યમાળા, ગ્રંથ ૧૩ મો.
૧૩. બા. ગ.–બાળગરબાવળી (રા. નવલરામકૃત).
૧૪. બૃ. કા. દો. ૧–બૃહત્ કાવ્ય દોહન, ગ્રંથ ૧ લો.
૧૫. બૃ. કા. દો. ૪–બૃહત્ કાવ્ય દોહન, ગ્રંથ ૪ થો.
૧૬. બૃ. કા. દો. ૫–બૃહત્ કાવ્ય દોહન, ગ્રંથ ૫ મો.
૧૭. સ. સ.–સૃષ્ટિસત્ત્વ (કવિ વિજયાશંકરકૃત).

દયારામનાં જીવનમાં જાણવા યોગ્ય વર્ષો.

સંવત ૧૮૨૩—દયારામનો જન્મ.
૧૮૩૦—વિવાહ થયો.
૧૮૩૧—ઉપવિત ધારણ કરાવ્યું.
૧૮૩૬-૭-એના પિતા પરભુરામનું મૃત્યુ.
૧૮૩૮-૯-એની માતા રતનબાઈનું મૃત્યુ.
૧૮૪૭—વૈષ્ણવ થયો.
૧૮૪૭-૫૪-યાત્રા કરી પાછો આવ્યો.
૧૮૫૮—મન મરજાદ લીધી.
૧૮૬૧—પાકી મરજાદ લીધી.
૧૮૬૨—'પત્ર લીલા' ગ્રંથ.
૧૮૬૩—૧૯૦૮-ડભોઈમાં સ્થાયી મુકામ કર્યો.
૧૮૭૦—રતનબાઇ સોનારણ સાથે સમાગમ થયો.
૧૮૭૨—'સતસૈયા' ગ્રંથ (ગુરૂવાર, શ્રાવણ સુદ ૮).
૧૮૭૪—'વસ્તુવૃંદદીપિકા' ગ્રંથ (સોમવાર, શ્રાવણ વદ ૮).
૧૮૭૯—'ભાગવતાનુક્રમણિકા' ગ્રંથ (ફાગણ વદ ૨).
૧૮૮૦—'સારાવલિ' ગ્રંથ (રવિવાર, શ્રાવણ સુદ ૧૨).
૧૮૮૪—'રસિકવલ્લભ' ગ્રંથ (ગુરૂવાર, શ્રાવણ સુદ ૧૧).
૧૮૮૭-૮-શ્રી નાથજીની છેલ્લી ઝાંખી કરી.
૧૮૯૦—'ભગવદ્ગીતા માહાત્મ્ય' ગ્રંથ (શુક્રવાર, શ્રાવણ વદ ૮).
૧૮૯૬-૧૯૦૮-બીમારી.
૧૯૦૦-૧૯૦૮-આંખનું કાચું થયું.
૧૯૦૬-૧૯૦૮-અંધાપો ભોગવ્યો.
૧૯૦૮—દયારામનું મૃત્યુ.

" So far as poetical powers are concerned, he (Dayârâm) is undoubtedly the greatest genius since the days of Premânand. His poems on Krishna and the maids of Gokul are a stream of burning lava of realistic passion and love, and if lewdness of writings do not take away from the merits of a poet, he is a very great poet indeed. He has a weird and fascinating way of bodying forth a host of overfondled spirits of uncontrollable will in a language which is not only at once popular and poetical, but drags society after him to adopt, as popular, the language he creates for them anew. He introduces the men and women of his country to a luxuriance of metres, whose wild music makes them bear with the flame of his sentiments, and there is a subtle *naiveté* in every thing that comes out from him. He too, no doubt, philosophises and rises to the beautiful and sublime of the Bhakti Mârga with equal power, but he is also an open advocate of Vallabh at times, and even the greatest master of advocacy needs must fail in a hopeless cause."—The Classical Poets of Gujarat, P. 61.

આ પુસ્તક સંબંધી મળેલા

અભિપ્રાય.

કવિરત્ન દયારામ એ નામના પુસ્તકનાં આપે મોકલેલાં થોડાં પાનાં વાંચી જોતાં મને માલમ પડે છે કે એ પુસ્તક ઘણું ઉપયોગી અને મનોરંજક નીવડશે. ભાષા ઊંચી પંક્તિની, છટાદાર અને રસભરી છે, તેની સાથે તે સરળ છે એટલે સાધારણ વર્ગના વાંચનારને પણ રસગ્રહણ કરવાને અડચણ પડે તેમ નથી. ***** તેમની (દયારામની) જીંદગીનું સંપૂર્ણ વૃત્તાંત મેળવવું કેટલું કઠિણ પડે છે તે મારા પરમ સ્નેહી કવિવર નર્મદનાં કરેલાં પ્રયત્ન ઉપરથી હું સારી પેઠે જાણું છું અને તેથી આપને એ પુસ્તક લખવામાં તન મન ધન કેટલાં ખરચવાં પડયાં હશે તેનો થોડોક વિચાર હું કરી શકું છું, અને આપના કરેલા પરિશ્રમને માટે હું એટલુંજ કહીશ કે તે ઘણો સ્તુતિપાત્ર છે. ***** એ પુસ્તક લખવામાં આપે ભાષા સારી વાપરી છે એટલુંજ નહીં પણ પોતે રસમય થઇને એવી સંકળના કરી છે કે રસ પ્રવાહમાં વાંચનાર તણાઇ જાય છે અને એક પાનું વાંચ્યું તો તેને બીજું વાંચવાનું મન થયા વિના રહેતુંજ નથી. આવા પુસ્તકનો લાભ ગુજરાતનું જનમંડળ લીધા વિના રહેશે નહીં એવી હું આશા રાખું છું.

સુરત, તા. ૨૬મી આગષ્ટ, ૧૮૯૯

મધુવચરામ બળવચરામ
(સેકન્ડ કલાસ સબ જડ્જ)

આપે મોકલેલાં "કવિરત્ન દયારામ" નાં કેટલાંક પાનાં વાંચી અત્યાનંદ થયો છે. અંગ્રેજીમાં "મેન ઑફ લેટર્સ સીરીઝ" સાક્ષરમાલા તરીકે સુપ્રસિધ્ધ થયલા પુસ્તકોની પેઠે આપણા ગુજરાતના કવિરત્નનું સવાર્ત્તિક જીવન ચરીત ગુજરાતી વાચક વર્ગ સમક્ષ રજુ કરવાનો આપનો આ પ્રયત્ન ઘણો સ્તુત્ય છે, અને તેમાં આપ આટલે બધે દરજ્જે સફળ થયા છો એ જોઇ મને પરમ હર્ષ થાય છે. ગુજરાતી ગ્રેજ્યુએટો પોતાની સ્વભાષાની

અવગણના કરી તેની જોઈએ તેવી ઉપાસના કરતા નથી એવો ને તેમના ઉપર કેટલેક અંશે અકારણ અપવાદ મૂકાય છે તે આપે આપના આ પ્રયત્નથી દૂર કીધો છે. *****

આપનો પ્રયત્ન સઘળી વાતે ઉત્તેજન આપવા યોગ્ય છે, અને મને આશા છે કે આપને સર્વ તરફથી યોગ્ય આશ્રય મળશેજ. ****

સુરત, મુગલીસરા
તા. ૧૫-૯-૯૫

CHUNILAL MANECKLAL GANDHI
(B. A., LL. B.)

શુદ્ધિ પત્ર.

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૪	વ	વધૂ
૬	૧૪	હતુ	હતુ
૩૫	૨૨	તુ	તુ
૪૨	૧	ખબ	ખૂખ
૪૫	૩	જાદા	જૂદા
૪૮	૧૪	મમ	મન
૪૯	૭	જન્મ્થો	જન્મ્યો
૪૯	૮	શુ	શું
૫૦	૨૭	એકાતમાં	એકાંતમાં
૬૧	૧૪	હુતા	હતો
૭૦	૧૦	બજાવવમાં	બજાવવામાં
૭૪	૧૧	યચો	થયો
૯૨	૧૬	ભલો	ભૂલો
૯૩	૧૯	મધુરના	મધુરતા
૯૭	૨૨	છટક	છૂટક
૧૧૪	૩	જાણાતો	જણાતો

પ્રથમ ખંડ.

જન્મ અને યુવાકાળ.

જે સમયમાં ઇંગ્લંડમાં વર્ડ્ઝવર્થ અને બાયરન પોતાની પ્રસાદી જનમંડળમાં છૂટથી વ્હેંચી સર્વેના હૃદયને કાવ્ય રસના સાગરમાં ડુબકી મરાવતા હતા, તે સમયમાં ગુજરાતમાં એક છટેલ રંગીલો કવિ સૃષ્ટિસૌંદર્યને માટે પ્રખ્યાત અને પવિત્ર ધામને માટે જાણીતી ચાણોદની ભૂમિપર નિવાસ કરી પોતાના રસિક કાવ્યોથી "ચાણોદની નાજુક અને ડભોઈની ઠસ્સાદાર સ્ત્રીઓનાં હૃદય વિંધતો હતો."

સંવત ૧૫૦૦થી તે સંવત ૧૯૦૦ સુધીમાં, અથવા એ ૪૦૦ વર્ષના દરમ્યાનમાં જે જે કવિઓ થઇ ગયા તેમાં છેલ્લો, પણ તેમાંના ઉત્તમ કવિઓમાં પણ ઉંચી પંક્તિ ધરાવનાર, અને પોતાની શૃંગાર કવિતાથી અક્ષયખ્યાતિ પામનાર કવિ દયારામ છે.

આ કવિ આજથી આશરે પચાશ વર્ષ ઉપર, એટલે સંવત ૧૯૦૮ (ઈ. સ. ૧૮૫૨) સુધી હયાત હતો, તોપણ એક દીર્ઘાયુષ ભોગવનાર, આખા હિંદુસ્તાનમાં અનેકવાર પગે ચાલી મુસાફરી કરનાર, રંગીલા મહા કવિનું જીવન ચરિત્ર જે જે વિચિત્ર બનાવોથી ભરપૂર હોવું જોઇએ, તે તે બનાવોમાંના ઘણાજ થોડા આજ સુધીમાં જાણ્યામાં આવ્યા છે. એનું સપ્રમાણ અને વિસ્તારવાળું ચરિત્ર તૈયાર કરવાને જોઈતી ખબર મેળવવા ડભોઇ ચાણોદમાં જાતે પ્રવાસ કરી કવિ નર્મદાશંકરે, પ્રાચીન કાવ્યમાળાના સંશોધન કર્તા રા. સા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ, અને 'ગુજરાતી'ના અધિપતિ અને બૃહત્ કાવ્યદોહનના ગ્રંથોના પ્રગટ કર્તા રા. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ ઘણો પ્રયાસ કર્યો છે. એમ છતાં પણ જોઇએ તેવું ચરિત્ર મળવું દુર્લભ થઈ પડ્યું છે.

ગુર્જર ગિરાના આ એક કવિ રત્નના ચરિત્ર નિરૂપણની શરૂઆતમાં એનું નામજ આપણું ચિત્ત પ્રથમ આકર્ષે છે. એના પ્રાપ્ય ગ્રંથોનું અવલોકન કરતાં એનું જન્મ નામ દયાશંકર હોવું જોઇએ એવું નીચેના પ્રમાણોથી સિદ્ધ થાય છેઃ—

છે દયાશંકર નામ... ... —કા. સં., પા. ૫૯.

પ્રભુરામ સુત કવિ દયાશંકર નામ...—પ્રા. કા. ૨, પા. ૧૫૦.

દયાશંકર છે નામ જગ વિખ્યાતે જો—પ્રા. કા. ૧૩, પા. ૧૧૯.

ભટ દયાશંકર નામ—કા. સં., પા. ૭૩.

દયાશંકર વરણવેરે... ... —પ્રા. કા. ૧૩, પા. ૧૨૩. ‡

પણ સાક્ષર વર્ગમાં તેમજ જન સમૂહમાં કવિ તરીકે તો એ દયારામને નામેજ પ્રસિદ્ધ છે. આ નામ કવિએ ઘણું ખરૂં અવર ભાષામાં અને કેટલીક જગ્યાએ ગુજરાતીમાં પણ વાપર્યું છે. જેમ—

......કહે જન દયારામ —કા. સં., પા. ૧૭૦.

......કવિ દયારામ હરિદાસ—કા. સં., પા ૫૧૧.

દયારામ હરિજન......—પ્રા. કા. ૨, પા. ૧૦.

કથે અસ, દયારામ, હર્ષ રાં વાધે, પ્યારી રાધે...—
કા. સં., પા. ૨૩૦

......દયારામ હરિદાસ—કા. સં, પા. ૫૯૬.

......ભણે જન દયારામ—કા. સં., પા. ૬૬૦.+

---

‡ વધુ પ્રમાણ માટે જૂઓ—
કા. સં., પા ૮૧, ૯૫, ૧૦૭, ૧૫૧, ૧૬૫.
પ્ર. કા. ૨, પા. ૮ (રૂકિમણી સીમંત).
પ્રા. કા. ૧૩, પા. ૪૮, ૧૪૫, ૨૫૬.

+ વ. ઉદાહરણ માટે જૂઓ—
કા. સં., પા. ૨૦, ૩૪, ૪૫, ૪૮, ૫૬, ૮૧, ૮૩, ૧૩૪, ૧૩૬, ૧૫૫, ૧૭૫, ૧૮૭, ૧૮૯, ૨૮૩, ૨૯૩,

એ શિવાય પોતાનાં પદ, લાવણી, ગરબી વિગેરેમાં 'દયો' અથવા 'દયા' શબ્દોજ ઘણાખરા વાપર્યા જોવામાં આવે છે. આ ઉપરથી જન્મ નામ દયાશંકરને બદલે વ્યવહારમાં દયારામ નામ કેમ રહ્યું એ સવાલ સહજ ઉઠે છે. એ સંબંધમાં કવિના ધર્મ સંબંધી વિચાર કરવાની જરૂર છે. વિશેષ ન કેહેતાં આ પ્રસંગે એટલુંજ કહીએ કે કવિ સ્વધર્મથી અને પોતાના ગ્રંથોમાં કવેલા ધર્મથી વલ્લભી સંપ્રદાયનો વૈષ્ણવ હતો.* એથી શિવમાર્ગીઓનું ઉત્તરપદ 'શંકર'

૬૦૨, ૬૧૬, ૬૨૮, ૬૨૯, ૬૫૭, ૬૫૮, ૬૬૧.

પ્રા. કા. ૨, પા. ૨૬ (પુષ્ટિપંથ).

બૃ. કા. દો. ૪, પા. ૭૮૨, ૭૯૧.

પ્રા. કા. ૧૧, પા. ૩૦૬.

પ્રા. કા. ૧૩, પા. ૨૬૩, ૨૬૪, ૨૭૪, ૨૭૮.

* એમાં નીચેના પ્રમાણો છેઃ—

.........શ્રીકૃષ્ણ કેરો દાસ—પ્રા. કા. ૨, પા. ૧૫૦.

જન દયારામ જ્યું નામ વૈષ્ણો બલ્લભી રચના રચી—
પ્રા. કા. ૧૧, પા. ૩૦૬.

નર્મ ધર્મ રસાળ જાણી ધાર્યોજો,
વલ્લભ કુળ મણિ મહાકેત પાર ઉતાર્યો જો;
શ્રોતા વકતા સહુ જન હરિ ગુણ ગાજોજો,
જો તરવું ભવ જળ પાર વૈષ્ણવ થાજોજો.—પ્રા. કા. ૧૩,
પા. ૧૧૯.

.........વલ્લભકુળ અનુયાયી—પ્રા. કા. ૧૩, પા. ૧૪૫.

...શ્રી રાધાકૃષ્ણનો દાસ—પ્રા કા. ૧૩, પા. ૨૫૫.

દયારામ બ્રાહ્મણ હરિદાસ—બૃ. કા. દો. ૪, પા. ૭૯૧.

............શ્રીકૃષ્ણ કેરો દાસ,
વૈષ્ણવની દીક્ષા વલ્લભી, જગત વિદિત વેદ પ્રકાશ—કા. સં.,
પા. ૫૯.

નામ વલ્લભી વૈષ્ણવ દાસ..............—કા. સં., પા. ૭૩.

દૂર કરી વિષ્ણુ માર્ગીઓનું ઉત્તરપદ 'રામ' મૂક્યું હશે. એમ પણ સંભવે છે કે કવિ હાલની પેઠે પોતાના સમયમાં પણ દયારામને નામેજ ઓળખાતો હશે; અને તેથી પોતાનું બ્રહ્મ જન્મ પ્રાપ્ત દયાશંકર નામ તદન ભૂલી ન જવાય એટલા સારૂ પોતાના ગ્રંથોમાં તે પણ રાખ્યું હશે.

દયારામનો જન્મ કયા વર્ષમાં થયો એ હજી સુધી નિશ્ચય કરવાના પૂરતાં સાધનો મળી શકયાં નથી. માત્ર લોક વાર્તાનુંજ ઘણું ખરૂં પ્રમાણ છે. કવિ નર્મદાશંકરે, પોતે દયારામની બાની ઉપર આશક્ત હોવાથી, તેને વિષે હકીગત મેળવવામાં ઘણો પ્રયાસ કર્યો હતો. એને ઘણીખરી હકીગત દયારામના છેલ્લા થયલા પણ માનીતા શિષ્ય જોષી રણછોડ તરફથી મળી હતી. એની ખબર પ્રમાણે દયારામનો જન્મ સંવત ૧૮૩૩ (ઇ. સ. ૧૭૭૭)માં થયો હતો. રા. સા. હરગોવિંદદાસ, જેણે ડભોઇ જાતે જઈ કવિ વિષે તજવીજ કરી છે, અને ઘણી હકીગત દયારામનાજ એક તે સમયે (ઇ. સ. ૧૮૭૭) વૃદ્ધ, મરણ શય્યામાં પડેલા શિષ્ય * તરફથી મેળવી છે, તેના કહેવા પ્રમાણે દયારામ સંવત ૧૮૨૩માં જન્મ્યો હતો. § ડાહ્યાભાઇ સાઠોદરો, જે દયારામનો શિષ્ય હતો અને જેણે

.........શ્રીવલ્લભપદ કમળ આસક્ત—કા. સં., પા. ૯૫.
કહે દયો દાસ શ્રી વલ્લભ દેવનો રે......—કા. સં, પા. ૧૪૭.
વલ્લભી વૈષ્ણવ જન દયાશંકર......—કા. સં, પા. ૧૫૧.

* એ શિષ્યનું નામ શું હતું તે બતાવ્યું નથી, એથી જાણવામાં આવ્યું નથી.

§ રા. સા. હરગોવિંદદાસની હકીગત પ્રમાણે માતાપિતાના મરણ પછી દયારામ દશ વર્ષ ભરૂચમાં પોતાના મામાની જગ્યાએ નોકરી કરી આવ્યો હતો, અને કવિ નર્મદાશંકરની ખબર પ્રમાણે એણે એવી રીતની કોઇ પણ નોકરી કરીજ નથી.

દયારામની જીંદગીના કેટલાક બનાવોની નોંધ એક પુસ્તકમાં લખી રાખી છે તેને આધારે રા. ઇચ્છારામ પણ ૧૮૨૩નું વર્ષ માન્ય રાખે છે.

એનું જન્મસ્થળ વડોદરેથી આશરે વીસ માઇલ દૂર ડભોઈ કસ્બો છે, ત્યાંથી આશરે દસ માઇલ દૂર સૃષ્ટિની ગહન ઘટાથી છવાઈ રહેલું પવિત્ર નર્મદા તીરે આવેલું પ્રખ્યાત તીર્થ ચાણોદ હતું. એ સ્થળ એના ગ્રંથોમાં 'ચંડીપુર' અથવા 'ચંડીપુરી' અથવા 'ચંદીપુર' અથવા 'ચંદીગ્રામ'ને નામે અને શ્રી શેષશાઇના નિવાસ માટે પ્રસિદ્ધ છે એ નીચેની તુકો ઉપરથી સ્પષ્ટ છે.

શ્રી નર્મદા તટ ચંડીપુરી શ્રી શેષશાઇ નિવાસ,
ત્યાંનો નિવાસી કવિજન.....—પ્રા. કા. ૨, પા. ૧૫૦.
અતિ શુભ ગુર્જર દેશ મધ્યિદછન પ્રયાગ રૂચિર,
મહા સરિત શ્રી નર્મદા અતિ શુચી ઉત્તર તીર;
નિકટ નિપટ વ્હાં ચંડીપુરી બિમનકો શુચીથાન,
જિંહી રાજત હે સદા શ્રી શેષશાઈ ભગવાન;
સો પુરી મધ્ય નિવાસ કવિ.....—કા. સં., પા. ૫૧૦-૧૧.
ગુર્જર દેશે ચંડીપુર ગ્રામ છે, શ્રી નર્મદા તટ શેષશાયી;
ત્યાં કવિ વિશ્રામ કરી રહ્યા.....—પ્રા. કા. ૧૩, પા. ૧૪૫.*

આથી એ દશ વર્ષનું ગાળીઉં સમાવવાને એક જન્મ વર્ષ ૧૮૨૩ આપે છે, અને બીજો ૧૮૩૩ લખે છે એમ લાગે છે. રા. ઇચ્છારામનું પ્રમાણ ચોકસ હોય એમ માનવું સકારણ છે.

* વળી જૂઓ—કા. સં., પા. ૫૮, ૭૩, ૮૧, ૫૪, ૧૦૭, ૫૫૬.
પ્રા. કા. ૨, પા. ૮ (રૂક્મિણી સીમંત).
પ્રા. કા. ૧૩, પા. ૪૮, ૧૧૮, ૧૧૯, ૨૫૫.
પ્રા. કા. ૧૧, પા. ૩૦૬.

દયારામે પોતાનો યુવાકાળ આ સ્થળમાં ગાળ્યો હતો. પાછળથી લગભગ પાંત્રીશ ચાળીશ વર્ષ ડભોઇમાં રહ્યો હતો. એ વિષે પણ કોઈ કોઈ સ્થળે પોતાના ગ્રંથોમાં કવિએ ઇશારો કર્યો છે. જેમ—

દયાશંકર દર્ભાવતી સેવે મૂળ ચાણોદ નિવાસ—પ્રા. કા. ૧૩, પા. ૪૮.
ગુણીયલ ગુર્જર શુભ દેશ ત્યાંનો વતનીજે,
દર્ભાવતીમાં કરી સેવ વલ્લભ મતનીજે—પ્રા. કા. ૧૩, પા. ૧૧૮.
દર્ભાવતી કો દિવસ વસી રચના રચી છે એવ—કા. સં., પા. ૫૯.

ડભોઇ (દર્ભાવતી)માં જઇ રહેવાનું કારણ કંઈ ઉદર પોષણ અથવા એવું વ્યવહારિક હોય એમ જણાતું નથી. માત્ર વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યા પછી ત્યાંજ મુકામ હતો.

દયારામ ન્યાતે સાઠોદરો નાગર, ગૃહસ્થ, ઋગ્વેદી, સાંખ્યાયની શાખાનો હતો. એના પિતાનું નામ 'પ્રભાશંકર' અથવા 'પ્રભુરામ' અથવા 'પરભુરામ' હતું, અને તે પંડયાની અટકે ઓળખાતા હતા. એની માતાનું નામ રતનબાઈ હતુ. એના ગ્રંથોમાંથી પણ આવીજ ખબર મળી આવે છે. જેમ—

શ્રીવંતભટ સાઠોદરા દ્વિજ ન્યાતી નાગર શ્રેષ્ઠ
તે વંશ પ્રભુરામાત્મજે આ ગાઇ ગાથા મિષ્ટ—કા. સં, પા. ૫૯.
પ્રભાશંકરનો સુત સાઠોદરી ન્યાતે જે—પ્રા. કા. ૧૩, પા. ૧૧૯.
શ્રીમંતભટ સાઠોદરા દ્વિજ છે જ્ઞાતિ નાગર વંશ
પ્રભુરામ પુત્ર કવિ દયાશંકર......—પ્રા. કા. ૧૩, પા. ૨૫૫–૬. †

---

† વળી જૂઓ—કા. સં., પા. ૭૩, ૮૧, ૯૫, ૧૦૭, ૫૧૧, ૫૯૬.
પ્રા. કા. ૨, પા. ૧૫૦ (રસિકવલ્લભ), પા. ૮ (રૂક્મિણી સીમંત).
પ્રા. કા. ૧૩, પા. ૧૪૫.
પ્રા. કા. ૧૧, પા. ૩૦૬.

પરભુરામને ત્રણ છોકરાં હતાં. સૌથી મ્હોટી ડાહીબાઈ નામે પુત્રી હતી, દયાશંકર વચલો પુત્ર હતો, અને સૌથી ન્હાનો મણીશંકર નામનો પુત્ર હતો. પુત્રી નવ વરસની થતાં સૈયડની પીડાથી મરણ પામી હતી. મણીશંકર ઘણો ન્હાનો લગભગ બે વર્ષનો થતાંજ આ દુનિયાને ત્યાગી ગયો હતો. + પરભુરામ પંડયા કારકુનની નોકરી કરતા હતા. એણે દયારામને ન્હાનપણમાં કંઈ પણ વિદ્યાભ્યાસ કરાવ્યો હોય એમ જણાતું નથી. એથી ઉલટું સમયાનુસાર દીકરાને જોતરૂં ભેરવવાની બાપે તજવીજ કરી હતી—એટલે આશરે સાત વર્ષની ઉમરે તેનો વિવાહ કર્યો હતો. આઠમે વર્ષે બાપે દીકરાને યથાવિધિ ઉપવિત ધારણ કરાવ્યું. આ સમયમાં દયારામને સૈયડ આવ્યા હતા એમ કોઇનું કહેવું છે. ત્યાર પછી પાંચ છ

+ ઇ. સ. ૧૮૮૪માં રા. ઇચ્છારામ ચાણોદ ગયા હતા ત્યારે તેમને જોઇતીબાઇ નામની એક સાઠોદરી નાગરણ મળી હતી, જે તેના કહેવા પ્રમાણે દયાશંકરની માની ફોઇની દીકરીની દીકરી થતી હતી. એ જોઇતીબાઇ તરફથી રા. ઇચ્છારામને મળેલી ખબર પ્રમાણે "બાળપણે કવિએ ગામઠી શાળામાં અભ્યાસ કીધો હતો. એના ગુરૂનું નામ બાપુરામ હતું. તેમણે કવિની સારી ગળી જોઇને ભવિષ્યજ જાણે કહ્યું હોય તેમ એ ગવૈયો થશે એમ જણાવ્યું હતું. સાધારણ રાગડા તાણવા, અને મંદિરોમાં ગવાતાં પદો ગાવાનો કવિને પેહેલેથીજ શોખ હતો. ભણવાપર કવિનો બહુ ભાવ જણાતો નહતો. તોપણ સાધારણ રીતે હિસાબ, વાંચન વિગેરેનું જ્ઞાન કવિને ઠીક પ્રાપ્ત થયું હતું. પરભુરામ પંડયાનો વિચાર સંસ્કૃત શિખવવા માટે વડોદરે મોકલવાનો હતો. એ માટેની સર્વે તૈયારીઓ કરવામાં આવી હતી, પણ તેટલામાં પરભુરામનું આરોગ્ય બગડયું, ને કવિની બાર વર્ષની વયે તેના પિતા અને સા'ડાતેર વર્ષની વયે તેની માતુશ્રી મરણ પામ્યા. બીજું કોઇ સગું વ્હાલું નહીં હોવાથી ચાણોદમાં એ પોતાની માના કાકાની દીકરીને ત્યાં રહયો હતો. તેનું નામ ધનગવરી હતું. એજ કવિની માસી, કવિને સગી માસી નહોતી."—બૃ. કા. દો. ૫, પા. ૪.

વર્ષ જીવીને પરભુરામ દેવલોક પામ્યા, અને રતનબાઈ પણ એક બે વર્ષ વૈધવ્ય દુઃખ ભોગવી દયારામને પંદરસોળ વર્ષનો મૂકી પરલોક પામી.

આ પ્રમાણે મા બાપના મરણથી કાચી વયમાં નિરાધાર અવસ્થાને પહોંચેલો દયારામ ચાણોદમાંજ પોતાની માસીને ત્યાં જઇ રહયો. એમ પણ કહેવાય છે કે આ સમયે દયારામ ડભોઈ આવી પોતાના મોસાળમાં રહયો હતો. અને તેનો મામો રઘુનાથરામ ભરૂચના ફુરજામાં આઠ દશ રૂપિઆની કારકુની કરતો હતો તેનું કામ કરવા સારૂ તેને પંદર સોળ વર્ષની ઉમરે ભરૂચ મોકલવામાં આવ્યો હતો, જ્યાં તેણે મામાની જગ્યાએ દશ વર્ષ સુધી નોકરી કરી હતી. પણ રા. ઇચ્છારામ લખે છે કે "એ વાત માન્ય નહીં રાખવાના કારણોમાં મુખ્ય વાત તો એ છે કે કવિ સ્વભાવે ઉગ્ર અને તોરી‡ હતો; અને કવિ નર્મદાશંકરે, દયારામની હકીકત મેળવવાને, પોતાના શિષ્ય* વિજયાશંકર કેશવરામને ડભોઇ મોકલ્યો હતો, ને જેને પાંચ દશ વાર કવિની પ્યારી સોનારણ સાથે મળવાનું થયું હતું, તે જણાવે છે કે 'રતનબાઇના કહેવા પ્રમાણે દયારામભાઈ જીંદગી પર્યંત પરતંત્ર થયા નથી. એમની વૃત્તિ કેવળજ સ્વતંત્ર, ઉચ્છૃંખળ, ઉદ્ધતાઇ ભરી ને નિરંકુશિત હતી.' આવી વૃત્તિનો કવિ દશ વર્ષ ફુરજામાં નોકરી કરે તે નહીં માનવાજોગ છે. કવિ સવિતાનારાયણ જેઓ કવિ નર્મદાશંકરની સાથે દયારામકાવ્ય સંગ્રહ કરવામાં સહાય હતા, તેઓએ કવિની કેટલીક હકીગત નોંધી લીધી હતી, તેમાં પણ કવિએ દાસપણું કીધું હતું તેવું કાંઇ જણાતું નથી. તેમજ ભરૂચના ફુરજામાં કવિ નોકરીએ હતો તેવો કશો લેખ ત્યાંથી પણ શોધ કરવા છતાં મળી શકતો નથી."† ગમે તેમ હોય પણ આટલું તો નક્કી કે

‡ જૂઓ આગળ 'ચતુર્થ ખંડ.' * 'વિજયવાણી' અને 'સ્પષ્ટિસ-ત્વ'ના કર્તા.

† બૃ. કા. દો. ૫, પા. ૫.

એ સમયમાં દયારામભાઈ રખડપટ્ટીએ ચ્હડયા, અને ડભોઈ, ચાણોદ અને ભરૂચ વચ્ચે એનું ઘણીવાર આવવું જવું થયલું.

"ડભોઈ ચાણોદનો પ્રદેશ ઘણો રમણીય છે. ચાણોદ એક સ્હેલાણી તીર્થ છે. ભરૂચ એ રંગીલું શેહેર છે. જેનું બ્રચપણ અને યુવાવસ્થા આવા વિચિત્ર સ્થળે જાય તે શોખીન ને રસિકજન નીવડે, અને કદાચ લંપટપણું પણ પામે. કેમકે જાતે સાઠોદરાભાઈ એટલે ફક્કડ તો ખરાજ, તેમાં જાતે રૂપવાન, જન્મના કવિ, ઉદ્ધત અવસ્થાએ નિરંકુશ, સત્સમાગમ મળે નહીં, અને છટેલ સ્ત્રીઓનું આકર્ષણ થાય." * દયારામને થયું પણ આવુંજ. મામા માસીને ત્યાં રહેતો હતો તે દરમ્યાનમાં એ કુસંગથી ફક્કડ અને ઉડાઉ હોઈને કુછંદમાં સારીપેઠે રમતો હતો. એક પ્રસંગે કાંઈ કારણસર માસી સાથે બોલવું થયું, ને તેમાં માસીએ કંઇ કડવું વચન કહ્યું તે તેનાથી સાંખી રેહેવાયું નહીં, અને તેથી તે ક્રોધના આવેશમાં ને આવેશમાં ઘર–ગામ છોડી કાશી તરફ ચાલ્યો ગયો. એ વેળાએ એની ઉમર સોળ સત્તર વર્ષની હશે. કોઇ એમ પણ કહે છે કે સ્ત્રીઓના છંદથી તેની અપ્રતિષ્ઠા થઇ હતી તેથી તે નાસી ગયો હતો. કાશીથી આવીને અથવા કાશીથી સેતુબંધ સુધી જઇ આવીને દયારામ પાછો ચાણોદ આવ્યો. અહીં તેની માસી મરણ પામી હતી તેનું તેણે શ્રાદ્ધ કર્યું. કાશી જવાથી જ્ઞાતિ રીવાજ પ્રમાણે તેના પિતાએ કરેલો તેનો વિવાહ ટળ્યો હતો. તોપણ પાછો ઘેર આવ્યો ત્યારે અગરજો નાગરની રીત પ્રમાણે રૂ. ૧૧૦૦–૧૨૦૦નું ભારે પલ્લું ભરવાનું દયારામનું ગજું ન હતું તોપણ ડભોઈના એક ગૃહસ્થે એની હોશીઆરીથી લલચાઇને વગર પલ્લે પોતાની દીકરી એની સાથે પરણાવવાની ઇચ્છા દેખાડી હતી. એમ હતું તોપણ એ ફાંકડા કવિએ પરણવાની સારૂ ના પાડી અને કહ્યું કે—મેં તો

૨

* પ્રા. કા. ૨, કવિ ચરિત્ર—પા. ૩.

કૃષ્ણ સાથે કીદહાડાનું લગ્ન કરી મૂકયું છે. આ પ્રમાણે આ રસીક નર જન્મ પર્યંત કુંવારોજ રહ્યો. §

દયારામનો કવિ તરીકે ઉદય કયારે અને કેવી રીતે થયો એ વિષે અનેક દંતકથાઓ ચાલે છે, પણ ચોકસ ખબર કયાંએ મળી શકતી નથી.

દયારામે જોયો રણછોડને, અથવા જોયો રણછોડે (દયારામને નામે) કવિ નર્મદાશંકરને મ્હોડે નીચે પ્રમાણે કથા કહી હતી:— ‡

કાશી જ્યારે વીશેક ગાઉ દૂર રહી ત્યારે ગંગામાં ન્હાવાની ઉત્કંઠા ઘણી થઈ, ને પછી દોડીદોડીને ત્યાં પહોંચ્યો તો ઘાટના દરવાજા બંધ દીઠા: દરવાને પૂછયું કે અહીં કેમ પડયો છે, ત્યારે

---

§ રા. સા. હરગોવિંદદાસને એવી હકીગત મળી છે કે દયારામનો વિવાહ મ્હોટી ઉમરે—પંદર વીસ વર્ષની—તેના મામાએ કર્યો હતો, પણ એણે પરણવાની સાફ ના પાડી અને જન્મ પર્યંત કુંવારો રહયો.

દયારામ કુંવારો કેમ મરણ પામ્યો તેનું કારણ જોઇતીબાઇને પૂછતાં રા. ઇચ્છારામને આ પ્રમાણે મળ્યું છે:— "દયારામને આઠમે વર્ષે ઉપવિત ધારણ કરવામાં આવ્યું હતું; ને તેજ વર્ષમાં તેનો વિવાહ પણ થયો હતો. ભોગ ચોગડીએ તે કન્યાનું બે વર્ષમાં મરણ થયું ને કવિ ઉધ્ધત હોવાથી પછી કોઇ ન્યાતિલાએ કન્યા આપવાનો વિચાર કીધો નહીં. પરભુરામ પંડયાની સ્થિતિ એવી નહોતી કે તેઓ વધારે પૈસા ખરચીને બહારગામથી કન્યા લાવે. વડોદરે ભણવા મોકલવાનો વિચાર થયા પછી છસેં રૂપિઆ ખાવાના આપવાના ઠરાવીને પાછો વિવાહ કીધો હતો; પણ તે રૂપિઆ આપવામાં આવે તે પૂર્વે તો પરભુરામ પંડયા મરણ પામ્યા. પાછળથી રૂપિઆ નહીં ભરાવાથી તે કરેલો વિવાહ ઓછંડી નંખાયો હતો. એ વખત પછી કવિએ કદી પણ પરણવાનું મન કીધું નહોતું."—બૃ. કા. દો. ૫, પા. ૫.

‡ ન. ગ., પા. ૪૭૩.

કહ્યું કે મ્હારે સ્નાન કરવું છે. થોડીવારમાં કોઇ પુરૂષને બોલતાં સાંભળ્યો કે "ઉઠ, દરવાજા ખુલ્લા છે." તેવોજ હું ઉઠયો, ને મેં ગંગામાં સ્નાન કર્યું. ને બીજે દીવસે કાશીવિશ્વેશ્વરમાં જઇ લાવણી ગાઈ.

જોષી રણછોડના કહેવા પ્રમાણે 'એજ એનું પેહેલું કાવ્ય' કાશીવિશ્વેશ્વરના અનુગ્રહથી થયું ને કાશીવિશ્વેશ્વરેજ એને કાવ્યશક્તિ આપી—મૂર્ખનો ચતુર અને ખળનો સાધુ બનાવી દીધો.

બીજી + કથા જોષી રણછોડના કહ્યા પ્રમાણે એવી છે કે ડાકોરના ઈચ્છારામજી મહારાજ, જે એક અવતારી પુરૂષ થઇ ગયા કહેવાય છે, ને જે મંદિર માંડી બેઠા હતા, તેને કંઇ ખબર પડી કે દયારામ સારૂં કાવ્ય કરે છે તે ઉપરથી તેને તેડી ગવડાવ્યું તો ઇચ્છારામ ભટે પ્રસન્ન થઇ માથે હાથ મૂકયો, ને એ પ્રસંગ પછી ૪૯ સેક વર્ષે કવિની વિખ્યાતી ગુજરાતમાં પ્રસરવા માંડી.

ત્રીજી *કથા કંઇ ફેર સાથે બીજીને મળતી છે. ભરૂચના ફુરજા ઉપર નોકર હતો ત્યારે દયારામ ઘણીવાર ડાકોર જતો. ત્યાં પેટલાદવાળા પ્રખ્યાત ઇચ્છારામ ભટજીનો તેને સમાગમ થયો, તેમની દયારામ ઉપર કૃપા થઈ. ભટજીએ એને એક પ્રસંગે જાત્રા જવાનું કહ્યું, અને તે વચન માથે ચ્હડાવી ફુરજાની નોકરી છોડી દઇ કાશી ગયો. અહીં તેણે ભાષા (વ્રજ)નો સારો અભ્યાસ કર્યો. કાશીથી જગન્નાથ, રામેશ્વર વિગેરે મહાતીર્થોની યાત્રા † કરી સાત વર્ષે પાછો આવ્યો. પછી ડાકોર જઈ જ્યારે ઇચ્છારામ ભટજીને પગે લાગ્યો ત્યારે તેના ઉપર બહુજ પ્રસન્ન થયા, અને તેની કાવ્યશક્તિ

+ ન. ગ., પા. ૪૭૬.

* પ્રા. કા. ૨, કવિચરિત્ર—પા. ૪

† જૂઓ આગળ 'દ્વિતીયખંડ.'

જોઈ તેને કાવ્ય કરવાની આજ્ઞા કરી એટલુંજ નહીં પણ 'તું કવિ તરીકે ખ્યાતિ પામીશ' એવું વરદાન આપ્યું. ભટજી દયારામની કવિતાથી એટલા તો ખુશ હતા કે તે સાક્ષાત્ નરસિંહ મેહેતાનો અવતાર છે એમ વારંવાર કહેતા.

વૃદ્ધ કમળાબાઈ, જેને દયારામ સાથે ઘણા વર્ષ સુધી પ્રસંગ પડયો હતો, ને જે બાઇ કવિની વલ્લભા હતી એમ કહેવાય છે, તેણે દયારામમાં કાવ્યશક્તિ કેમ આવી, ને એ કૃષ્ણના ઉપાસક કેમ થયો તે માટે આ પ્રમાણે હકીગત આપી છે:—*

કવિ હમેશાજ તોરી હતો, અને પોતાની સાથે પાંચદશ પોતાના જેવા લફંગાઓને રાખીને (ચાણોદમાં) ઘાટપર પાણી ભરવા જતાં બૈરાંઓને અડપલાં કરીને તેમની ગાગરમાં કાંકરા નાંખતો હતો. જે રતનબાઇ એ કવિનો પ્રિય નાયિકા હતી તેનીજ ન્યાતની ને વળી તેનીજ સગી એક સોનારણનું બ્હેડું એક દિવસે ફોડયું, અને સોનારણ કંઈ નાગરાથી ગાંજી જાય એવી ન હોવાથી કવિનું ધોતીઉં પકડયું, ને બ્હેડાંની કીંમત માંગી. કવિ પાસે તો હોયજ શું કે આપે? એટલે પેહેલાં નરમ ઘેંસ જેવો થઇ ગયો ને કાલાવાલા કરીને પોતાનો પલ્લો છોડવા કહ્યું, પણ સોનારણ એકની બે થઇ નહીં. બીજા નાગરોએ કવિને છ્હુડાવ્યો ને ભાઇ વાને ઘેર ગયા. સોનારણને તમાચો ખેંચી કહાડયો, ને એક જણે તે ખબર જઇને સોનીને કહી. સોની હથોડો લઇને દોડી આવ્યો, પણ તેટલામાં સોનારણના હાથમાંથી ધોતીઉં ફાડી નંખાવી દયો નાઠો, તે ત્રણ દીવસ સુધી કરનાળીમાં ભરાઈ બેઠો. ગામમાં ઘણી હોહા થઈ રહી, ને સૌને એમ ભાસ્યું કે કવિએ આત્મઘાત કીધો હશે, ને તેથી નર્મદામાં ઘણે ઠેકાણે શોધ કરાવી. કરનાળીમાં કેશવાનંદ

---

* બૃ. કા. દો. ૫, પા. ૬–૭.

નામનો સાધુ રહેતો હતો તેને ત્યાં સાધુ થવાને માટે કવિ ભરાઈ ગયો, પણ જાત, કુળ વિગેરે જાણ્યા વિના ને તુરતનો ઉગતો જુવાન હોવાથી તેણે સાધુ કરવાની ના પાડી. કેટલોક વાદવિવાદ આ વેળા કવિએ કીધો હતો, ને શામાટે ધર્મના રસ્તાપરથી જુવાનોને દૂર કરવામાં આવે છે, તે એ સાધુને પુછ્યું હતું. આ હકીકતની એક લાવણી× કવિએ બનાવેલી, તે પાછળથી પોતાના ફક્કડોને શિખવી, ને એક જણે કેશવાનંદ આગળ તે ગાઈ સંભળાવી. સ્વામી તો માત્ર હસ્યા, ને બોલ્યા કે “એ લડકા બડા ચાલાક હૈ, લેકિન ગમ્યાગમકી કુચ ખબર નહીં હૈ. અમ ઉસકું દિખાયગા કે સાધુ બાવા લોગ કૈસા હૈ.” આ હકીગત કવિને જણાવવામાં આવી એટલે તે ગભરાયો. જાતે આસ્થાવાળો હતો તેથી ભય પેઠો કે રખેને શાપ દે. આશરે બે એક મહિના પછી ફાગણ માસમાં કવિ નર્મદામાં ન્હાવા પડયો તે તરતો તરતો કરનાળીએ ગયો. ત્યાં કેશવાનંદ તેને પકડી પોતાની કોટડીએ લઇ ગયો. રાતના સ્વામીએ સમાધિ લઇ તે દ્વારે દયાને કૃષ્ણનાં સાક્ષાત્ દરશન કરાવ્યાં, ને તે દિવસથી કવિ કૃષ્ણના ઉપા-

---

× આ લાવણીમાં સાધુઓનાં ભોપાળાં તરીકે કેટલીક ખરી, તેમ કેટલીક ખોટી નિંદા પણ કીધી છે. આ ગરબીમાં એમ જણાવવામાં આવ્યું છે કે સાધુઓ પરસ્ત્રીગામી હોવાથી જુવાનોને પોતાની પાસે રાખવાને અલસાય છે. જુવાનો ફક્કડ હોવાથી સાધુઓનાં છિદ્ર ખોળે છે, ને પછી તેઓ કાંતો તેના જેવા થાય છે, અથવા તેનાં છિદ્રો બહાર પાડીને ફજેત કરે છે; ને તેથી જુવાનોને પોતાથી દૂર હાંકી કહાડે છે. કમળાબાઇએ રા. ઇચ્છારામને આ લાવણી ગાઇ સંભળાવી હતી. તેમજ રા. સા. હરગોવિંદદાસને જે ડોસા સાથે સમાગમ થયો હતો તેણે પણ તેમને એ ગાઇ સંભળાવી હતી. પણ એ લાવણી કઇ હતી તે કોઇએ દર્શાવ્યું હોય એમ જણાતું નથી. કદાચ પ્રા. કા. ૧૭, પા. ૮૭, પદ ૪૧ના જેવી હશે.

શક થયા; ને કેશવાનંદને પોતાનો ગુરૂ ગણી 'ગુરૂ મોટા, ગુરૂ મોટા'નું પદ* ગાયું. કેશવાનંદે આશીર્વાદ દીધો ને કવિની વાણી વિસ્તારને પામી.

આ સઘળી દંતકથાઓ ઉપરથી સમયોજન અનુમાન એવું થાય છે કે દયારામ કવિતા લખી શકે છે, અને એનામાં કાવ્ય શક્તિ છે એ વાત એના કાશી જઈ આવ્યા પછી પ્રસિદ્ધિમાં આવી. પણ કાશીવિશ્વેશ્વરની લાવણી એજ એનું પ્રથમ કાવ્ય, અને કાશીવિશ્વેશ્વરના અનુગ્રહથી તે થયું એમ જે જોષી રણછોડનું કહેવું છે તે વાત એ લાવણી વાંચતાં ખરી હોય એમ લાગતું નથી. એ લાવણી આ પ્રમાણે છે†:—

કાસીપુરિની લાવની.

કાસિ પુરિકિ અતિ સુંદર શોભા કોન સકે ગાઈ,
મોક્ષદનિ ભવભયહરની સિવ નિજકર બંનાઈ;
બનારસી સપ્ત પુરી નાયક ભૂતલતેં ન્યારી,
શેસ સિસપર નહિં સંકરને ત્રિસૂલપર ધારી;
પંચ કોસી પરમાંન કાશીકો મહિમા હે ભારી,
પ્રલેમેં નહિં જાય પુરી રખલેંગે ત્રિપુરારી;
સદાકાલ વ્હાં બસે બિસેસર ચિતસોં લગી પ્યારી,
દુખહરની સુખકરની દરસતેં અઘ ડારત જારી;
ધર્મ અર્થ અરૂ કામ મોક્ષ સબ દાયક શ્રુતી ગાઈ—મોક્ષ દનિ.
ઐસી બરૂના ભીતર પ્રાંની મરંન જો પાવેં,
તારક દે શિવ સો જિયકાં પદ પરમ પહુંચાવે;

---

* એ પદ કયું તે કંઇ સમજાતું નથી. કા. સં., પા. ૨૭૬; 'હરિ મોટા, હરિ મોટા'નું પદ છે, તેવું કંઇક હશે.

† કા. સં., પા. ૬૫૧–૫૨.

જન્મ મરંન જંજાલ દુઃખ સબ છિનમેં મિટ જાવે,
આવાગમ અંધાર જાલમેં સો ફિર નહિં આવેં;
યહુ કાસીકો અગાધ મહિમા અગમ નિગમ ગાવેં,
અવીમુક્ત પુરિ ઐસો જાતેં નામ જગત કહાવેં;
કહા ઈતર જન કથા મુનિસુર મરન સમે ર્હાઇ—મોક્ષ દનિ.
પતિ પાવતની * નીકટ કાસિ ગંગા ઘેરી ગાજે,
મનિ કુંદન જ્યોં મિલે સંગ એસી સોભા છાજે;
ભાગિરથી જલ પરસ કીયેતેં ભવસંકટ ભાંજે,
પાન કિયો જબ તોય વાહિકું જમ અનુચર ત્યાંજે;
મંજનતેં અઘ કોટિ જન્મકે સકલ હોત પ્રાજેં,
શ્વેત વારિ મંગલકારી મૈયા ઐસી રાજે;
બ્રહ્મકમંડલિ હરિપાદોદકિ વિષ્ણુ દેહિ કહાઇ—મોક્ષ દનિ.
કાસીકે મહારાજ બિસેસર અનપુરણા રાંની,
કાલ ભૈરવ કુટપાલ ઔર છડીદાર દંડપાની;
સાચ્છિ બિનાયક સુધ બુધ નાયક સબ ગુનકી ખાંની,
ઢુંડિ બિનાયકકે દરસનતેં પાવન હોત પ્રાની;
દેવિ સંકટા કરે દરસતેં સંકટકી હાની,
આતમ બિસેસર આધ બસે વા પાવન પુરિજાંની;
અધિક અમરપુરિ મેંહ માંની બસે વિબુધહિ સબ આઇ--મોક્ષ દનિ.
સિધ્ધેશ્વરિ ઔર બિંધ્યાબાસની દુર્ગા રૂપરાસી,
પંચ ગંગાપર બિંદુ માધોં આપ અબિનાસી;
બડે મુની જ્ઞાનિ ધ્યાની બસે દરસન અભિલાષી,
મની કર્નિકા તૃટ મઠ સુંદર, બૈઠે સંન્યાસી;
દ્વીજ બદન રૂપ સદન કરિ સરસ્વતી કાસીમેં બાસી,
ઐસી બિધ બિધ શોભા સિવનેં નિજ પુરિ પરકાસી;
સકત બિલોકન માત્ર જાત સબ મનસા લોભાઇ--મોક્ષ દનિ.

---

* ભૂલ હોય એમ લાગે છે. "પતિતપાવની" શબ્દ જોઇએ.

કછલાસતેં સુખ અધીક ઇસ કાસી નીપાઇ,
કલ્પ દ્રૂમ જૈસે તૈસે મન વાંછિત ફલદાઇ;
કાસી સેવન કરે વાહિકું મુકિત પાન આઈ,
યહ કારન સબ સિવકાસી સિવકાસી જપો ભાઇ;
કૃષ્ણ ચરન અભિલાખ દયાનેં લાવની ગાઇ,
સિવકાસી ગંગાગુન સંખ્યા કીનેં નહિં પાઈ;
શ્રદ્ધાસોં નિત બાસ બસેતેં હરિહર પદ પાઇ—મોક્ષદનિ.

હવે એક મૂર્ખ છોકરો—જેણે ન્હાનપણમાં ભાગ્યેજ કંઇ રીત સર વિદ્યાભ્યાસ કર્યો હશે એવો—પોતાની સોળ સત્તર વર્ષની ઉમરે આટલા બધા અઘરા શબ્દોથી ઉભરાતી, અને તેની સાથે આવા સારા વર્ણનવાળી આવી લાવણી લખી શકે એ સંભવિત લાગતું નથી. વળી છેલ્લી કડીમાં " કૃષ્ણ ચરન અભિલાખ " એવું લખ્યું છે, તે ઉપરથી જણાય છે કે પોતે સ્માર્ત છતાં, અને વિશ્વેશ્વરની લાવણી લખતાં છતાં એવું લખે નહીં. બીજા કોઇએ તેમ લખ્યું હશે, અથવા પોતે મોટપણે વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યા પછી તેવું લખ્યું હશે.*

સોળ સત્તર વર્ષના મૂર્ખ છોકરાએ સહજસાજ વિચારની લાવણી બનાવવી એ કાંઇ નવાઈ જેવું નથી. અભણ સ્ત્રીઓ અભ્યાસથી ગરબીઓ જોડે છે, અને લગ્નાદિ પ્રસંગે ઘણીવાર વખાણવા લાયક તરતના તરત બોલ જોડી જોડકણાં ગીતો ગાય છે: તેમજ બારતેર વર્ષની ઉમરના નીચવર્ણના મૂર્ખ છોકરાઓ પણ વખતે વખતે ગમે તેવી ગાંડી ઘેલી લાવણીઓ જોડે છે.

---

* એ લાવણીમાં કંઇજ રસ અથવા કોઇપણ વાતનું દરદ નથી, તે ઉપરથી એમ કહીએ તો ચાલે કે તે પોતાનાં મરણ પામેલાં મા બાપ સંબંધી, અથવા માસી તથા ઘરના વિયોગ સંબંધી પ્રેમપીડિત નહોતો.—ન. ગ., પા. ૪૭૨.

દયારામ પણ ન્હાનપણમાં ગમે ત્યાં રખડતો ફરતો. કલગી તોરા વાળાના† પ્રસંગમાં તેને લાવણીઓ ને ખ્યાલ ટપ્પા ગાતાં આવડયા હતા, અને તે ઉપરથી છેક ન્હાની એટલે ચોદ વર્ષની ઉમરમાં તે લાવણીઓ ને પદો બનાવતો એમ કહેવાય છે. ગમે તેમ હોય તોપણ આટલું તો નક્કી કે દયારામ જન્મથી વિચક્ષણ તેથી તેને પોતાના કુછંદી સાથીઓના સહવાસથી કવિતા જોડવાની શક્તિ આવેલી. કાશીવિશ્વેશ્વરની લાવણી બનાવ્યા પહેલાં તેણે કેટલીક (અનીતિની) લાવણીઓ બનાવેલી ખરી: તોપણ કાશી વિશ્વેશ્વરની લાવણી એ દયારામની ધર્મ સંબંધી કવિતામાં સત્તર વર્ષની ઉમરે પહેલીજ થઇ હશે. એ લાવણી અને હનુમાન ગરૂડના સંવાદની લાવણી§--બંને ધર્મ સંબંધી પ્રથમજ—કાશીમાં રહીને કરી હતી.

જન્મથી તે લગભગ વીસ વર્ષની ઉમર સુધીનો દયારામના જીવનનો ઉપર પ્રમાણે ઇતિહાસ છે.

---

† "લાવણીઓ ગાનારાની હાલ પાંચ ટુકડીઓ જોવામાં આવે છે--તોરા, કલગી, ડુંડા, ઝુંડા અને અનઘડ. પણ અસલ જાત બે-કલગી અને તોરો. દિલ્લીના બાદશાહને ત્યાં એક વખત બે ગવૈયા આવ્યા હતા, તેમાં એક શાહઅલ્લી નામનો મુસલમાન હતો ને તુકનગીર નામનો ગોસાંઇ હતો. તે બંનેના ગાણાં સાંભળીને બાદશાહ ઘણો પ્રસન્ન થયો, ને મ્હોટી ખુશાથી તેઓની આગળ એક કલગી ને એક તોરો એક રકાબીમાં મુકયાં. તેમાંથી શાહઅલ્લીએ કલગી ઉઠાવી લીધી ને તુકનગીરે તોરો ઉપાડી લીધો. ને એ બે ઉસતાદ ગાનારાઓનાં મતના અને તેઓની રીતના જે સાગીર્દો થયા તેઓ કલગીવાળા અને તોરાવાળાનાં નામથી ઓળખાય છે. એમ કહેવાય છે કે કલગીવાળા આધશકિતને ગાય છે, અને તોરાવાળા શિવને ગાય છે. કલગીનું નિશાન લીલું, અને તોરાનું નિશાન ભગવું, સફેદ અથવા પચરંગી હોય છે."—ન. ગ., પા. ૩૪૦.

§ કા. સં., પા. ૧૬૧-૬૪.

દ્વિતીય ખંડ.

મધ્ય વય—યાત્રા, વૈષ્ણવ અને અનીતિ.

માસીના મરણ પછી દયારામે ઘણુંખરું ડભોઇમાંજ જ્યાં તેનું મોસાળ હતું, અને બીજા સગાંવહાલાં પણ હતાં, ત્યાં રહેવા માં ડયું. પણ એને રહેવાનું કેટલું? વર્ષ છ મહિના. વીસથી ચાળીશ વર્ષની ઉમર સુધીમાં દયારામ વિષે લખવાનું ઘણું થોડું છે, કારણકે એ સમય એણે ઘણોખરો પ્રવાસમાંજ કહાડયો હતો. વચમાં વચમાં વર્ષ છ મહિના ડભોઇ ચાણોદમાં રહી જતો. એમ પણ કહેવાય છે કે એ દરમ્યાનમાં દયારામ ઘણુંખરું ભરૂચના ફુરજાપર નોકરી કરનાર પોતાના મામા રઘુનાથરામને ત્યાં રહેતો, ને વખતે મરજાદી ભજીઆપારેખવાળા હરિવલ્લભ કુબેરને ત્યાં ઉતરતો. કુછંદને લીધે એને એકવાર ભરૂચથી સીનોર નાસી જવું પડયું હતું. એ એકવાર સુરત* ને એકવાર અમદાવાદ પણ જઇ આવ્યો હતો એવું કવિ નર્મદાશંકરનું કહેવું છે. એ વીસ વર્ષના દરમ્યાનમાં જાણવા યોગ્ય મુખ્ય ત્રણ વાત છે. એકતો તેણે મ્હોટો પ્રવાસ કર્યો. બીજું તેણે પુષ્ટિપંથ સ્વીકાર્યો. અને ત્રીજું ઘણી સ્ત્રીઓ

---

* સુરતના ઘરડા લોકોનું કહેવું છે કે દયારામે રામપરે લાલકસનની વાડીમાં મુકામ રાખ્યો હતો, ને ત્યાં ઘણા લોકો તેનાં ભજન સાંભળવા જતા હતા. વળી 'દયારામ કૃત કવિતા' એ નામની સંવત ૧૯૩૨ની એક શિલા છાપની પ્રતમાં એક પદ મ્હારા વાંચવામાં આવ્યું છે જેમાં છેલ્લી લીટી આ પ્રમાણે છેઃ—

દયા પ્રિતમ શ્રી ગોવરધનધારી, સેવક સુરતે ગાય.

એ ઉપરથી પણ એ હકીગતને ટેકો મળે છે.

જોડે રંડીબાજી કરી ધિક્કારને પાત્ર થયો (સ્હોડ ન મૂકે એવી પ્યારી કીધી). †

ખંડક ૧—યાત્રા.

જોષી રણછોડના કહેવા પ્રમાણે દયારામે ત્રણવાર પૃથ્વી પ્રદક્ષિણા કરી હતી—એટલે આપણા જે ઉત્તર, પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમના બદ્રિકેદાર, જગન્નાથ, સેતુબંધ રામેશ્વર અને દ્વારકા એ ચાર મહાતીર્થ, તેની ત્રણવાર યાત્રા કરી હતી. વળી કવિ નર્મદાશંકરના સાંભળવામાં એમ પણ આવ્યું હતું કે દયારામે સાતવાર શ્રીનાથજીનું દર્શન, તથા ચારવાર યમુનાપાન કર્યું હતું: અને એકવાર પૃથ્વી પ્રદક્ષિણા કરી હતી--અને એ પ્રદક્ષિણા એવા રીતે કે કાશીથી ગંગાજળની કાવડ લઇ પગે ચાલીને સેતુબંધ રામેશ્વરને ચ્હડાવી હતી. × રણછોડજી તો તે વારે વારે જતો. દયારામ પગે ચાલીનેજ હમેશા પ્રવાસ કરતો. તેની રામેશ્વર ઉપર ભક્તિ જોતાં એમ લાગે છે કે તે પ્રવાસ પહેલી વારનોજ જશે, અને શ્રીનાથજી તથા ગોકુળ મથુરા તરફના પ્રવાસો વલ્લભી વૈષ્ણવ થયા પછીના હશે. ‡

---

† ન. ગ, પા. ૪૭૫. × ન. ગ., પા. ૪૭૪.

‡ દયારામ યાત્રા કરવા ક્યારે નીકળ્યો તે સંબંધમાં રા. ઇચ્છારામ લખે છે કે "કવિ નર્મદાશંકર જણાવે છે કે સોળ સત્તર વર્ષની વયે માસીના કડવા વેણથી રીસાઇને આપણો ફક્કડ કવિ તીર્થયાત્રાએ નીકળી ગયો હતો; ને રા. હરગોવિંદદાસના લખવા પ્રમાણે ૧૫-૧૬ વર્ષની વયે કવિએ ચાણોદ છોડયું હતુ, તેમ નથી; પણ. ૨૧ વર્ષે, પોતાની માસીના મરણ પછીજ ચાણોદ છોડયું હતું. ચાણોદ છોડયા પૂર્વે ડભોઇમાં મુકામજ કીધો નહોતો."—બૃ. કા. દો. ૫, પા. ૭.

કેશવાનંદ સાધુ પાસેથી વૈષ્ણવ ધર્મનો ઉપદેશ મળ્યા પછી દયારામ ડાકોરજીની જાત્રાએ * ગયો, ને રણછોડરાયનો ભક્ત થયો. અહીં એને પેટલાદવાસી ઇચ્છારામ ભટજીનો સમાગમ થયો હતો, ને તેમનાજ કહેવા ઉપરથી એ મ્હોટી જાત્રાએ † નીકળ્યો હતો.

---

* આ યાત્રાના પ્રવાસવાળો ભાગ ઘણોખરો મુખ્યત્વે કરીને રા. ઇચ્છારામે આપેલી સવિસ્તર હકીગત ઉપરથીજ તૈયાર કર્યો છે.

† 'રસિક વલ્લભ'માં એક ગુરૂ આગળ શિષ્યને આરોપે દયારામ "એમ ભ્રમ્યો હું દ્વાદશ વર્ષજી" એવું કહીને જાણે પોતેજ કરેલી યાત્રાનું આ પ્રમાણે વર્ણન આપે છેઃ—

મેં પ્રથમ (શ્રી) યમુના પુનિતજળ, કર્યું શુદ્ધ સ્નાન;
શ્રી ગોકુળ મથુરા વૃન્દાવન, ગિરિરાજ દરશ મહાન.
વન બાર ઉપવન ચોવીશ, રાવળ વરસાણું નંદગ્રામ;
ચોરાશી ક્રોસ પરિક્રમા, વ્રજ નિરખ્યા કેશવરામ.
પછી ગયો નિમિષારણ્ય, બ્રહ્માવર્ત સૌરભક્ષેત્ર;
ત્યાંથી ગયો માયાપુરી, હરિદ્વાર પરમ પવિત્ર.
કર્યું સ્નાન શ્રી ગંગાજીમાં, પૂજ્યા પ્રભૂ તતખેવ;
જ્યાં પધાર્યા છે દયાપ્રીતમ, શ્રીમદ્વલ્લભ દેવ.

ત્યાંથી હું હિમાલય ચઢિયોજી, શ્રી બદરિનાયક પદ પડિયોજી;
જે નરનારાયણ મહા ધામજી, તપ્તકુંડ ત્યાં પૂરણ કામજી.
અલક નંદાને ગંગા વ્યાસજી, મજ્જન કીધું મન ઉલ્લાસજી;
ત્યાંથી કેદારેશ્વર દેવજી, ગંગોત્રી નાહ્યો તતખેવજી.

તતખેવ માન સરોવરે નહી, ગયો શ્રી કુરૂક્ષેત્ર;
શ્રી સરસ્વતીમાં સ્નાન કરી, હરિ નિર્ખિયા ભરી નેત્ર.
શ્રી મુકતનાથ શ્રી હરિક્ષેત્રને, પુલહાશ્રમ પવિત્ર;
ગલ્લકી શાલિગ્રામ શ્રીહરિ, ભક્ત જનના મિત્ર.
શુચિ પંચહ્રદ કૌશિકી, નદી નદ સોળ તીર્થ વસંત;
પછી પુણ્ય ક્ષેત્રાનંદ મુકતા, ક્ષેત્ર છૂટે જંત.

ડાકોરમાં કૃષ્ણલીલાનાં કેટલાંક નવાં નવાં રસિક પદો બનાવીને

શ્રી જનકપુર શ્રી અયોધ્યાપુરી, સ્નાન સરયૂતીર;
શુચિ સ્વર્ગદ્વારી ઘાટ જઇને, નિરખ્યા શ્રી રઘુવીર.
ત્યાંથી ગયો હું પ્રાગરાજ, ત્રિવેણી સંગમ સ્થાન;
શ્રી વેણી માધવ પૂજિયા, વટ અક્ષય તીર્થ મહાન.
પછી ચિત્રકુટ પવિત્ર સ્થળ, જ્યાં વસ્યા સીતારામ;
જન દયા પ્રીતમ પૂર્ણ પુરૂષોત્તમ, સહુ સુખ ધામ.

પછી શ્રી કાશીપુરમાં જઇનેજી, શ્રી ગંગા નાહ્યો શુચિ થઇનેજી;
પૂજ્યા શ્રી વિશ્વેશ્વર દેવજી, બિંદુ માધવ કીધી સેવજી.
પંચક્રોશી યાત્રા કીધીજી, પાવનપુરીને પરિક્રમ દીધીજી;
ક્ષેત્ર ગયા જઇ કીધાં શ્રાધ્ધજી, પૂર્વજ તરિયા ટળિયા બાધજી.

ત્યાં બાધ ટળિયા સકળ કીધું, ફલ્ગુ સરિતા સ્નાન;
શ્રી ગદા ગયાધર પૂજિયા, પદ વિષ્ણુ સહી મહાન.
પછી ઝાડ ખંડી વૈદ્યનાથજી, પૂજ્યા જ્યોતિર્લિંગ;
પછી કપિલ દેવજી અર્ચિયા, જ્યાં ગંગા સાગર સંગ.
વૈતરણી ક્ષેત્ર ગયો પછી, મ્હાનદી શુચી જળ સ્નાન;
પછી શ્રી સાક્ષી ગોપાળ નિર્ખિયા, વિપ્ર કન્યાદાન.
પછી શ્રી પુરૂષોત્તમ પુરી ગયો, નિર્ખિયા શ્રી જગન્નાથ;
બળભદ્ર, સુભદ્રા, સુદર્શન, દર્શન ચારે સાથ.
મહા માહાત્મ્ય મહા પ્રસાદ લીધે, ચતુર્ભુજ હોય જંત;
મહોદધિ ઇંદ્રદ્યુમ્ન નાહ્યો, જ્યાંહાં પુણ્ય અનંત
શુચિ માર્કંડેય શ્વેત ગંગા, વટે કૃષ્ણનું દર્શ;
જન દયા પ્રીતમ શ્રી પુરૂષોત્તમ, ક્ષેત્ર અતિ ઉત્કર્ષ.

પછી ગયો આદ્ય કૂર્મક્ષેત્રજી, મજ્જન દર્શે શુચિ તનુ નેત્રજી;
વળતી નિરખ્યા ગિરિ પદ્મનાભજી, સહ્યાદ્રિ નરહરિ લખી લાભજી.
મંગળ ગિરિ શ્રીપણા નૃસિંહજી, પિયે પ્રત્યક્ષ પણો શ્રી રંગજી;
ગોદાવરી વેણાસરી સ્નાનજી, રૂપદ્દે સુખ હરિ ગુણ ગાનજી.

ગુણગાન ગોવિંદ યત્ર પદ, પાપ રહે નહિ લેશ;
આગળ શેષાચળ શિખર નિરખ્યાં, રાજે શ્રી વ્યંકટેશ.
પછી તળેટિમાં ત્રિપતિ પુરી, શ્રી રામચંદ્રજી ભ્રાજે;
પછી કાંચી શિવ વિષ્ણુ પુરી, શ્રી વર્દરાજ વિરાજે.
શુચિ પક્ષીતીર્થ ને કામકોષ્ટિ, કુંભકર્ણ સુક્ષેત્ર;
નદી કાવેરી શ્રીરંગસ્વામિ, નિરખી સફલિત નેત્ર.
પછી દક્ષિણ મથુરા દ્વારકા, નિર્ખિયા રાજગોપાળ;
શ્રી રામ પોઢયા નિર્ખી નવ ગ્રહ, પૂજિયા લઘુ કાળ.
શ્રી સેતુ બંધજી રામેશ્વર, પૂજિયા અઘ દુઃખ ભંગ;
પછી ધનુષ્યતીર્થ સ્નાન કીધું, ઉભય સાગર સંગ.
તુંગભદ્રા કૃતમાળા પયસ્વિની, તામ્રપર્ણી નીર;
હોય સ્નાન પાને દયા પ્રીતમ, કૃષ્ણ ભક્તિ ધીર.

નિર્ખ્યા હરિ તોતાદ્રિ ધામજી, શ્રી આદિ કેશવ અભિરામજી;
મેહેલ કોટામાં શ્રી હરિ રૂપજી, કુમારી કન્યા ક્ષેત્ર અનુપજી.
પદ્મ તીર્થ પંચાપ્સર ક્ષેત્રજી, અનંતપુર શ્રી પંકજ નેત્રજી;
પદ્મનાભજી શ્રી સહ નામજી, જનાર્દન શ્રી પૂર્ણ કામજી.

છે પૂર્ણ કામ શ્રી રંગ નાથજી, ચલપલરાયજી નામ;
શ્રી સ્વામી કાર્તિક, ગોકર્ણેશ્વર, પંપાસર અભિરામ.
શ્રી શૈલ શિખરે મલ્લિકાર્જુન, રૂષભ શૈલ મહેંદ્ર;
શ્રી રામહૃદ અર્ધનારીશ્વર, પછી નિર્ખ્યા શ્રી કૃષ્ણું ચંદ્ર.
પછી પુંઢરપુર શ્રી વિઠ્ઠલેશ્વર, ચંદ્રભાગા તીર;
નદી ભીમરથી શ્રી ભીમાશંકર, કૃષ્ણા નિર્મળ નીર.
શ્રી મહાલક્ષ્મી કોલાપુર, પછી સપ્ત શૃંગી દેવી;
શ્રી ગૌતમી ગંગા પુનિત પય, દેવ મુનિજન સેવી.
શ્રી ત્ર્યંબકેશ્વર નીલગિરિ, કનખલ તીર્થ શુભ નામ;
નાહી નિર્ખ્યું સ્થળ પંચવટી, લક્ષ્મણ સહ સીતારામ.

તેના ઉપર ફીદા ફીદા થઇ ગયા. પેહેલેજ પ્રસંગે ગોમતીજીના ઘાટપર એક બેઠક કરીને રણછોડરાય પ્રત્યે અતિશય શ્રદ્ધા બતાવી, પણ એની ખરેખરી શ્રદ્ધાયુકત પ્રેમલક્ષણા ભકિતનો આવિર્ભાવ તો એની મહાયાત્રાથીજ થયો છે. આશરે ચોવીશ વર્ષની

દંડકારણ્યની યાત્રા કરી, પછી સૂર્યતનયા સ્નાન;
જન દયા પ્રીતમ પ્રિયા ભગિની, તીર્થ પરમ મહાન.

નદી પયોષ્ણી મજ્જન કીધુંજી, રેવા સાગર નાહી પય પીધુંજી;
પરશુરામ લોટેશ્વર તીર્થજી, ભૃગુ ક્ષેત્ર નાહ્યો શુભ અર્થજી.
યજ્ઞ કર્યા જ્યાં બળિ બડભાગીજી, શ્રી વામનજી ભિક્ષા માગીજી;
શુકલ તીર્થ ઇશ્વર ઓંકારજી, રેવોરી સંગમ માહાત્મ્ય અપારજી.

છે અપાર મહિમા ચંડીપુરી, શ્રી શેષશાયી ભગવાન;
શ્રી વ્યાસ ક્ષેત્ર ને શુકાશ્રમ, શૂલભેદ ક્ષેત્ર મહાન.
ૐ કારનાથજી નિરખિયા, નર્મદા નિર્મળ સ્નાન;
માહિષ્મતી પુરી પરમ પાવન, શાસ્ત્રમાં એમ ગાન.
પુરી અવંતી મ્હાકાળેશ્વર, ક્ષિપ્રાતીર્થ પાવન;
શ્રી દ્વારિકા પુરી પછી ગયો, જ્યાંહાં સદા જગજીવન.
ગોમતી સાગર ચક્ર તીર્થે, કર્યું સ્નેહે સ્નાન;
પછી શંખોધ્ધાર બેટે નિર્ખિયા, કૃષ્ણ શ્રી ભગવાન.
શ્રી ત્રિકમ માધવ પુરૂષોત્તમ, નિર્ખિયા કુંવર કલ્યાણ;
રૂકિમણી રાધા જાંબવતી, સત્યભામાદિ પ્રભુ પ્રાણ.
વિધિવત્ કરી સહુ નારાયણ સર, તીર્થ અતિ ઉત્કર્ષ;
પછી પીંડ તારક પ્રભાસ નાહ્યો, સુદામા પુરી દર્શ.
કૂપ દામોદર ગિરિનાર યાત્રા, જીર્ણગઢ જ્યાં ગ્રામ;
જન દયા પ્રીતમ ભકત સ્થળ, નૃસિંહ મેહેતા નામ.

સોરઠ સોમેશ્વર સુર સેવાજી, નાગેશ્વર ઘુષ્મેશ્વર દેવાજી;
અરબુદાચળ અતિજ પ્રલંબાજી, આરાસુરમાં દેવી અંબાજી.
સિધ્ધપુરે હું વળતો ધાયોજી, સરસ્વતી પ્રાચીજળ પૂત ન્હાયોજી;
બિંદુ સરોવર મજ્જન કીધુંજી, ગોવિંદ માધવ દર્શન દીધુંજી.

ઉમરે, વડોદરેથી નિકળેલો વેણીભાઈ બેચરભાઈનો મ્હોટો સંઘ, જેમાં લગભગ પંદરસે માણસો હતાં તેની સાથે દયારામ જાત્રાએ ગયો. કવિ નર્મદાશંકરના જણાવ્યા પ્રમાણે તે પહેલો કાશીવિશ્વેશ્વરનાં દર્શન કરવા ગયો નહોતો, પણ શ્રીનાથજીના ચરણકમળનાં દર્શન કરવા ગયો હતો. જે દિવસે એણે શ્રીજીનાં પ્રથમ દર્શન કર્યાં, તે દિવસ શ્રીજીએ જે શણગાર પેહેર્યા હતા તેનું વર્ણન * એણે કવિતામાં કર્યું છે, ને તે વળી મંદિરમાં કીર્તનીઆ પાસે બેસીને. × આ વર્ણન સાંભળી જાત્રાળુઓ બહુ રાજી થયા, ને એ ખબર ધીમે ધીમે મહારાજ પાસે પહોંચી. મહારાજે દયારામને બોલાવી તે વર્ણન પાછું સાંભળ્યું, ને તેનાં ઘણાં વખાણ કર્યાં.

લીધું પરમ સુખ ડાકોર, ગોમતી સ્નાન પૂરણ કોડ;
સાક્ષાત શ્રી દ્વારકાપતિ, નિરખિયા શ્રી રણછોડ.
મહી સાગર નાહી પાવાગઢ, કાલિકા દેવી સેવ;
પછી મેવાડ જઇ પૂજ્યા, શ્રી એકલિંગજી મહાદેવ.
પછી શ્રીજી દ્વારે હું ગયો, જે પરમ પાવન ધામ;
મેં નિરખિયા શ્રી નાથજી, પરબ્રહ્મ પૂરણ કામ.
સહુ તીર્થ ગુરૂ પુષ્કર તીર્થ, ત્યાં સ્નાન કરી હરિ દર્શ;
ચર્મણ્વતી વેદિકા સુર નદી, નાહી પામ્યો હર્ષ.
પછી વ્રજ મંડળ ફરી આવિયો, એ મુખ્ય નામોચ્ચાર;
જો વિધિવત્ વર્ણન કરૂં, તો થાય ગ્રંથ વિસ્તાર.

પ્રા. કા. ૨, પા. ૫-૧૫.

* આ વર્ણન ખરેખર એક ચિત્રકારને યોગ્ય છે. એમાં શ્રી નાથજીની મૂર્તિનું નખશિખ પર્યંત આબેહુબ વર્ણન કર્યું છે. જૂઓ કા. સં., પા. ૧૬૫-૬૭.

× દયારામ ઘણુંખરૂં જોસ્સો થઇ આવતો ત્યારેજ કવિતા લખતો એમ ઘણાનું કહેવું છે, તોપણ તેનામાં શીઘ્ર કવિતા રચવાની શકિત હતી એમ આવી હકીગત ઉપરથી માનવું સકારણ છે. જૂઓ આમળ 'ષષ્ઠ ખંડ.'

શ્રીનાથજીમાં દયારામ ત્રણ મહિના રહ્યો હતો, જે સમયમાં એણે ઘણી સુંદર કવિતાઓ લખી છે. નરઘાં સારંગી સાથે એ પોતાની કવિતા ગાતો ત્યારે લોકો ખુશી થઈ અને કેટલીક ભેટ આપતા, જે સઘળી એ શ્રીજીને અર્પણ કરતો. શ્રીનાથજીથી વિદાય † થતી વખતે મહારાજે દયારામને એક બનારસી સેલું ઉપરણામાં ભેટ આપ્યું હતું, જે કવિ ઘણા વર્ષ સુધી ઓઢતો હતો.

શ્રીનાથજીથી નીકળી ગોકુળ, મથુરાં, અને વૃંદાવન થઈ દયારામ કાશી ગયો હતો. ‡ કાશીવિશ્વેશ્વરનાં દર્શન કરી ત્યાંથી નીકળી પ્રયાગ, નાશક, પંઢરપુર, બાલાજી ને ઠેઠ રામેશ્વર સુધી એ ફરી આવ્યો હતો. એ પ્રથમ પ્રવાસમાં કવિને શું શું દુઃખ પડ્યું હતું તેની નોંધ કવિના એક શિષ્ય ડાહ્યાભાઈના હાથે લખેલી આ પ્રમાણે મળી આવી છે. + :–

આજ રાત્રિના વડોદરેથી ભકતમંડળ આવ્યું હતું તેની સાથે ગુરૂજીએ પ્રથમ યાત્રામાં કેવું વિઘ્ન નડ્યું હતું તેની વાત કરતાં કહ્યું કે, લાડીલા શ્રીકૃષ્ણે જ્યારે કરાળ કોપ કીધો ત્યારે સાધુજનપર સંકટ આવે છે. મહાકાળેશ્વર મહાદેવનાં દર્શન કરીને અમે દશબાર જનો નાશક આવવાને નીકળ્યા. પાંચ દિવસ સુધી તો માર્ગમાં કંઈ પણ વિઘ્ન નડ્યું નહીં, પણ છઠ્ઠે દિવસે મધ્યાહ્નના જ્યારે અમે આશીરગઢથી વીશ કોશના મુકામપર ભોજન કરવાને એક મુકામ કરી બેઠા હતા, ત્યારે કેટલાએક યાત્રાળુનું ટોળું આવ્યું. તેઓ પણ ત્યાંજ મુકામ નાંખીને પડયા, અને ભોજન કરી

---

† શ્રીજીની ઝાંખી કરવાને દયારામ છેલ્લો સંવત ૧૮૮૭ કે ૮૮ માં ગયલો એમ રા. ચિમનલાલ જણાવે છે.

‡ જૂઓ પાછળ પા. ૯–૧૦.

+ બૃ. કા. દો. ૫, પા. ૧૦.

ને અમારી સાથેજ ઝટપટ નીકળ્યા. થોડે સુધી તો સૌને હરકત નડી નહીં, પણ છ સાત કોશપર આવેલા વનવગડામાં સૌ જન આવતાંજ જોતજોતામાંજ યાત્રાળુએજ હમને ઘેરી લીધા ને લૂંટવા માંડયા. પ્રભૂની એ માયા કોણ જાણે છે? ખરા ધર્મી લોકોની આજ ઇશ્વરની પૂજા છે. હમારામાંના ત્રણ જનને કસાઈ પેરે મારી નાંખ્યા, ને હમને કેદ કરીને પોતા સાથે પકડી ચાલ્યા; તે ઠેઠ હૈદ્રાબાદમાં પકડી ગયા. હું નિત્ય રાત્રિના ભજન કરતો હતો, ને કૃષ્ણ પાસે સહાય માગતો હતો. પણ તે છબીલો રાધારમણમાં લીન થયલો હોવાથી હું રંકની પ્રાર્થના કયાંથી સાંભળે? હૈદ્રાબાદમાં આ લૂટારાઓએ કેટલીક લૂંટ ચલાવ્યા પછી ત્યાંથી નાઠા, ને હમને પણ પાછા આશીરગઢ લઇ આવ્યા. મ્હારી પાસે મ્હારા છૂટકારા માટે પાંચસેં રૂપિયા માગ્યા ને કાગળ લખાવવા આવ્યા, પણ મેં જણાવ્યું કે "હું બ્રાહ્મણ છું, નબાપો ને નમાયો છું, મ્હારૂં કોઈ સગુંવ્હાલું નથી, તેમ મ્હારાં સ્ત્રી છોકરાં પણ નથી કે જે મ્હારા છૂટકારાને માટે પૈસા આપે. જેમ નરસૈંમેહેતાની હુંડી કૃષ્ણે ભરી તેમ તે આ મ્હારી હુંડી સીકારશે. તેના વના મ્હારો કોઈ વાલિવારસ નથી." આ વાત કોઇએ માની નહીં. એમ કરતાં પાંચ માસ વિતિ ગયા, ને કૃષ્ણે મ્હને સ્વપ્નમાં કહ્યું "કેમ, તારે તો ઘેર જવું તું ની?" એક દિવસે વૃંદાવનમાં મ્હારા મનમાં એમ આવ્યું કે હવેતો ઘેર જાઉં તો ઠીક. એમ મેં જાત્રામાં ધાર્યું તેથી આ સંકટ આવ્યું છે એમ મ્હારા પ્રભુ કૃષ્ણે જણાવ્યું. સ્વપ્નમાંજ મેં કાલાવાલા કરીને ઉંઘમાંજ પ્રાર્થના* કીધી કે "શ્રીજી શરણ પડયાને શિદ સંતાપો." પછી આંખ ઉઘડી ગઇ, ને સ્નાન કરી ધ્યાન ધર્યું. તે પછી લૂટારાના નાયક પાસે ગયો. તે જાતનો મરાઠો હતો, ને આનાજી આંગડીઆના

---

*કા. સં., પા. ૨૭૮.

નામથી ઓળખાતો હતો. તેની પાસે જઇને, જે મસ્તક એકલા શ્રીજીને નમવાને યોગ્ય છે તે ત્યાં નમ્યું. મેં વિનવિ વિનતિને મ્હારી હકીગત કહી, પછી તેના આગળ ભજન કરવાને બેઠો. આનાજી ખુશી થયો ને કહ્યું કે "ત્રણ દિવસ પછી તને રજા આપીશ." આ ચાંડાળ લોકોમાં ત્રણ દિવસ પણ રહેવાને મને કપરા હતા, પણ શ્રીકૃષ્ણજ જ્યારે કઠણ કાલજાનો થયો હતો ત્યારે મ્હારે કરવું શું? રાત્રીના નાયક રોજ મ્હારા ભજન સાંભળતો હતો ને કહેતો કે "તુમતો બડા ફક્કડ કબિ હો." ગમે તે કારણ હો, મ્હારા ભજનથી પ્રસન્ન થઇ, કે મ્હારી વિનવણીથી કે કૃષ્ણ તેના અંતરમાં વસ્યાથી આનાજી આંગડીઆએ ત્રીજે દિવસે મ્હને જવાની રજા આપી. તે વેળાએ મ્હને પગ ખરચી માટે પંદર રૂપિયા પણ આપ્યા, ને કહ્યું "મહારાજ, તમો બ્રાહ્મણ તો અમારા ગુરૂ છો, તમને દુઃખ પડયું હોય તો માફ કરજો." આ તેનું બોલવું મજાકનું હતું. પણ મ્હારી તરફ જે સદ્‌ભાવ બતાવ્યો છે તેથી તેનું કલ્યાણ થશે. પાંચ મહિના ને અગિયાર દિવસ આ પાપી ચંડાળો સાથે વસવું થયું હતું જે મ્હારો કાળ વ્યર્થ ગયો છે. †

આ વૃત્તાંત પછી બીજો વૃત્તાંત નીચે પ્રમાણે લખવામાં આવ્યો છે:- ‡

આજે જન્માષ્ટમીનો ઓછવ હોવાથી ભજન કરતા ગુરૂજીએ કહ્યું કે જ્યારે હમે રામેશ્વર જવાને નીકળ્યા, ત્યારે માર્ગમાં

---

† આ હકીગતને છેવટે લખ્યું છે કે—"ગુરૂજીના કહેવા પ્રમાણે બુધ્ધિ પ્રમાણે આ લખ્યું છે. સંવત ૧૮૯૨, કાર્તિક સુદ અષ્ટમી ને ભ્રગુવાસરે, ગુરૂજીની જન્મ તિથીને દિને. લખનાર ડાહ્યાભાઇ લાલશંકર."—બૃ. કા. દો. ૫, પા. ૧૨.

‡ બૃ. કા. દો. ૫, પા. ૧૨.

અમને ઘણું વિઘ્ન નડ્યું હતું. પ્રથમ અમે બાળાજી ગયા હતા. તીર્થ મોટું છે, પણ સેવા પૂજાની વ્યવસ્થા કોઈ રીતની નહીં હોવાથી હમારા મનમાં જે ભક્તિભાવ શ્રીનાથજીબાવાને જોઈને થયો હતો તે થયો નહીં. પૂજા કરનાર મહંત પૈસાનો લોભી હતો, અને દરેક જાત્રાળુ પાસે બળાત્કારે પૈસા લેતો હતો. વાઘા ને શણગારમાં તો બાલાજીની મૂર્તિ શોભતી નહીં, પણ શ્રીપ્રભુનું સ્વરૂપ હોવાથી પોતાના અલૌકિક તેજથી શોભતી, તથા જેવી જે ની મંછા થતી તેવે રૂપે દર્શન દેતા હતા, સૌના મનોરથ પૂરતા હતા, તથા સૌને પોતા સમીપ તેડતા હોય તેવા જણાતા હતા. દર્શન કીધા પછી મહંતે હમને ઘણા પંડયા હતા, અને કેટલા દિવસ સુધી જવાની આજ્ઞા આપી નહીં; ત્યારે હમે રતોવઇ નીકળીને ચાલ્યા ગયા; ત્યારે હમારો પછાડો માણસો દોડાવ્યા ને હમને પકડવામાં આવ્યા. અને હમારી પાસે પૈસા છે કે નહીં તેની ખોળખાળ કીધી અને ચાર દિવસ સુધી જવા નહીં દીધા. પછી રામેશ્વર ગયા. ત્યાં એક શિવભક્ત બાવા સાથે વાદવિવાદ થયો. તેનું કહેવું એવું હતું કે શિવજી મોટા છે; અને કૃષ્ણતો કેવળ વ્યભિચારી છે. હમારે વાદવિવાદ થયો હતો, ને શ્રીકૃષ્ણે સહાય કરવાથી હમે સિદ્ધ કરી શકયા કે હરિ અને હર જગતના દીઠામાં નિરાળા છે, પણ એકજ છે; એક સ્વરૂપે બિરાજે છે, ને ભક્ત લોકોનું કલ્યાણ કરે છે. શિવજીતો જોગી છે, ને એક જોગટાને ભજવાથી આ સંસારી જનોનું કલ્યાણ નહીં થશે. બાવાજી હમારાપર ઘણા ક્રોધાયમાન થયા, ને હમને મારવાને આવ્યા. પણ તેઓએ પોતાનો દંડ કાઢયો તે દંડ હવામાં અદ્ધરનો અદ્ધર રહી ગયો; અને બાવાજી નીચા થઈને ઉભા રહ્યા. સભામાં પ્રત્યક્ષ દેખાતું હતું કે શ્રીકૃષ્ણે તે દંડ પકડી રાખ્યો હતો. પછીથી તે બાવાજી નમી પડયા ને કબૂલ કીધું કે હરિ ને હર એક છે. રામેશ્વરમાં ચાતુર્માસ ગાળ્યું, ત્યાં હમને હંમેશા શિવ-

લિંગમાં પણ શ્રીનાથજીનાં દર્શન થતાં હતાં. રામેશ્વરથી નીકળી, ચંદ્રભાગામાં સ્નાન કરી, પંડરીનાથનાં દર્શન કીધાં. પણ જે આનંદ શ્રીજીબાવાના દર્શનથી થયો, તેવો કેથે થયો નહીં. એમ છ વર્ષ અગિયાર મહિના ને ૧૯ દિવસ યાત્રા કરીને શ્રીશેષશાયી ભગવાનના પુન: દર્શન કરી હું કૃતકૃત્ય થયોછું.

આ પ્રમાણે લગભગ સાત વર્ષનો પ્રવાસ કરીને, પૂર્ણ આસ્થાવાળો ને કૃષ્ણચંદ્રના પ્રેમમાં તલ્લીન થયલો દયારામ ઘેર આવ્યો હતો.

આ સઘળી હકીગત ઉપરથી દયારામ યાત્રામાં ક્યાં ક્યાં ફર્યો હતો, અને તેણે કેટલું કેટલું જોયું હતું, તેનો આપણને ઘણી સારી રીતે ખ્યાલ આવે છે. યુરોપી મહા વિદ્વાન બકલ લખે * છે કે હિંદુસ્તાનમાં મહાતર્કવાળા કવિઓ ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ તે દેશનું અદ્દભૂત સૃષ્ટિસૌંદર્ય છે. જે દેશમાં ઘણા મ્હોટાને વિચિત્ર પર્વતો, વૃક્ષો, નદીઓ, પશુ પક્ષીઓ, ચિત્ર વિચિત્ર રંગનું આકાશ, અને વિવિધ રંગની વનસ્પતિએ છવાએલી રળિયામણી ભૂમે અહોનિશ નજરે પડે, ત્યાં કવિઓની શકિત પણ તેજ પ્રમાણમાં મ્હોટી ને વિચિત્ર હોય એમાં આશ્ચર્ય જેવું કંઈજ નથી. સારા કવિ નીવડવાને જગતના અવલોકનની જરૂર છે. બાયરને ઇટાલી, ગ્રીસ ને સ્વિત્ઝર્લાંડમાં મુસાફરી કરી હતી એટલુંજ નહીં, પણ સ્વિત્ઝર્લાંડના સૃષ્ટિસૌંદર્યથી મોહિત થઈ તે ઘણીવાર ત્યાંજ રહેતો હતો. યાત્રા એ પર્યટણને માટે ધર્મ શાસ્ત્રે મુકેલી અગત્યની ફરજ છે, અને તીર્થો દેશને દરેક છેડે તથા રમણીય સ્થળોએ સ્થાપિત કરેલા હોવાથી યાત્રા કરનાર

---

* History of Civilization, Volume I, Pp. 132–133.

ને આખા હિંદુસ્તાનમાં, અને તેના સુંદર ભાગોમાં ફરવાની જરૂર પડે છે. આથી કવિઓને વિશેષ લાભ થાય એ સ્પષ્ટ છે. † પુખ્ત ઉમરે મુસાફરી કરનારને—ને તેમાં વળી હિંદુસ્તાનમાં ફરનારને—ઘણી તરેહનો અનુભવ મળે છે, અને તે અનુભવના સાધનથી દયારામ જેવો જન્મથી વિચક્ષણ પુરૂષ કવિ તરીકે કુશળતા પામે એ દેખીતું છે. *

પ્રથમ પ્રવાસમાંથી આવ્યા પછી દયારામે ગરબા, ગરબી, પદ વિગેરે લખવા માંડયાં, ને જેમ જેમ લોકોમાં તેની ખ્યાતિ પ્રસરતી ગઇ તેમ તેમ એને હોંસ અને ઉમંગ વધતાં ગયાં. વડોદરા નિવાસી હરિભટ્ટે ‡ એને આગ્રહી થવાનું વિશેષ કારણ આપ્યું. રા. ઇચ્છારામ લખે છે § કે વડોદરાના વ્યાસ રા. પ્રાણશંકર વૈજનાથના કહેવા પ્રમાણે ડભોઇમાં દયારામ જે રાગનાં ને જે ઘાટીનાં પદો ને ગરબીઓ બનાવતો તેવીજ ઘાટીનાં પદ હરિભટ્ટ વડોદરામાં બનાવતો હતો. હરિભટ્ટની આ ઉધ્ધતાઈથી દયારામ ઘણો ચ્હીડવાતો હતો. એક તરફ હરિભટ્ટના શિષ્યો હરિભટ્ટનાં વખાણ કરતા,

---

† યાત્રાના પ્રવાસમાં દયારામને વ્રજ ભાષાનો સારો અભ્યાસ થયો, ને ભક્તજનોના ચરિત્રો સાંભળવાનો લાભ મળ્યો; તે સાથે વલ્લભ સંપ્રદાયના અષ્ટ સખાઓના ગ્રંથોનો પણ સારો અભ્યાસ કરેલો જણાય છે: કેમકે કવિવર્ય સુરદાસના પદોના અલંકાર ને દષ્ટાંતો દયારામની કવિતામાં ઠેરઠેર માલમ પડે છે એટલુંજ નહીં પણ કેટલાક પદો તો સુરસાગરમાંથી ભાષાનો ફેરફાર કરીને લીધેલાં પણ જણાય છે.—બૃ. કા. દો. ૫, પા. ૧૩.

* પ્રા. કા. ૨, કવિચરિત્ર—પા. ૧૨.

‡ એ હરિભટ્ટ જે કવીશ્વર દલપતરામના કાવ્યદોહનમાં છે તે, એવું રા. ઇચ્છારામનું કહેવું છે.

§ બૃ. કા. દો. ૫, પા. ૧૭.

અને બીજી તરફ દયારામના શિષ્યો દયારામના વખાણ કરતા. આ સરસા સરસીમાં દયારામે ઉપરાચાપરી એટલાં બધાં પદો બનાવ્યાં કે હરિભટ્ટ અટકી પડયો, ને દયારામના શિષ્યોએ તેની હાર ગજવી. આ સ્પર્ધામાં દયારામે એકજ દિવસમાં ૧૦૦ પદો બનાવ્યાં કહેવાય છે. દયારામના શિષ્યો આ પદો વડોદરામાં વૈષ્ણવોને ઘેર મેળાવડા કરીને ગાતા. એક દિવસે દયારામે "માનીતિ મોહન તણી આ વાંસલડી રે" એ પદ * પોતાના શિષ્ય ડાહ્યાભાઇ સાથે મોકલ્યું, ને તેણે હરિભક્તિની દુકાનમાં ગાયું, ને સૌએ ઘણું વખાણ્યુંઃ ને મળેલાઓએ કહ્યું કે દયારામને હરિભટ્ટ નહિ પહોંચે. આ સમયથી હરિભટ્ટે માન મૂકયું.

ખંડક ૨—વૈષ્ણવ.

દયારામ આશરે ૨૫ વર્ષની વયે (એટલે યાત્રા જઇ આવ્યા પછી તરતજ) વલ્લભી વૈષ્ણવ સંપ્રદાયમાં દાખલ થયો હશે એમ લાગે છે. એ પછી તેણે કેટલેક વર્ષે મરજાદ લીધી—એટલે કોઇનું રાંધેલું ખપે નહીં. એ હમેશા હાથેજ રસોઇ કરીને જમતો. છેક આખરને વખતે માત્ર એક મરજાદી નાગરણ એને રસોઇ કરી આપતી હતી.

કવિ નર્મદાશંકરના કહેવા પ્રમાણે દયારામે ૩૫-૪૦ વર્ષની મ્હોટી ઉમરે સમર્પણ લીધું હતું. વળી એના "ભગવદ્ગીતા માહાત્મ્ય"માં શિવ અને કૃષ્ણ બંનેના નામ છે તે ઉપરથી કવિ નર્મદ એમ ધારે છે કે દયારામે તે વેળા પુષ્ટિપંથ સ્વીકાર્યો નહોતોઃ અને રતનબાઇ સોનારણના કહેવા પ્રમાણે તો તે ૩૫-૪૦ વર્ષની ઉમરે શ્રીનાથજી જઇને સ્વીકાર્યો હતો.† ગમે તેમ

* કા. સં., પા. ૨૦૭.

† ન. ગ., પા. ૪૭૫.

હોય પણ આ વાત માનવા જેવી લાગતી નથી. જોગી શિવના સંબંધમાં દયારામે ઘણુંજ થોડું લખ્યું માલમ પડે છે. જો ૩૫-૪૦ વર્ષની ઉમર થતાં સુધી સ્માર્ત રહ્યો હોય તો શિવના સંબંધમાં થોડું ઘણું પણ કવન કર્યું હોવુંજ જોઈએ. પણ તેમ જણાતું નથી. વળી "ભગવદ્‌ગીતા માહાત્મ્ય"માં તે લખ્યાનું વર્ષ કવિ આ પ્રમાણે આપે છે:—

શક અષ્ટદશ અધ્યાયના, શ્રીમધ્ય સુભગ શ્રાવણ માસ;
જન્માષ્ટમી ભૃગુવાર ગાથા, પૂરણ થઇ ઇતિહાસ.

કા. સં., પા. ૫૯. ×

'અધ્યાય' શબ્દ સાધારણ રીતે દશમસ્કંધના અધ્યાય દર્શક છે, અને તે પ્રમાણે સંખ્યાવાચક હોઇ ૯૦ અથવા ૫૨ બતાવે છે. સંવત ૧૮૫૨નું વર્ષ લેતાં દયારામની ઉમર (જન્મ વર્ષ ૧૮૨૩ ખરું

× "શક એટલે શાલીવાહન શક ૧૭૦૦ તો ખરોજ પણ તે ઉપર અષ્ટદશ તે અઢાર અને શ્રી તે દશ (દશવિધિ લક્ષ્મી કહેવાય છે) એટલે ૧૭૨૮ એટલે સંવત ૧૮૬૩માં એટલે ૩૦ વરસની ઉમરે ઉપલી કવિતા જોડી છે." કવિ નર્મદ આ પ્રમાણે સાલનો નિર્ણય કરે છે. પણ એ નિર્ણય ભૂલ ભરેલો જણાય છે. દયારામે જે જે જગ્યાએ વર્ષ આપ્યાં છે ત્યાં ઘણેખરે 'શક' શબ્દ વાપર્યો છે: પણ તે શાલીવાહનના શકને અર્થે નહીં પણ સંવતને અર્થે વાપર્યો માલમ પડે છે. કારણકે 'સારાવલિ'નું વર્ષ આ પ્રમાણે આપ્યું છે:—

શક અષ્ટાદશ એંશી શ્રાવણ, દ્વાદશી રવિવાર—પ્રા. કા. ૧૩, પા. ૨૫૬.

હવે જો કવિ નર્મદની રીતિએ ગણીએ તો શક ૧૭૯૮ એટલે સંવત ૧૯૩૩માં એ ગ્રંથ લખાયલો હોવો જોઇએ. પણ દયારામ સંવત ૧૯૦૮માં પરલોકવાસી થયો હતો. એથી કવિ નર્મદની ગણત્રી ખોટી માલમ પડે છે.

જણાય છે તેથી) ૨૯ વર્ષની થાય, પણ વૈષ્ણવધર્મ સ્વીકાર્યા પછી થોડાજ વખતમાં આવો ભારે ગ્રંથ લખી શકે, એ જરા શક ભરેલું લાગે છે. વળી એનું મંગળાચરણ

શ્રી ગુરૂ પ્રથમ પ્રણામું પાય, જેથી કાર્ય સદા શુભ થાય;
વંદુ ઇષ્ટ સદા શ્રી કૃષ્ણ, સદા લહી પૂરે મન તૃષ્ણ;
સ્હાય કરો હું શુભ મતિ લહું રે.

શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલરાય, સનમુખ વિઘ્ન વિમુખ થઈ જાય;
ઇષ્ટ કૃષ્ણ સકળ શિરમણિ, મુજપર કરૂણા કરવી ઘણી;
ગીતા માહાત્મ્ય કથા કહું રે.—કા. સં., પા. ૧.

તેમજ અવસાન

.... કૃષ્ણ કેરો દાસ;
વૈષ્ણવની દીક્ષા વલ્લભી, જગ્ત વીદિત વેદ પ્રકાશ.

... ...

વક્તા તથા શ્રોતા કૃતારથ, થાય પૂરણ કામ;
શ્રી કૃષ્ણ ચંદ્ર પ્રસન્ન તેહને, સકળ સુખના ધામ.
શ્રી કૃષ્ણ બદન સરોજ પ્રગટયાં, સભા સંત વિલાસ;
હે શ્રી ભગવદગીતે દયા ઉર, વક્ત્રકરીએ વાસ.—કા. સં., પા. ૫૯.

સ્પષ્ટ બતાવે છે કે એ ગ્રંથ વૈષ્ણવ થયા પછીનોજ હશે. કવિ જાતેજ કહે છે કે

કૃષ્ણ કૃપાથી દયો વરણવે, શિવ ઉમિયા સંવાદ—કા. સં., પા. ૨.

આ ઉપરથી એ ગ્રંથ સંવત ૧૮૯૦નોજ હોવો જોઇએ.

વળી એનો 'પત્રલીલા' નામનો ગ્રંથ સંવત ૧૮૬૨માં લખાયલો છે; અને તેની સાથે 'કમળલીલા,' 'રૂપલીલા,' 'મુરલીલીલા,' વિગેરે લીલાના બીજા ગ્રંથો છે, તે ઉપરથી પણ એમ અનુમાન થાય છે કે દયારામે ૨૫ વર્ષની ઉગતી વયે વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યો

હશે, અને પાછળથી કેટલેક વર્ષે—૩૫-૪૦ વર્ષની મ્હોટી ઉમરે-મરજાદ લીધી હશે.

વૈષ્ણ સંપ્રદાયની મન મર્યાદા એણે કેવી રીતે લીધી હતી તે સંબંધી હકીગત શા. ઇચ્છારામને નીચે પ્રમાણે મળી છે †:—

શ્રી રાધારમણજીની કૃપાથી ગુરૂજીએ સંવત ૧૮૫૮માં મન મર્જાદા લીધી હતી. સં. ૧૮૬૧માં પાકી મર્જાદા લીધી હતી. શ્રી ડાકોરનાથજીના દર્શને ગુરૂજી ગયા હતા, ત્યાં એમના ગુરૂ ઇચ્છારામજીએ જણાવ્યું કે તું નવમો સખા છે, ત્હારે મરજાદા લેવી જોઇએ; તું જમનાપાન કરવાને જા, ને રમણરેતીમાં લોટીને પવિત્ર થા; અને આ દેહ તો ક્ષણભંગુર છે, તેનાપર ચાહના નહીં રાખતો, પણ કૃષ્ણપર ચાહના રાખજે. તે પછી ડભોઇ આવીને વડોદરેથી સામલભાઇનો સંઘ જતો હતો તેની સાથે શ્રીજીબાવાનાં દર્શન કરવાને પધાર્યા. અને પાછા ડાકોરનાથજીના દર્શન કરી, ગોમતીમાં સ્નાન કરીને શ્રી નાથજી ગયા. ત્યાં મહારાજને વિનતી કરીને મરજાદા લીધી હતી. સંઘના માણસો ગયા, પણ શ્રી વલ્લભ કુળના બાળકે ગુરૂજીને ઉપરણો ઓઢાડયો નહીં ને જવાની આગિયા* દીધી નહીં. એમ ત્રણ માસ રાખ્યા પછી ગુરૂજીએ બાપજીને વિનવવાથી, કહ્યું કે, દયા, મેં તને ફોકટમાં રાખ્યો નથી, પણ શ્રીજીબાવાની આગિયાથી * રાખ્યો છે. ત્હને કંઈ ચમત્કાર શ્રીજીબાવા બતાવવાના છે તે જોયા પછી તું જજે. તે સાંભળીને ગુરૂજી મુગા રહ્યા, ને કંઇ બોલ્યા નહીં. તેજ રાત્રિના ગુરૂજી ઉંઘતા હતા, ત્યારે શ્રીજીબાવાએ પધારીને ઉઠાડયા, અને કહ્યું કે મ્હારી સાથે ચાલ. પછી શ્રીજીબાવા

---

† બૃ. કા. દો. ૫, પા. ૧૮. શા. ચિમનલાલવાળા લિખિત ગ્રંથમાંથી આ હકીગત મળી છે, એટલે લખનાર ડાહ્યાભાઇ સાઠોદરાજ હશે.

* આજ્ઞા.

સાથે વૃંદાવનમાં ગયા, ત્યાં રાસક્રીડા બતાવીને ગુરૂજીને બહુ દિવસ રાખ્યા. છેલ્લે દિવસે શ્રીજીબાવાએ કહ્યુ કે જેવી આ લીલા તેં જોઈ છે તેવીજ ગાજે ને મ્હને પ્રસન્ન કરજે. શ્રીનાથજીમાં જે મ્હવારના ઉઠ્યા તે દિવસ કંઈ અલૌકીક લાગ્યો, ને શ્રીજીના દર્શન કરવા ગયા, ત્યારે વસંતના દહાડા જણાયા ને દોલોત્સવની સામગ્રીઓ થતી જોઇને ઘણું આશ્ચર્ય લાગ્યું. દર્શન કરતાં શ્રીજીને હસતાં જોયા, ને કોઇ સાંભળે નહીં તેમ ગુરૂજીને કહ્યું કે મ્હારા પ્રતાપથીજ તું આ દશાને પામ્યો છે. મ્હારી ક્રીડા અદ્ભૂત છે તે દૈવી જીવજ જોઇ શકે છે, પણ આસુરી જીવ જોઈ શકતો નથી. ગુરૂજી ઘણા ખુશી થતા ઉતારે આવ્યા ને જેવી જોઇ હતી તેવી લીલાનો વૃંદાવનવિલાસ * ગાયો; અને સૈનઆર્તિ વેળાએ મહારાજની હુજુરમાં ગાઈ સંભળાવ્યો, એટલે મહારાજે પોતાનો ઓઢેલો ઉપરણો ઓઢાડયો. ત્યાંથી નીકળીને વૃંદાવન પધાર્યા હતા; અને જે રાત્રિના જોયું હતું તે સર્વ ચિહ્નો, અને પોતાનું પેહેરેલું બદિયાન જે ત્યાં ભૂલી ગયા હતા, તે તેવું ને તેવુંજ જમુનાજીના તટપરના ડાબા હાથપરના ઝાડપર લટકતું જોવામાં આવ્યું. ત્યારે ગુરૂજીના જાણવામાં આવ્યું કે જમુનાજીમાં સ્નાન કરવાને, એ બદિયાન કાઢીને ઝાડે ભેરવ્યું હતુ. † * * * આ યાત્રા કરી ચાર વર્ષે ડભોઇ આવ્યા, ત્યારે તેમના શિષ્યો છેક વડોદરે તેડવાને ગયા હતા. કમનસીબે હું જઇ શકયો નહોતો; કેમકે માંદો હતો. પણ ડભોઈ આવ્યા પછી ગુરૂજી મ્હને પ્રેમથી ભેટયા હતા; ને કહ્યું કે તુ મ્હને મળવા નહીં આવ્યો, પણ ત્હારૂં મન મ્હારી પાસે હતું.

---

* કા. સં., પા. ૫૯૬-૬૦૨.

† આ પછી લગભગ દોઢ પાનુ રદ ગયું છે.

આ પ્રમાણે પ્રથમ યાત્રા વખતે દયારામ માત્ર વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રવેશ કરતો હતો, અને બીજી યાત્રા પછી શુદ્ધ થઈને મરજાદ લીધી હતી એમ માનવું યોગ્ય માલમ પડે છે.

વલ્લભી સંપ્રદાયના વૈષ્ણવ થયા પછી દયારામે કોઇ ખાસ મહારાજની કંઠી બાંધી નહોતી. માત્ર શ્રીમદ્ વલ્લભાચાર્યને પોતાના ઇષ્ટ ગુરૂ સમજતો હતો, અને જ્યારે વડોદરે જતો ત્યારે ગોસાઇજીના મંદિરમાં બેસીને સુરદાસાદિ અષ્ટ સખાનાં પદો પ્રેમથી ગાતો. વૈષ્ણવ ધર્મમાં એનું મન બહુ ચુસ્ત હતું: તો પણ બીજા ઘેલા વૈષ્ણવોની માફક એણે મહારાજોની બહુ દરકાર રાખી હોય એમ લાગતું નથી. એનો સ્વભાવ બહુ ઝાંઝી, સ્વતંત્ર અને અભિમાની હતો, અને તેથી મહારાજોના તરેહ તરેહના ઠાઠ અને ઢોંગો એને અનુકૂળ નહોતા.

એ બાબતમાં કવિ નર્મદાશંકર લખે છે* કે ચિમનલાલના કહેવા પ્રમાણે "બુંદીકોટાના દ્વારકેશના મંદિરના દ્વારકાનાથજીની ગાદીના પુરૂષોત્તમજી મહારાજ જે કવિના ગુરૂ થતા હતા તે ડભોઇ આવેલા. તેને લોકોએ સમજાવ્યું કે દયારામ તો ઘણો મિજાજી છે, ત્યારે તેણે કહ્યું કે આપણે એને દર્શન નહીં કરાવીએ. એ વાત સાંભળી દયારામે તે મહારાજની નિંદાનું એક પદ ‡ બનાવી મોકલ્યું: તે પદ મહારાજની પાસે બેસનારા કેટલાએક સેવકોએ વાંચ્યું તો તેમાં કવિની ફક્કડાઇ જોઇને મહારાજ પોતે દયારામને ઘેર ગયા. દયારામે મહારાજને આવતા જોઇને બારણા બંધ કર્યાં. પણ પછી લોકોનો આગ્રહ જોઇને

---

* ન. ગ., પા. ૪૭૭.

‡ એ પદ કયું તે જણાવ્યું નથી. કદાચ કા. સં., પા. ૨૯૯નું 'વૈષ્ણવ નથી થયો તું રે' પદના જેવું હશે.

ઉઘાડયાં. ઘરમાં મહારાજ પધાર્યા પછી કવિએ કહ્યું કે 'લ્યો આ તમારી કંઠી' એમ કહીને કંઠી તોડી નાંખી. થોડીવાર પછી મહારાજને શાંત થયલા જોઇને દયારામ બહારના વિવેકમાં બોલ્યો કે મ્હારી પાસે ભેટ આપવાને બીજું કાંઇ નથી. આ બે પુસ્તકો છે તે લો. પછી પાછી મહારાજે કંઠી બાંધી. એવો તે ક્રોધી હતો."

બીજું દૃષ્ટાન્ત ચાણોદથી મળી આવેલું રા. ઇચ્છારામ નીચે પ્રમાણે આપે છેઃ †

એક વેળા ગોકુળચંદ્રમાની ગાદીના વિઠ્ઠલેશજી (આ નામ વંશાવળીમાં મ્હને જડયું નથી–કંઈ ફેરફાર હશે) મહારાજ ડભોઇ પધાર્યા. દયો વૈષ્ણવી ધર્મ પાળતો, પણ મહારાજને માનતો નહિ. સઘળા વૈષ્ણવો એ મહારાજને મળવા ભેટ ધરવા ગયા, પણ કવિ ગયો નહીં; ત્યારે મહારાજે પોતા પાસે આવવા સેવકને મોકલ્યા. કવિ કહે કે હું મહારાજથી હેઠો નથી, માટે જો મ્હારી ગાદી મહારાજને બરાબરની હોય તો ભલે, આવવા ખુશી છું. આ હકીકત મહારાજના સેવકોએ મહારાજને કહી ને પછી એને નમાવવા પ્રપંચ રચ્યો. ગાદી નંખાવી, ને તેની તપાસ દયારામે પોતાના એક શિષ્ય પાસે કરાવી, ત્યારે એ પોતે ઊઠીને ગયો. પણ જેવો એ ગાદીપર બેસવા જાય છે તેવી ગાદી એક બીજા સેવકે ઉઠાવી લીધી. ઘણા ક્રોધથી દયારામે મહારાજના મ્હોંપર તુચ્છકાર કીધો, ને ગુસ્સાથી ઘેર ચાલ્યો ગયો. મહારાજે કહાવ્યું જે અમારી કંઠી છોડી નાંખો, એટલે વધારે ક્રોધ ચઢયો, ને જે સેવક કહેવા ગયો હતો તેનાજ હાથમાં કંઠી તોડી નાંખી ને આપી ને કહ્યું કે 'તે ગુસાઇ બાવાને આપ

---

† બૃ. કા. દો. ૫, પા. ૨૫.

કે લે તારી બે દમડીની કંઠી! હવે કંઈ બાકી છે.' એ પછી મહારાજ જાતે એની મુલાકાતે આવ્યા, પણ પોતાના આંગણામાંથી પાછા કાઢયા. આથી મહારાજ ઘણા નારાજ થયા, ને એક વૈષ્ણવ, જે દયારામને કંઇ મદદ કરતો હતો તેણે મદદ કરવી પણ છોડી દીધી, પણ કવિએ કોઈની પણ દરકાર કીધી નહીં. એ દિવસથીજ એણે વૈષ્ણવી કંઠી બાંધવાથીજ વૈષ્ણવ કહેવાયછે એમ નથી, એવો ઘણા જનને બોધ કીધો હતો.

દયારામ વૈષ્ણવી મહારાજોને માનતો નહીં એ લોક વાર્તા નથી, પણ એ સત્ય છે તે માટે ડાહ્યાભાઇ સાઠોદરાએ આ પ્રમાણે લખ્યું છે *:—

"એક દિવસે મહારાજ દયાશંકરજીએ કહ્યું કે, વૈષ્ણવોને આડે માર્ગે દોરનારા તેઓના ગુરૂઓ છે. જેમ મનુષ્યોમાં દૈવી અને આસુરી જીવો છે તેમ મહારાજોમાં પણ છે. મનક્રમ વચનવડે સત્ ગુરૂ રૂપ થવું કઠિણ છે, પણ અસાધ્ય નથી. જ્યારે હમે પાંચમીવાર રમણરેતીમાં લોટવાને શ્રી ગીરીરાજ પર ગયા, ત્યારે શ્રી કાંકરોલીવાળા છેલબટાઉ જેવા ગોંસાઈબાવા વનજાત્રા કરવા આવ્યાં હતા. જાત્રાળુઓનો મોહટો સંઘ હતો, તેમાં અનેક સ્ત્રી પુરૂષોના જુટના જુટ આવતા હતા, તેઓ પુરણ પુરૂષોત્તમ રૂપ ધારીને આ બાળકોને પ્રણામ કરવાને એટલે પગે લાગવાને જતી હતી અને પુગની જે ખાવાનું તે ધરાવતા ને સેવા પૂજા કરતા, લાડ લડાવતા, હીંડોળે ને પારણે ઝૂલાવતા, કેસર સ્નાન કરાવતા, ને સાક્ષાત્ કૃષ્ણ છે એમ એ જીવ રૂપ પ્રાણીને એટલે સંસારમાં વલુંધેલા મનુષ્યને કેહેતા. પણ જીવ જે એકજ પદાર્થપર ચોંટેલું રહે તે શ્રેષ્ઠ જે મોટું છે તે દૈયન કેહેતાં બે સ્થળે ભમતું રહે છે તેઓનો ઓદ્ધાર થતો નથી. એ પુરૂષોત્તમજી સ્ત્રીઓમાં મસ્તાના સાંઢ માફક ફરતા. ને અનેક સ્ત્રીઓના

અંગપર હાથ નાંખતા, જે જોવાથી હમને ઘણો સંતાપ થતો હતો; આ ગુરૂ થઇને પોતાની પુત્રી કેહેતાં દીકરી જેવી સ્ત્રીઓ પ્રતિ તેમની વૃત્તિ કેમ થઈ જાય છે; અને શ્રી ઠાકુરજી તરફ તેમના નેત્ર કેમ ઠેરતા નથી. એવા પાપીઓને શ્રી ઠાકુરજી યોગ્ય શિક્ષા કરે છે તે અમે નજરે જોઇએ છે, તે તમને સૌને કહીએ છીએ ને તે પરથી ચેતીને ચાલવું કે જેથી રસ્તાના રોડાપેરે જતા ને આવતાની લાતો ખાવી નહીં પડે. એ મહારાજ તો એમજ સમજતા હતા કે આ સૌ વહુ દીકરીના હમેજ ધણી છીએ. તે પ્રમાણે ગણીને ઉદેપુરના ભાયાતની રાણી દર્શને પધારી તેની ઠઠા કીધી ને કંઇક અલપચારી પણ કીધી. જે વાતની ખબરો તેના દરબારને થઇ તેથી મહારાજને પકડવાને સો સો સ્વારો મોકલ્યા. આ વાતુંની † ખબરો મહારાજને થવાથી તેઓને નાશીને તુરતને તુરત કાંકરોલી આવવું પડયું હતું. સદ્‌ગુરૂ એવા ન જોઇએ કે જેઓ પાપ બુદ્ધિથી વર્તે. તેવાઓ તો તુષાર જે હિમ તેની પેઠે ઠંડા થઇ જાય છે; ને શિષ્યને તપાવે છે કહેતાં બાળે છે. સંતપુરૂષ સંતાપતા નથી, પણ તેઓના સંતાપ પણ સુખરૂપ છે, પણ દુષ્ટ જનનું સન્માન પણ નઠારૂં, તે દેહને બાળે છે. તેમજ અધમગુરૂના આશીર્વાદ દુઃખરૂપ છે ને સુધાર્મિક ગુરૂના કડવા વચન પણ સેહેવા જોગ છે. અમને તે દિ કહેતાં દિવસથી ગોંસાઈના દુષ્ટ બાળકો પ્રતિ બહુ અભાવ આવ્યો છે. એવા દુષ્ટની સેવા કરવી તે પણ પાપરૂપ છે.”

આ પ્રમાણે દયારામે વલ્લભી સંપ્રદાય માત્ર કૃષ્ણભક્તિને માટેજ ગ્રહણ કર્યો હશે એમ અનુમાન થાય છે. પ્રથમ પોતાના ઇષ્ટદેવ જે શિવ તેની થોડી ઘણી કવિતા કરેલી પણ જોગી

* બૃ. કા. દો. ૫, પા. ૨૬.

† વાત.

દેવની કવિતામાં તેને પછવાડીથી રસ ન લાગેલા તેથી, અને જોગી શિવના કરતાં ભોગી કૃષ્ણની કવિતામાં પોતાના જારી પ્રીતિ સંબંધી ઉભરા ઘણા કહાડી શકાય તેથી, અને કૃષ્ણની કવિતાના કદરદાન પણ ઘણા વૈષ્ણવો મળી આવે એમ વિચારી તેણે કૃષ્ણની કરવા માંડેલી.* તોપણ જ્યારથી તેણે પુષ્ટિપંથ સ્વીકાર્યો ત્યારથી તો કૃષ્ણનીજ અને વલ્લભકુળમાહાત્મ્યનીજ કવિતા કરેલી એમ સાફ જણાય છે. 'કમળલીલા', 'બાળલીલા', 'રાસલીલા' આદિ લીલાના ગ્રંથો, 'વ્રજમહિમા', 'પ્રેમરસ ગીતા,' 'રસિયાજીના મહિના,' 'રૂક્મિણી વિવાહ' આદિ વિવાહના ગ્રંથો વિગેરે ઘણા કાવ્યો કૃષ્ણના સંબંધનાંજ છેઃ અને કૃષ્ણના આગ્રહી ભકત હોવાને લીધે એનાં કાવ્યોમાં કૃષ્ણના મહિમાનું અને કૃષ્ણના ચરિત્રનું એકરૂપે અથવા બીજે રૂપે ગાન થયાંજ કરે છે.

એવીજ રીતે વલ્લભીસંપ્રદાયને અને વલ્લભકુળને લગતાં પણ કેટલાક ગ્રંથો લખ્યા છે. 'રસિકવલ્લભ,' 'પુષ્ટિપથ રહસ્ય,'

---

* એ બાબતમાં રા. ઇચ્છારામ આવી ખબર આપે છે:—રા. ચિમનલાલને મ્હોડે દયારામભાઇએ કહ્યું હતું કે " એ મૂર્તિ (કાશી વિશ્વેશ્વરની) હરિહરની હતી, તે કેવળજ તેજપુંજથી ઝળહળી રહી હતી. ક્ષણમાં હરિ–વિષ્ણુનાં દર્શન થતાં, ને ક્ષણમાં હર–મહાદેવનાં દર્શન થતાં હતાં. હું ઘણો ગુંચવાડામાં પડયો, ને બેઉ દેવોની સ્તુતિ કરવામાં લીન થઇ ગયો, અને જ્યારે આંખ ઉઘાડીને પાછી નજર કીધી ત્યારે દેવળ ને જળાધારી તથા શિવલિંગ શિવાય બીજું કંઇ નજરે પડયું નહીં. એ મૂર્તિ સદાકાળ મ્હારા હૃદયમાં કોતરાઇ રહી છે. શિવ અને વિષ્ણુ એકજ છે, પણ શિવજી જોગી છે, ભસ્મ લગાડનાર ને સ્મસાનવાસી છે, તેની લીલા ગાવામાં તે શો રસ પડે ? ભોગી વિષ્ણુ–કૃષ્ણરૂપે સચરાચર વ્યાપી રહેલો છે તેની લીલા ગાવાથી હૃદય કુમળું ને ઉત્સાહી બને છે, તેથી હું તેને ગાઉં છું."—બૃ. કા. દો. ૫, પા.૯.

'ભક્તિ પોષણ' આદિ ગ્રંથોથી વિષ્ણુમાર્ગનું ઉચ્ચપદ સ્થાપિત કરવાને કવિએ ઘણો શ્રમ લીધો છે. 'રસિકવલ્લભ'માં વલ્લભી વૈષ્ણવને યોગ્ય મંગળાચરણ

પ્રથમજ પ્રણમું શ્રીગુરૂપાયજી, વ્હાલે વંદુ શ્રી વ્રજરાયજી;
અષ્ટસખા વંદું હરિ રૂપજી, રસિક શિરોમણિ કવિકુળ ભૂપજી.
મુજને જાણી સહુ નિજ દાસજી, મુજ હ્રદયામાં પૂરો વાસજી;
મુજને ભાસે નિજ પ્રભુ પંથજી, રચ્યું રસિકવલ્લભ શુભ ગ્રંથજી.
—પ્રા. કા. ૨, પા. ૧.

ફરી તરતજ કવિ કહે છે કે:—

આ ગ્રંથ રચના કરૂં છું ગુરૂ શિષ્ય સંવાદ કરી;
જેમાં ખંડન માયાવાદ શુદ્ધાદ્વૈત *પ્રતિપાદન ભરી.—
પ્રા. કા. ૨, પા. ૧.

---

* આ ભરતખંડને વિષે મુખ્ય સંપ્રદાયો તથા તેના આચાર્યો આ ચાર છે:-(૧) અદ્વૈત-શ્રીમત્ શંકરાચાર્યનો, (૨) દ્વૈત-મધ્વાચાર્યનો, (૩) વિશિષ્ટાદ્વૈત-રામાનુજાચાર્યનો, અને (૪) શુધ્ધાદ્વૈત-વલ્લભાચાર્યનો. જીવ અને બ્રહ્મ એકજ છે, અને જગત્ મિથ્યા છે-એવો શ્રીમત્ શંકરાચાર્યનો અદ્વૈત મત છે. મધ્વાચાર્ય કહે છે કે-બ્રહ્મ તે વિષ્ણુજ છે, અને જીવમાં તથા તેમાં હંમેશાં ભેદજ છે, માટે જીવે નિરંતર વિષ્ણુની સેવા કરવી-એવો એ તેનો દ્વૈત મત છે. હવે એ અદ્વૈત અને દ્વૈત-એ બંને મતની છાયા (મિશ્રતા) રામાનુજાચાર્યના મતમાં છે: કેટલેક અંશે જીવ અને બ્રહ્મમાં ભેદ, અને વળી કેટલેક અંશે જીવ અને બ્રહ્મની એકતા-એવો તેનો મત છે. પરબ્રહ્મ તે નારાયણ જગત્‌ના કર્તા અને લક્ષ્મીના પતિ છે; તે એ બે ગુણ (જગકર્તાપણું અને લક્ષ્મીપતિપણું) જીવને કદી પ્રાપ્ત થનાર નથી, બાકી બીજા સર્વ નારાયણના ગુણો જીવને પ્રાપ્ત થાય છે, પણ તે જીવન્મુક્ત દશા પ્રાપ્ત થાય ત્યારે—એવો એ રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત મત

અને પછી વેદાન્તીઓને ખભ આડે હાથે લે છે, અને એટલે સુધી કહે છે કે

કદિ બ્રહ્મ ભળ્યા તોય સુખ કશું, જળ સ્વાદ શો જળ રૂપ;
જ્યમ કમળ ગંધ ન કમળને, ભોક્તા સુગંધ મધૂપ.
છતે સ્વામિએ વિધવાપણું સહુ માને માયા વાદી;
જન દયા પ્રીતમ કૃષ્ણ નંદના, રસિક જન છે સ્વાદી.—

પ્રા. કા. ૨, પા. ૬૩.

'ભક્તી પોષણ'માં પણ એજ રીતે વૈષ્ણવ યોગ્ય મંગળાચરણ

શ્રી ગુરૂ વલ્લભ દેવને હું, પ્રથમ કરૂં પરણામ;
શ્રી વિઠ્ઠલ શ્રી કૃષ્ણ યમુને, મહા પૂરણ કામ;
પૂરણ કામ દામોદરદાસ, અષ્ટ સખા પૂરો ઉર વાસ;
શુભ મતિ દો અતિ પરમ પવિત્ર, ભક્તિ સુપોષણ ગાઉં ચરિત્ર-
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.—કા. સં. , પા. ૬૦.

લખી કવિ આગળ કહે છે કે

દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરૂષોત્તમ જેને માથે;
ધણી છતે વિધવાપણું, બ્રહ્મજ્ઞાનીનાં મન સાથે;
દાસપણે જે આનંદ છે, તે નથી ભળે જગદીશ;
જ્ઞાનીનું સુખ એવું જાણજો, પાગે આશો છેદાવે શીશ;

છે. અને વલ્લભાચાર્ય કહે છે કે—જડ, ચૈતન્ય, અને એ બેનું મિશ્રણ—એવા ત્રણ પ્રકારના પદાર્થો છે. પરંતુ જડ અને ચૈતન્ય એ બન્ને બ્રહ્મના પરિણામ છે; અર્થાત્ મૂળ વસ્તુઓ એક અદ્વૈતજ છે, પરંતુ જગત્‌ને વિષે જે નાના પ્રકારના પદાર્થો તથા તેનાં જે ઉત્પત્તિ અને નાશ ભાસે છે, તે સર્વ માત્ર તે એકજ અદ્વૈત મૂળ વસ્તુનો આવિર્ભાવ તથા તિરોભાવ થવાને લીધે એમ ભાસે છે; બાકી તેની ઉત્પત્તિ કીંવા વિનાશ કોઇ પણ પ્રકારે થતાંજ નથી—એવો એ વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત મત છે.—સ. સ., પા. ૪૨.

જીવ બ્રહ્મ થાયે નહીં, થાયે તો બ્રહ્માનંદ કહાંને;
ભોક્તાપણું જો માનશો, તો જીવ ટાળ્યો કહોને શાને.--

કા. સં., પા. ૬૩-૪.

પણ વલ્લભકુળની પ્રશંસાથી તો હદજ વાળી છે. 'સારાવલિ'ના મંગળાચરણમાં કવિ લખે છે--

શ્રી ગુરૂ વલ્લભ દેવ ને, શ્રી વિઠ્ઠલ શ્રી કૃષ્ણ;
પદ પંકજ વંદન કરૂં, પૂરે પૂરણ તૃષ્ણ.
વલ્લભ કુળ હરિરૂપ છે, જાણી સાધી સેવ;
દેવ તણા એ દેવ છે, ટાળે મન અહંમેવ.
પ્રભુ દર્ભાવતિ આવિયા, વલ્લભકુળ મણિ કેતુ;
દાસ દયો બોલાવિયો, તારક ભવજળ સેતુ.

... ...

પરમેષ્ઠિ પ્રભુ પાધરા, બોલ્યા એકાએક;
આજ્ઞા પાળો અમતણી, રાખી મનમાં ટેક.
ઇ૦ ઇ૦ ઇ૦--પ્રા. કા. ૧૩, પા. ૧૪૬.

અને બીજી એક * જગ્યાએ તો આથી પણ વધારે ચલાવ્યું છે. તેમાં તો એમજ ચોખ્ખું જણાવ્યું છે કે દુનિયામાં વલ્લભકુળ અને વૈષ્ણવ ધર્મ એજ સર્વનું સર્વસ્વ છે. જેમ,

---

* પ્રા. કા. ૧૩-પરચુરણ પદો, પા. ૬૫-૬૯. એ ઉપરાંત બીજી ઘણી જગ્યાએ એવાં વખાણ જોવામાં આવે છે. કા. સં., પા. ૨૪૧ની ગરબીમાં કવિ લખે છે—'પુષ્ટ પંથનો પ્રતાપ, વરણી શકે ન શેષ અતૂલ': અને પા. ૨૪૦-૪૧ નું ઘોળ પણ એજ રીતે 'શ્રીમદ વલ્લભ કરૂણારસ સમુદ્ર' માંથી ચૌદ રત્ન કહાડી ખીલાવી મૂક્યું છે.

ઊઠી સ્હવારમાં ગુરૂને શિર નામો, વલ્લભકુળ વિણ અન્યને વામો.
મનવાંચ્છિત ફળ એહ તમને આપે, દુઃખ દિલનાં તમારાં સહુ કાપે.
જેણે ગુરૂ વલ્લભનું દર્શન કીધું, તેણે જીવતરનું સફળ કરી લીધું.

... ...

જેણે વલ્લભકુળનું ચરણામૃત પીધું, તેણે વિષ્ણુધામ સ્વગૃહ કીધું.

... ...

જે હરિને પાલણે ઝૂલાવે, તે વૈકુંઠને ખેંચી ઘેર લાવે.
જે વલ્લભ કૂળને ઝૂલાવે ડોળ, તે નિત્ય લીલામાં કરે કલ્લોલ.

... ...

જે કૃષ્ણ કાજે ચંદન ઘસી લાવે, ત્રિવિધિ તાપ સંતાપ તેને નાવે.

... ...

જે વલ્લભકુળનું કીર્તન મુખ કરે, તેના ચરણ ચારે મુક્તિ ધરે.
ઈ૦ ઈ૦ ઈ૦ ઈ૦ ઈ૦

આ તો એક ધર્મ છોડી બીજા ધર્મમાં વટલેલા મનુષ્યો જે પ્રમાણે પોતાના નવા સ્વીકારેલા ધર્મના હમેશા જ્યાં હોય ત્યાં વખાણજ કર્યાં કરે તેના જેવું અહીં દયારામે કર્યું છે. પોતે શિવમાર્ગ ત્યાગ કરી વિષ્ણુમાર્ગ સ્વીકાર્યો હતો તેથીજ એમ લાગે છે કે આ ટીપનો સુર ચાલ્યો. આતો એક જાતની ઘેહેલછા કેહેવાય. આવી રીતે તો પંથની મહત્તા વધવાને બદલે ઉલટી ઘટવાનો સંભવ રહે છે. પણ પોતાના નવા જોમમાં કવિને એ વાત તે વખત ધ્યાનમાંજ નહીં આવી હોય.*

---

*વૈષ્ણવની યાત્રાને માટે પણ દયારામને એવુંજ ગાંડપણ લાગેલું છે. તે વિષે એ લખે છે:—

જેનુ ધન્ય ભાએગ ભવમાં જેણે વ્રજમંડળ જોયું,
જેણે વ્રજ રજમાં તન લોટયું તેણે જનમ મરણ ખોયું.

ખંડક ૩—અનીતિ.

દયારામની ચાલ ચલગત વિષે અનેક લોક વાર્તાઓ સંભળાય છે, અને જૂદા જૂદા પુરૂષો જાદા જૂદા પ્રકારના મતો આપે છે. એમાં સત્ય કેટલું છે એ શોધી કહાડવું ખરેખર મુશ્કેલ છે, તોપણુ આટલું તો નિર્વિવાદ રીતે કહી શકાય કે તે

શ્રી વૃંદાવન રાસરમણુ સ્થળ જેણે નહીણે નીરખ્યું,
તેના ભાગ્યોગમાં કેટલુંજ સુખ છે તે કોઇએ ન જાય પરખ્યું.
શ્રી જમુનાજળ સ્નાનપાન સેહેજે તેહને તુત નુત નુત મળીયું,
કદાપિ કુસ્ચિત કર્મ બને તોએ જમપુરી જાવું ટળીયું.
ચોરાસી કોશની પરીક્રમા કીધી તેને ચોરાશી નથી ભમનું,
વન ઉપવન જોઇ આનંદ આવ્યો તેને હરિસંગ ઠર્યું રમવું.
શ્રી ગોવરધન શ્રી મહારાણી જેણે પ્રેમધરી પૂજ્યા,
તેહેના એકોતર શત પેહેડી પ્રાણી તેને હરિના ચરણુ સૂઝ્યા.
સેવ્યા સમર્યા જેણે શ્રીનંદાનંદન શ્રી ગોકુળ વસીને,
દયાનો પ્રીતંમ તેહેને પ્રેમે પોતાનો કરી હાથ ગ્રહે હસીને.—
કા. સં., પા. ૨૯૮.

વળી એજ રીતે જ્ઞાન અને વૈરાગ કરતાં ભક્તિ વધારે શ્રેયસ્કર છે એવું સાબીત કરવાને કંઇ અજબ તરેહનાંજ ન્યાય અને તર્ક વાપરે છે. તે સંબંધમાં કહે છેઃ—

દેહ તેનો તેહ જેને, હ્રદે જેવું રૂપ;
ઉર જેહને સ્ત્રી ભક્તિ છે, તે જાણુવા તદ્રૂપ.
નહિ મોહ સ્ત્રીને સ્ત્રી થકી, છે માયા પણુ સ્ત્રી દેહ;
ભક્તને ન દમે અજા તે, સમજવું કારણુ એહ.
પુલ્લિંગ જ્ઞાન વૈરાગ યોગાશ્રિત તત્સમ સોહે;
તે માટે પીડ પ્રધાન દે છે, નારી નરને મોહે—પ્રા. કા, ૨, પા. ૭૭.

તરૂણાવસ્થામાં લફંગો, લંપટ અને કામી હોવો જોઈએ.† એનામાં કેટલાએક ગુણોજ એવા હતા કે જેથી બાળાઓનું ચિત્ત ચોરાય, મોહ પામે, અને સેહેજમાં વશ થઈ જાય. તરૂણાવસ્થામાં ચંડીપુરના પનઘટપર બેસી રસીક લાવણીઓ કોમળ મધુરા સ્વરે ગાતો, અને સ્ત્રીયો પ્રતિ અનેક પ્રકારનાં અડપલાં કરતો. એના શરીરની કોમળતા, કપડાંની સ્વચ્છતા, મ્હોની નાજુકતા, અને ગળીની મધુરતા જોતાં કોઈ પણ સ્ત્રી એના તરફ પ્રેમભાવથી જૂએ એમાં આશ્ચર્ય જેવું કંઈજ નથી. આજ પણ દયારામના પદો અને ગરબાઓ અને લાવણીઓ સાંભળી સ્ત્રી પુરૂષો મુગ્ધ બની જાય છે, તો જ્યારે આ રસિક કવિ પોતાનાંજ કાવ્યો મધુર મોહક સ્વરથી ગાય તે સમયે ડભોઇ ચાણોદની પ્રેમીલી અને રસઝીલી સ્ત્રીઓ એના ભણી ખેંચાય, એને માટે અધીરી બને, અને એની પાછળ ગાંડી ઘેલી ફરે—દોડે એ સ્વાભાવિક છે.

એમ છતાં રા. સા. હરગોવિંદદાસ લખે છે* કે "જો તેમણે (દયારામે) ઘણીક સ્ત્રી સાથે રંડીબાજી કરી હોય, ને એવી અનીતિમાંજ ખ્યાતિ મેળવી હોય, તો લોકોને તેમના ઉપર

---

† અનીતિ પીઠે તેં, નિરખિ નરિ નારિ જગ જગે;
કરી જારી જારી, વિખ બહુ પસાર્યું રગ રગે;
છિનાળી છાની તેં, છકિ છબિ છુપાવી કરિ મથી;
કિધાં કાળાં કાલાં, કુડ કરમ કામી કપટથી.
ઋતુસ્નાવે મૂર્ખા, ભય ન કંઇ રાખી મન ભિડયો;
પછી રોગે રોળ્યો, બહુ બહુ પછાડયો તવ રડયો;
બહૂ બાળા વીંધી, રતિભર ન ધારી રતિ કરી;
મુકીના રાંડેલી, ગરભવતી નારી ઝટ ધરી—ન. ક. ૧, પા. ૪૯.

આ કવન દયારામને લાગુ પડે ખરૂં ?!

* પ્રા. કા. ૨, કવિ ચરિત્ર—પા. ૫.

આવો ભાવ કેમ રહે? ડભોઈમાં હજી તેમની ચાલ સંબંધે વિષે વિવિધ મત ચાલે છે. દયારામને વખાણનાર તથા તેમના ભાવિક શિષ્યો તેમને કેવળ સદાચરણી માને છે અને બીજાઓ તેમની ચાલ શુદ્ધ નહોતી એમ કહે છે. કેટલાક કહે છે કે ન્હાનપણમાં તેમની ચાલ ગડબડીઆ હતી: મ્હોટપણમાં તો ફક્ત રતનબાઇ સોનારણ સાથેજ તેમને સંબંધ હતો. કોઈ કહે છે કે રતનબાઈ તેમને દેવ તરીકે ગણી પૂજતી, ને તે બે વચ્ચે કોઈ પણ જાતનો આડો સંબંધ નહોતો."

દયારામે જે જાતના શૃંગાર † લખ્યો છે, સ્ત્રીઓના જે હાવભાવ ‡ ચિતર્યા છે, જે વિહ્વળતા § વર્ણવી છે, અને જે વિરહ વેદના * નું દર્શન આપ્યું છે તે ઉપરથી લંપટપણામાં એ સઘળો અનુભવ એને મળ્યો હશે એમ અનુમાન થાય છે. 'ગોળ પોતાના ખુણે ખાઈએ, કરીએ દીઠા અદીઠાજી; પ્રગટ કરી બજારે બેઠાં શું, લાગે છે અતિ મીઠા'** એવું જે કવિ શૃંગારમાં લખે, તે કવિની નીતિ વિષે શક ન જાય, એ બનવું મુશ્કેલ. અને જેઓએ દયારામને જોયલો અને તેની સાથે સહવાસમાં આવેલા, તે પુરૂષો કવિ લંપટ નહોતો એવું સાફ કહેવા આનાકાની કરે છે. રા. ઇચ્છારામને ચાણોદમાં એક વૃદ્ધ બાઈ મળી હતી, †† જે દયારામને પોતાના સ્વામિ તરીકે બોલાવવામાં જરા પણ સંકોચ પામતી નહોતી, અને કવિ પ્રત્યે જે લાગણીથી બોલતી હતી તે માત્ર એક પ્યારીનેજ શોભા આપે, શિષ્યાને તો નહિજ. એ શિવાય બીજી એક નામજાદી ગાનારી ‡‡ મળી

---

† કા. સં., ગરબી ૭, ૧૮, ૬૯.
‡ કા. સં., ગરબી ૮, ૨૩, ૩૨.
§ કા. સં., ગરબી ૯, ૩૧.
* કા. સં., ગરબી ૨૫, ૬૦.
** કા. સં., ૧૮૩.
†† બૃ. કા. દો. ૫, પા. ૧૫.
‡‡ કા. દો. ૫, પા. ૧૬.

હતી, જે બાઈ કવિના ઘરનું કેટલુંક કામ કરવા જતી હતી, ને કવિ એનાપર બહુજ ખુશ હતો. એક વેળા દયારામ શરીરે માંદા હોવાથી ને માથું પુષ્કળ દુઃખવાથી બપોરના એથી તે સાત કલાક સુધી બેસીને એ બાઇએ માથાપર ધ્રુપેલ ઘસ્યું હતું. કવિ એ બાઇનાપર ફીદા હતો અને અંતરનો સંબંધ હતો. આ બાઇ પણ કવિને પોતાનો પ્રિય કહેવામાં જરાપણ અચકાતી નહોતી.

આ સઘળી હકીગત ઉપરથી દયારામ મધ્ય વયમાં વિષયી હતો એતો નિઃશંક લાગે છે. કદાચ પાછળથી ઉત્તર વયમાં સારૂં જ્ઞાન થયા પછી અને જુવાનીનો તોર નરમ પડયા પછી સઘળું છોડી દીધું હશે. ‡ "જે કોઇ જન કલ્યાણ ચાહો તે સ્ત્રીની સંગત તજજોરે" † અને

"ઇંદ્ર ચંદ્ર પારાશર મુનિ રે, એકલશંગી મુન્ય;
શિવ બ્રહ્માદિક ભૂલિયારે, એથી મ્હોટો કોણ અન્ય.
મમતો ભ્રષ્ટ બધી વિશ્વનું રે, નવ રહેવું સ્ત્રીપાસ;
ધીરાને ચંચળ કરેરે, ઘાલે સત્યાનાશ."–કા. સં., પા. ૨૫૪.

–આ પ્રમાણે નીતિ–ભક્તિમાં કવિ ગાય છે, તે ઉપરથી પણ

---

‡ ઇંગ્રેજી કવિરત્ન બાયરનની વાણી યાદ રાખવા યોગ્ય છેઃ—

Yet to the beauteous form he was not blind,
Though now it moved him as it moves the wise,
Not that Philosophy on such a mind
E'er deign'd to bend her chastely-awful eyes:
But Passion raves itself to rest, or flies;
And Vice, that digs her own voluptuous tomb,
Had buried long his hopes, no more to rise.—

C. H., I. 83.

† કા. સં., પા. ૨૪૯.

એમ લાગે છે કે એણે સર્વ એલફેલ છોડયાજ હશે. તોપણ તરૂણાવસ્થામાં એણે ચાણોદ ડભોઇની સ્ત્રીઓ સાથે રાસક્રીડા ખેલવામાં જરાપણ કચાસ રાખી હોય તેવું જણાતું નથી. ચાણોદમાં રા. ઇચ્છારામને એક વૃદ્ધ નાગર બ્રાહ્મણ મળ્યો હતો, ‡ જે કહેતો હતો કે "દયારામે સ્ત્રીઓ સાથે ક્રીડા કીધી છે એ વાત ખરી છે, પણ એતો સાક્ષાત્ શ્રીકૃષ્ણનો સખા હતો અને પ્રેમી જનોના કોડ પુરવાને માટે જન્મ્યો હતો. તેણે કરેલી ક્રિડાને વ્યભિચાર કેમ કહેવાય? આસુરી જીવો આવી વાતની ખૂબી શુ જાણે!"

કૃષ્ણ ગોપીઓનાં પદોથી વૈષ્ણવ વર્ગમાં દયારામ બહુ ખ્યાતિ પામ્યો હતો. કેટલાક ભાવિક ભકતો તો એની પધરામણી કરતા અને ભેટપણ ધરતા. સ્ત્રીઓમાં પણ એની પધરામણી થતી હશે, અને તેઓ એના તરફ અન્યભાવથી જોતી હશે, અને તેથીજ જનમંડળમાં એની અપકીર્ત્તિ પણ ઘણી થયલી—એ રા. ઇચ્છારામે આપેલી નીચેની હકીગત * ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે:

"પ્રબોધની કહેતાં કાર્ત્તક શુદી એકાદશી, તે દિને પ્રભાતના ગુરૂજી ચંદિપુર જે ચાણોદ પધાર્યા ને શ્રીનર્મદાજીના શેષશાયી ઘાટે સ્નાન કારણે જતા હવાં. ત્યાં પગ સરકવાથી, વિધિ જે બ્રહ્મા, તેણે લલાટ જે કપાળમાં લખ્યું હતું તેના યોગવડે પાણીમાં પડયા, ને પ્રવાહ એટલે પાણીનો જોસ્સો તેમાં વહ્યા જે તણાયા. ત્યારે એક અસુર જેવા નાગરે કહ્યું કે પાપી નાગરો, ઠાકારની

‡ બૃ. કા. દો. ૫, પા. ૧૭. આ નાગર સાઠોદરો હતો, દયારામનાં શૃંગારનાં પદ સારી રીતે ગાઇ જાણતો હતો, ને કવિની સાથે થોડો કાળ રહેલો પણ હતો.

* બૃ. કા. દો. ૫, પા. ૨૦.

સેવા કરવા (કરવા) જાય છે. પછી ગિરજાશંકરભાઈ પાણીમાં પડ્યા ને ઘણે દૂરથી ગુરૂજીને સહિસલામત લાવ્યા હતા. ગુરૂજીએ કહ્યું કે દેહની ગતિન્યારી છે, કદાપી નંદલાલાની કબાણને યોગે હમે આજે તેના સ્વરૂપમાં પણ મલી જતે તો શી હરકત હતી. પણ આ પાપી અને ક્ષણ ભંગુર દેહને, વિશેષ પાપમાં પ્રવૃતમાન્ કરવાના પ્રયત્નથીજ જાણે ગિરજાશંકરે મ્હને કાઢ્યો છે. પછી શેષશાયી ભગવાનના દર્શન કરીને ઘેર આવ્યા ત્યારે ઘેલાભાઇએ કહ્યું કે કીરપાશંકર તો આજે આપની બહુ નિંદા કરતો હતો. તે વાત ગુરૂજીએ સાંભળી નહીં. રાત્રિના જાગર કરવાને માટે સૌ બેઠા ત્યારે ગુરૂજીએ કહ્યું કે ઘેલાભાઈ, વિશ્વંભર જે શ્રી કૃષ્ણજીની નિંદા કરવામાં ગોકુળના લોકોએ રંચ પણ મોઢું બંધ રાખ્યું નહોતું, તેનો દાસાનુદાસ જે હું, તેની નિંદા લોકો કરે તેમાં વ્રથાખેદ શા માટે કરવો, અર્થાત્ નહીં કરવો. અમે તો માત્ર કૃષ્ણ સ્વરૂપના કોડીયા છીએ, ને આ અમારૂં કાલજું તો તેણેજ કોર્યું છે, તો પછી અન્ય પર અમારૂં અંતર કહેતાં મન કેમ ફુલતું ડુલતું રહે તેનો જેઓને વિચાર નથી તેવા છુદ્રજનો હમારી નિંદા કરશે તો તેઓ ગોકુળમાં આવેલા કંશના મિત્રને શ્રી કૃષ્ણના શત્રુ જેવા છે. હમારી સેવામાં સ્ત્રીઓ તત્પર રહે છે, ને હમને ચંદન ચર્ચે છે તથા ફુલ ધરાવે છે, તથા પાદ તલાસે છે, તથા ભેટ ધરાવે છે, તેમાં હમને કશો સંબંધ નથી, ને હમે તેને તુચ્છ સમજીએ છીએ, અને ઘણી ના પાડીએ છીએ, પણ ભાવિક સ્ત્રીઓ તે વાત માનતી નથી તેમાં હમારે કંઇ દોષ નથી, પણ જીવના બિગાડ છે તેને ખોટો ત્રાસ થાય છે અને હમારાપર વ્રથા આરોપો મૂકે છે. હમારે માટે તમારા લોકોમાં એવી વાતો ચાલે છે કે અમે વિષયી છીએ, ને સ્ત્રીઓ જે પણ જીવ રૂપ છે તેની સંગે વિહાર કરીને હમારા જીવનું અકલ્યાણ હારીયે છીએ, જો તેમ નહીં તો હમે એકાતમાં સ્ત્રીઓની સેવા

કેમ સ્વીકારીએ, એમ પૂછે છે. અમે જે એકાંતમાં સ્ત્રીઓ સાથે બેસીએ છીએ, વાતો કરીએ છીએ, તેમની સેવા અંગિકાર કરી એ છીએ, હમારૂં કામકાજ કરવા દઈએ છીએ તે જારી ભાવથી નહીં, પણ દુષ્ટ જીવ મલંડા થઇને આ સંસારના બંધનમાં સપ ડાઈ ગયો છે તેના કલેશ કહેતાં સંસારનાં દુઃખો, હમારા સમાગ મથી દૂર થાય ને રાધાપતિ જે શ્રી કૃષ્ણ, તેના ચરણ કમળમાં તેમ નું ચિત્ત હમારી પેઠે પેશવાય તેને માટે તેમની સાથે વાતચિત નો સમાગમ રાખીએ છીએ. હા, હમે જારી રમીએ છીએ ને હમે જાર પુરૂષ છીએ, ને હમે જારી રહેવામાં માન માનીએ છીએ.

વિચારી જન તો જારી રમશે, રાખશે રદિયા રીશ;
અવિચારી જન તો જારીને તજશે, શું ગાશે જુગદીશ;
કૃષ્ણ શું જારી હમારે છે, જારી કરતા જીવ તારે છે.
નિત નિત જારી ઉમંગે રમીએ, જાએ જો પાપી જીવ;
પાછું પગલું ભરીયું ન વાલા, જારી રમતાં થાશું શિવ;
નહીં મૂકીશું પ્રેમનો કેડો રે, વ્યભિચારીને શિઘ્ર તેડો રે.
પતિવ્રતાનો નિમ છે એવો, રમવો સ્વપતિ સુરંગ;
નિત નિત પોઢે પાસે નંદલાલો, શિતલ થાયે મમ અંગ;
તેને પ્રેમે કાલજ કોર્યું રે, કૃષ્ણ સંગે મમ જીવ જોડયું રે.
દયાની પ્યારી કૃષ્ણજી કહાવે, કૃષ્ણની પ્યારી આ દાસી;
રમું રમાડું પ્રેમે પોઢું, જારી કૃષ્ણસું નહીં તો ઉદાસી;
એ વ્યભિચાર નિત કરીએ રે, એથી ભવસાગર તરીએરે.†

એ પ્રમાણે ભજન કર્યા પછી ગુરૂજી બોલ્યા કે હમારા જેવી જારી સૌ જીવે રમતા શીખવું જોઇએ. હમારી જારી ચર્મ ચક્ષુવાળા

---

† જૂઓ કા. સં. પા. ૨૪૪-જીવ જાણી લે ૪૦-ગરબી.

જીવો જે પાપ બુદ્ધિથી ભરપૂર છે ને વ્યવહારીક દૃષ્ટિથી જોય છે તેને પાપમય લાગે છે, અને દિવ્ય ચક્ષુવાળાની તેનાપર પ્રીતિ થાય છે. હાડ અને ચામ અને માંસ અને રૂધીરથી ભરપૂર, મળ મય આ દેહની ઉપર સન્મતી જીવને ઈચ્છા થતી નથી, તે તો અવિનાશી, દિવ્ય, કાંતિમાન અને ઝળહળતા જ્યોતિ રૂપ, મણિ મય, પ્રજ્ઞ તથા અલૌકિક કૃષ્ણપર પ્રીતિ કરે છે. જે જીવ હમને ઓળખતો નથી તે હમારી નિંદા ભલે કરે, હમારા જેવોજ જારી થાય ત્યારેજ તેનો મનખો સાચો થશે. હમારો તો તમને સૌને આજ ઉપદેશ છે કે હમારા જેવા જારી થશો ત્યારેજ તમો સ્વ સ્તિદ જે કલ્યાણ તેને પામશો એટલે કૃષ્ણને પામશો. સંવત ૧૮૭૨ના કાર્તિક સુદી ૧૧ ને ભૃગુવાર. ઘેલાભાઈના કહેવા પ્રમાણે બીજે દિવસે લખ્યું છે."

ગમે તેમ હોય પણ દયારામ સ્ત્રીઓમાં તો ઘુમેલો, અને અનેકની સાથે લપટાયલો પણ ખરો. પણ તેની આ વિષય વાસનાની કટેવ એકજ સપાટે છૂટી ગયેલી, તેનો દાખલો તેની પ્યારી રતન સોનારણે કવિ નર્મદાશંકર તરફથી ડભોઈ ગયલા કવિ વિજયાશંકર કેશવરામને આપ્યો હતો. કવિ વિજયાશંકર કહે છે * કે "રતન સોનારણે મ્હને જણાવ્યું કે દયાશંકરને માટે લોક વાયકા ચાલે છે કે તે અત્યંત વ્યભિચારી હતો તે વાત કેવળ ખોટી છે. જુવાનીમાં ઘણી બદફેલી કીધી હશે, પણ ચાલીશ વરશ પછી તેને એક શિવાય બીજા સાથે સંબંધ નહોતો. તેઓ એક વખતે વડોદરે ગયા હતા, ત્યાં––ને ઘેર રહેતા. રોજ રાતના ભજન કીર્તન કરતા. તેમના ઘરની એક સ્ત્રી દયાશંકરની પૂજા સેવા સદ્ભાવથી કરતી હતી. પણ દયાશંકરે જૂદુંજ ધાર્યું. અને એક રાત્રિના તે બાઇ પ્રતિ ખરાબ નજર કીધી. તે બાઇએ બૂમ પાડી,

---

* બૃ. કા. દો. ૫, પા. ૨૪.

ને દયાશંકર દાદરેથી પલાયનમઃ કરી ગયા. બાઇ બુનિયાત તેથી વાત ગુપ્ત રાખી, પણ તે દિવસથી તેમણે કોઈ પણ સ્ત્રી તરફ નજર નહીં કરવાનું પણ લીધું હતું એવું મ્હારે મોઢે કહ્યું છે."

આ અનીતિના સંબંધમાં દયારામના જીવનચરિત્રમાં જાણુવા જેવી એક મુખ્ય વાત એની પ્યારી–માશુક રતનબાઈ સોનારણની છે. એ રતનબાઇ સાથે દયારામને કેમ અને કયારે પ્રસંગ પડયો, તે કયારથી તેની સાથે રહેવા લાગી, તેની પૂર્વ સ્થિતિ શી હતી તે સંબંધી સપ્રમાણ વૃત્તાંત કવિના શિષ્ય ડાહ્યાભાઈ સાઠોદરાનું સંવત ૧૯૦૧ના ફાગણ વદ ૧૫ને દિવસે લખેલું રા. ઇચ્છારામ નીચે પ્રમાણે આપે છે. *:—

"ગુરૂજીએ હોલિકા પૂજન થયા પછી કહ્યું કે અમારો મંદવાડ ઘણોકારી છે, તેથી હવે થોડા વખતમાં હમારો ઇષ્ટ દેવ શ્રી કૃષ્ણ તેની પાસે જઇશું, તમારે કોઇએ તે વાતુ† એ દિલગીર થવું નહી, જે જીવ આવ્યો છે તે જવાનેજ જન્મેલો છે. અમારા પરમ ધામમાં જવાથી તમારે ઉદાસ નિસાસ લેવાનું કારણ નથી. આજે તમને એક વાતુ † જે હમારા મનમાં ઘણા દહાડા થયા રમી રહી છે તે તમને જણાવું છું. હમારી સેવા ચાકરી કરવામાં, હમારા દુઃખ સુખમાં, તમો શિષ્યોની તરફ માયા ભાવથી વર્તવામાં, હમારા ઘરની સઘળી રીતે સંભાળ લેવામાં આ રતનબાઇએ આજ ત્રિશ વર્ષ થયાં એવી રીતે સંભાળ લીધી છે કે તેના હમે ઘણા ઓશિંગણ છીએ. રતન‡ એક દૈવી જીવ છે, ને તેના

---

* બૃ. કા. દો. ૫, પા. ૨૮.

† વાત.

‡ કવિ નર્મદાશંકરના કહેવા પ્રમાણે રતન બાઇ "મોઢ મસ્તાન જાતની સોનારણ હતી, એ સોનીઓને વેદોક્ત કર્મ કરવાનો અધિકાર છે.

કલ્યાણ માટેજ હમે તેને હમારે ત્યાં રેહેવા દીધી છે; એમાં હમે અલિક પણ જૂઠું બોલતા હોઇએ તો હમારા ઇષ્ટના ચરણારવિંદ ના સમ છે. એક વખતે હમે શ્રી નર્મદાજીના દર્શને પધાર્યા હતા, ત્યાં હમને એ બાઈ દૃષ્ટિએ પડી હતી. એ બાળરાંડ છે, એને એ ના દિયેરે પલ્લું વિગેરે છીનાવી લઇને કહાડી મૂકી હતી. પૂર્વ

એનાં માબાપ આંધળાં હતાં, અને એ બાપડી સાત વરસની બાળ રાંડ થઇ હતી. એને પોતાની ૧૮ વરસની ઉમરે ૩૨ વરસના કવિ સાથે પેહેલી મુલાકાત થઇ તે આ રીતે કે—કવિએ બે વૈષ્ણવોને સો નારણ પાસે મોકલીને પૂછાવ્યું કે તું મ્હારે ઘેર પાણી ભરવા રેહેશે, ત્યારે તેણે જવાબ દીધો કે 'મ્હારાથી પાણી તે કેમ ભરાય' પછી તેને જેમ તેમ સમજાવીને પોતાને ઘેર રાખી ને પછી તેના મરણ લ ગી તેની પાસેજ રહી. એ સોનારણ પ્રવાસમાં પણ કવિની સાથે રેહેતી."—ન. ગ., પા. ૪૭૫.

રા. ઇચ્છારામ લખે છે કે "કવિની ઉમર વર્ષ પંચાવન સાઠની થ યેલી તે વેળાએ સોનારણ જ્ઞાતની રતનબાઇ એના સંબંધમાં આવી જ ણાય છે, ને તે કવિની પ્યારી–પ્રિયતમા–દયિતા–માશુક–મહેબુબ તરીકે કવિના મરણ પર્યંત તેની સાથેની સાથે રહી હતી."—બૃ.કા. દો. ૫. પા. ૨૮.

"ડભોઇ ચાણોદના લોકોના મોંની જે વિગત નર્મદાશંકરે લખી છે તે જૂદા પ્રકારની છે. નર્મદાશંકર જણાવે છે કે પોતાના એક શિષ્યને રતનબાઇ પાસે મોકલી દયાશંકરે પૂછાવ્યું કે 'મ્હારા ઘરનું કામકાજ કરવા રેહેશે?' રતનબાઇએ જણાવ્યું કે 'મિથ્યા લોકો મ્હારૂં વગોણું કરી પિંઝી નાંખે, તેથી નહીં રહું.' પણ પાછળથી બીજાઓની સમજા વટથી રતનબાઇ કવિને ત્યાં રહી; અને તે પછીથી તેની પ્યારી થઇ. અને છેક કવિના મરતાં સુધી તેની સાથેજ રહી હતી."—બૃ. કા. દો. ૫, પા. ૩૦. આ હકીકત રા. ઇચ્છારામ આપે છે, પણ કવિ નર્મદાશંકરે એ પ્રમાણે કઇ જગ્યાએ લખ્યું છે તે સમજાતું નથી. તેમની હકીકત તો ઉપર આપ્યા પ્રમાણે છે.

જન્મમાં એજ હમારી સ્ત્રી હતી, પણ ધણી મત્યે કટુવેણું કહેવા ને લીધે અને હમારૂં અંતર હારદ ન જાણીને અન્ય પુરૂષ સંગે ગેલ કરવા લાગી અને હમારાથી તોલી રહી નહીં, સુખ અંગાડી રહી તે પાપવડે મલીન થવાથી વિખુટી પડીને બાળપણામાં વિધ વા થઇ રહી છે. પાછળથી પસ્તાવો જે થયો હતો તેથી એ પાછી હમને પ્રાપ્ત થઈ. અને વિધવાપણામાંજ રહી. એના જન્મ સાથેજ એની મા કુંવરબાઇ મરણ પામી હતી ને પરણવા પછી પેહેલે વર્ષેજ ધણીને ખાધો છે, એવી એ વિખયોગમાં જન્મેલી છે. નવ વર્ષની ઉમરની એ રાંડીરાંડ પોતાના દહાડા મહાકષ્ટે કાઢતી હતી, તેને હમે હમારા કામકાજ માટે રાખી અને એને તમારે મર્ણ પછી મ્હારા જેટલુંજ માન આપવું; અને એના ઉદર પોષણનો તમારે બંદો બસ્ત કરવો.† પ્રાણાંત દુઃખ થાય તો તે એણે શહન કીધાં છે, ને હમારી સાથે યાત્રામાં એવી સારી ચાકરી કીધી છે કે તે ગુ ણના ઓશિંગણ થવાશે નહીં..............* જ્યારે એ હમને ચાણોદમાં મળી ત્યાર પછી હમારે ત્યાં ઘર કામ કરવાને ચાકરી રેહેવાને પૂછાવ્યું, એને પૂર્વના દુષ્કર્મની સ્મૃતિ થવાથી ને રહેલા પાપ બાળવા માટે ને પરિતાપ થયો હતો તેના શાંતવન માટે એણે હમારી જુક્તિ રાખી છે. શ્રીજીબાવાની ઝાંખી ત્રણ ત્રણ વાર હમે એને કરાવી છે, ને હમારા સુખ દુઃખની ભાગેઆણ

---

† ગુરૂની આવી આજ્ઞા છતાં કોઇપણ શિષ્યે તે બરાબર પાળી હોય એમ જણાતું નથી. કવિ નર્મદ લખે છે કે "લખવાને મોટી દીલગીરી થાય છે કે રણછોડ ખાવે પીવે સુખી છતાં, દયારામના ઉપ ર બાપ અને ગુરૂ જેવો ભાવ છતાં રતનબાઇ જે બિચારી ખાવે પીવે હેરાન છે તેને પોતાનું મ્હોડું પણ દેખાડતો નથી."–ન. ગ., પા. ૪૮૨.

* એ જગ્યાએ કંઇક ભાગ રદ ગયો છે.

કીધી છે. પૂર્વ જન્મના જો હમારે સંબંધ ન હોતે તો આ સોનીની જાત, હાકાટોકા વગરની બાળરાંડ, વિફરેલું ગોધું, શ્રીમાલી જાતવાળી હમારે..........* શ્રીકિશોરલાલ મહારાજે એને પણ મરજાદ આપી ત્યારે કહ્યું છે કે તારો ને એનો મિલાપ પાછા સો વર્ષે થશે. હવે ક્યારે પાછા મળીશું તે શ્રીહરિના હાથમાં છે. હમે એને ઘણું દુઃખ દીધું છે તોહે હમને મૂકયા નથી. હમે ગાળો ભાંડતા, મારતા તેપણ એણે સહન કીધું છે. જે દીન જેવી એ પરમભકત છે, અને હમારા ભાવિક ભકતોમેં સહુથી મોટી છે. હમે એનું કલ્યાણ કીધું છે તથા એના પાપ બાળ્યા છે તથા વ્રજલલના પેરે મુકિત અપાવી છે. એક વખતે રતનીએ હમારો મોટો દ્રોહ કીધો હતો. હમે એને આજ્ઞા કીધી તે એણે પાળી નહોતી. પછી જાત્રામાં..........* છાયાએ રહી મને છાયામાં છા..........* ન થશે. હમે સદા કૃપાળુ છીએ ને બાંહીગ્રહ્યાની લાજ રાખીએ છીએ. ઘેલાભાઇ તથા લક્ષ્મીશંકરને હમારી એ ભલામણ કરવાની છે તે એજ કે હમારી આથે આથે આજ ત્રીશ વરસ થયા રહેલી રતનને..........* "હમે તો શ્રીકૃષ્ણના દાસ છીએ, તે નિજ સ્વરૂપમાં હમને સમાવી દેશે..........* ૦૧ના ફાગણ વદી ૧૫."

દયારામે ઘણી સ્ત્રીઓ સાથે પ્યારતો કરેલો, પણ તેઓ સઘળીમાં સ્હોડ ન મૂકે એવી પ્યારી તો એક રતનજ થઇ રહી એમ ઉપલી હકીગત ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે. અને ખરેખર, એ સોનારણ કોઇ કુળવંતી પ્યારી, એમાં કંઈજ શક નહીં. એણે કવિની ચાકરી મરતાં સુધી તનમનથી કીધી હતી. તે તેનાં

* આ સર્વે જગ્યાએ થોડો ઘણો ભાગ લિખિત ગ્રંથમાં રહ ગયો છે.

મળ મૂત્ર, લોહી, પરૂ વિગેરે ધોતી, ને ગભરામણમાં દિલાસો આપતી. એવી સ્ત્રીઓ છેવટ સુધી અને મરણ પછી પણ વફાદાર રહેતી થોડીજ મળી આવે છે. એ બાયડી બાળરાંડ હતી. દયારામે એની જોડે વ્યભિચાર કરવાને બદલે જો લગ્ન કર્યું હોત તો તેની આબરૂ સજ્જનોમાં ઘણી વધત. *

---

* આ લગ્ન સંબંધી ટીકા 'નર્મગદ્ય'ની સરકારી આવૃત્તિમાં જોવામાં આવે છે, એટલે એ રા. સા. મહિપતરામનો સુધારો હશે એમ લાગે છેઃ પણ એક નાગર બ્રાહ્મણ અને સોનારણ વચ્ચે લગ્નનો સંબંધ જાતિભ્રષ્ટ થયા વગર કેમ થાય એનો વિચાર શું એ વિદ્વાન પુરૂષને નહીં આવ્યો હોય ? અથવા એ સુધારાના સાથીનો વિચાર શું ગમે તેમ લાકડેમાકડું વળગાડી દેવાનો હશે ? !

તૃતીય ખંડ.

ઉત્તર કાળ—નિર્વાહ, શિષ્યો, અને મંદવાડ.

ચાળીશ વર્ષની ઉમર થયા પછી દયારામે ડભોઈમાં સ્થાયી મુકામ કર્યો. અહીં એના ઘણાં સગાંવહાલાં અને ન્યાતીલા વસતા હોવાથી, તેમજ કેટલાક માણસો એના શિષ્ય થયલા હોવાથી એ સારી રીતે રહી શકતો હતો. એ પછી એક બે વાર ડાકોર દર્શન સારૂ જઇ આવેલો, તે શિવાય પચાશ વર્ષની ઉમર થયા પછી મરતાં સુધી એ કયાં પણ બહાર ગયોજ નથી. આ પ્રમાણે લગભગ ચાળીશ વર્ષ દયારામ ડભોઇમાં રહયો પણ તેણે કોઈની ચાકરી કરી નથી. એણે ઇશ્વર શિવાય કોઇની પ્રશંસા કરી નથી, તેમ કોઇ આગળ હાથ પણ ધર્યો નથી. 'સતસૈયા'માં કવિ ચોખ્ખું લખે છે કે

> પુરૂષોત્તમ ગોપીશ શ્રીકૃષ્ણ મનોહર રૂપ;
> તદ પ્રીત્યર્થ સુગ્રંથ યહ, નહિ રિઝવન કો ભૂપ.
> ... ...
> દયા સત સિયા ગ્રંથ યહ, બિરચિત પર ઉપકાર;
> સબ સજ્જન દૂખન ત્યજી, ગ્રહન કીજિયો સાર.—કા. સં.,
> પા. ૫૧૧–૧૨.

એમ છતાં એના નિર્વાહ સંબંધી એને કદી પણ અડચણ નડતી નહીં. ડભોઇ, ચાણોદ, વડોદરા, ભરૂચ, ઉમરેઠ વિગેરે સ્થળોમાં એના ઘણા શિષ્યો હતા તેઓ હમેશાં એને કંઇ કંઇ આપ્યા કરતા. વળી એનામાં ગાવાની શક્તિ ઘણી સારી હતી, કંઠ પણ સારો હતો, અને કૃષ્ણ લીલાનાં પદો એવાં તો સારી રીતે ગાતો કે ઘણી જગ્યા-

એ ભજન કરવા સારૂ એને તેડતા, અને તેમનાથી પણ એને સારી પ્રાપ્તિ થતી. બીજા લોકો પણ એને ઘણી ભેટ કરતા. કવિ-ગાનાર-બ્રાહ્મણ વૈષ્ણવ ભક્ત એટલે કોઇ દશ કોઇ પાંચ એમ લોકો ભેટ આપતા, ને એ પ્રમાણે કવિને વર્ષે દહાડે આશરે બસેં રૂપિયાની પેદાશ થતી, પણ એ ખાવાપીવામાં તેમજ પેહેરવા ઓઢવામાં શોખી હોવાથી છૂટથી ખરચ કરતો, અને આગળપાછળનો વિચાર કર્યા વગર જેટલું મળતું તેટલું ઉડાવી દેતો. એ ઉપરાંત જાત્રાઓ કરવામાં ખરચ થયો હશે તે, તથા પોતે જીવિત ક્રિયા કરી રૂપિયા ચાર હજાર ખરચેલા તે જોતાં લોકોએ તેની સારી કદર બુઝી હશે એમ લાગે છે. * દયારામ પોતાની પાછળ પુસ્તક શિવાય કંઈ ઘર, રોકડ વિગેરે પુંજી મૂકી ગયો નથી.

---

* દયારામની પૈસા સંબંધી સ્થિતિ કેવી હતી તે વિશે રા. ઇચ્છારામ લખે છે:—

" દયારામ પૈસે સુખી નહોતો, તેમ દુઃખી પણ નહોતો. ઘણા શિષ્યો હોવાથી એને કોઇ વાતની તંગી પડતી નહીં. ગુજરાતમાં આશરે ૫૦૦ શિષ્યો એના મરણ સમયે હશે એમ કહેવાય છે. આજે પણ એને પ્રેમભાવથી માનનારા ને પૂજનારા ઘણા છે. એક સમયે કવિએ નિર્ધાર્યું કે જીવિત ક્રિયા કરવી. આ વિષયની જાણ સર્વે શિષ્યોને પત્રદ્વારાએ થતાં કેટલાક શિષ્યો ડભોઇ આવ્યા ને કેટલાકોએ આશ્રય તરીકે જે રકમ મોકલી તે બે હજારથી વધારે હતી. એ પ્રસંગે કવિએ જેટલું પોતાપાસે હતું તે સર્વે ઉડાવી દીધું, તેમજ બીજે પ્રસંગે પણ જે કંઇ મળતું તે ઉડાવી દેવામાં એ આગલો પાછલો વિચાર કરતો નહીં. તેથી મરણ સમયે એની પુંજીમાં માત્ર ગ્રંથોજ હતા. રતનબાઇને આશરે દોઢ હજારના દાગીના કરાવ્યા હતા, પણ કવિના પાછલા વખતના લાંબા મંદવાડમાં તેમાંનો મોટો ભાગ ખરચાઈ ગયો હતો; અને નર્મદાશંકર લખે છે તેમ રતનબાઈ પાસે માત્ર અઢીસેંક રૂપિયા કવિના હતા તેમ નહીં, પણ આશરે રૂા. ૪૦૦) ને છસેંકના દાગીના રતન

દયારામ કોઈની દરકાર રાખતો નહીં. માત્ર એ માનનો ભુખ્યો હતો. રાજ્યાશ્રય મળશે એવી એને એકવાર આશા થઈ હતી, પણ તે ભંગ થવાથી ત્યાર પછી

ચિત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે ‡

એમ માની બધી ફીકર શ્રી પરમાત્માનેજ સોંપી હતી.*

" એક ગ્રહણ વેળા ચાણોદમાં તીર્થસ્નાન કરવા ગાયકવાડ ફતેહસિંગના કુટુંબની સ્ત્રીઓ આવી હતી. ગાયકવાડની સ્ત્રીઓ એટલે હંમેશાજ જનાનામાં રહે,તેથી પોતાનું મ્હોં કોઇને બતાવતી હતી નહીં. દયારામના મનમાં એવોજ ખોફ ભરાયો કે આપણે ટેક મુકાવવો. ચોકી પેહેરા ઘણા રાખવામાં આવ્યા હતા, તે છતાં ઘાટપર એક પોતાના ચેલા નારણસોની સાથે જઇને બેઠો. પોતાના હાથમાં તંબુરો ને નારણના હાથમાં સીતાર હતી. નારણ ન્હાનકડો છોકરો હતો, ને ગળી કુમળી હતી, તેથી ઘણું સરસ ગાઇ શકતો હતો. તુરતનાંજ બનાવેલાં ત્રણ નવાં પદ તેને ગાવા આપ્યાં, ને જ્યારે પૂરૂં થયું ત્યારે ગાયકવાડી કુટુંબની સ્ત્રીઓ મર્યાદા છોડીને તે જગ્યાએ સાંભળવા આવી; અને આ કોઇ ભિક્ષા માંગવા બેઠેલો બ્રાહ્મણ હશે એમ જાણી સોના દાન આપવા માંડયું. પણ તે ન લેતાં દયારામે એટલુંજ કહ્યું કે ' દાન આપનારની યોગ્યતા જાણ્યા વગર અમે લઈ ન શકીએ'. ફતેહસીંગની સ્ત્રીએ હોજલ કહાડી નાંખી દશ સોના મોહોર આપી જે કવિએ ન

પાસે રહ્યા હતા. એ દાગીના તથા રૂપિયામાંથી રતનબાઇએ કવિના મરણ પાછળ રૂપિયા ચારસેં વાવર્યા હતા, ને ૧૧૫ રૂપિયા (નહીં કે કવિ નર્મદાશંકરના કહેવા પ્રમાણે પોણોસો) રતનબાઇને પજવીને, દયારામના પિત્રાઇઓ લઈ ગયા હતા. રતનબાઇ ઈ. સ. ૧૮૬૬માં મરણ પામી છે."—બૃ. કા. દો. ૫, પા. ૪૫.

‡ કા. સં., પા. ૨૭૨.

લેતાં પોતાના શિષ્યને અપાવી. આ હકીગત વડોદરે જાણવામાં આવી, ને દયારામની ઘણી તારીફ સાંભળી રાજદરબારી તેડું આવ્યું. પણ ત્યાં જવાનો કવિ વિચાર કરે તેટલામાં દરબારમાં ખટપટ જાગી. વડોદરે ગયો પણ કશો સત્કાર થયો નહીં. તે દિવસથી ઠરાવ કીધો કે મોટાને ત્યાં કદીએ ન જવું, ને તે પછી ઘણાએ કામદારો ડભોઇ ચાણોદ આવતા, પણ કોઈને ત્યાં ન જવાના સમ ખાધા હતા. આથી ઘણા કામદારો ગુસ્સે થતા, ને એક વહિવટદાર મરાઠાને ઘણું માઠું લાગવાથી કવિને ડભોઇ છોડી એકદમ ચાણોદ આવવું પડયું હતું. પણ તેટલામાંજ તે વહિવટદારને ઉપડવું પડયું, ને તેથી ચાણોદ ને ડભોઇમાં, કવિને લીધેજ એમ થયું એમ મનાયું હતું. એ પ્રસંગ પછી વડોદરાના રાજ્યાશ્રયની પણ દરકાર રાખી નહોતી. શ્રીકૃષ્ણજ નરસિંહમેહેતા પેરે એનો નિભાવ કરે છે એમ લોકોમાં બોલાતું "* એ પણ માત્ર ભગવદ્ આસ્થાથી એમજ માનતો હતો કે પરમેશ્વર ભૂખ્યા ઊઠાડે છે, કંઇ ભૂખ્યા સૂવાડતો નથી. 'ભક્તિપોષણ'માં એ લખે છે કેઃ—

ભોજન વસનની ચિંતા કરી, વૈષ્ણવે ના થાવું ઉદાસ;
વિશ્વંભર પૂરે વિશ્વને, તે કેમ ભૂલે નિજ દાસ;
દાસ આશ પૂરે સહુ વણ માગે, વણ કહ્યે સાહ્ય કરે અનુરાગે;
હરિ ભજન કાંઇ નવ રહે ખામી, નથી અજાણ્યા અંતરજામી. †

દયારામને તેડવાને મોટા મોટા ઠાકોર, સાહુકાર, ને ગોંસાઇજીના લાલો પાલખી, ઘોડા મોકલે તોપણ તે ના પાડતો—કોઇ પણ ઠેકાણે જતો નહીં: અને જેને મળવું હોય તે અહીં આવે એમ સાફ કહેતો.

---

* બૃ. કા. દો. ૫, પા. ૨૭–૨૮.

† ક્ર. સં., પા. ૬૫.

દયારામનું ઘર* ડભોઇમાં પ્રથમ મનાપુરના ચકલામાં હતું. પણ પોતાના પિત્રાઇઓ સાથે ટંટો થયાથી ઝારોળા ચકલામાં રહેનાર એક વૈષ્ણવ§ પ્રેમીલા ભક્તને ત્યાં એ રહેતો હતો, અને તેજ ઘરમાં એ મરણ પામ્યો હતો. મરણ સમયે એની પાસે ઘર, કે દ્રવ્ય, કે સગાં કે વહાલાં કોઈજ નહોતું–વહાલામાં વહાલી એકલી રતનબાઇજ તેની પાસે હતી. ખરૂં જોતાં તો જ્યાં એ મુકામ રાખતો તેજ એનું ઘર, કવિતા એનું દ્રવ્ય–ગરથ, ને શિષ્યો તથા શિષ્યાણીઓ એનાં સગાં વહાલાં હતાં.

દયારામના શિષ્યો ઘણા હતા. એની કવિતા એવી મોહક હતી કે લોકો–પુરૂષ તેમજ સ્ત્રી–એના શિષ્ય થઇ રહેવાને તલપી રહેતા હતા. એ શિષ્યો જૂદી જૂદી જગ્યાના, તેમજ જૂદી જૂદી ન્યાતના હતા. જોષી રણછોડના કહેવા પ્રમાણે સર્વેમાં ચાર શિષ્યો મુખ્ય હતા, જેઓ મોટા કારભાર ઉપર છતાં ત્યાગી થઇ ગયા હતા. એમાંના બેના નામ આપ્યાં છે–અમૃતરામ પંડયા અને ડાહ્યાભાઈ સાઠોદરા નાગર. રણછોડ દયારામનો છેલ્લો શિષ્ય હતો. રા. સા. હરગોવિંદદાસને દયારામનાં પદ ગાવામાં પ્રખ્યાત પામેલા એ શિષ્ય જોષી રણછોડનો દુર્ભાગ્યે કોઇ વખત પણ મેળાપ થયો નહીં. એમને મળેલી હકીગત પ્રમાણે દયારામના મુખ્ય શિષ્યોમાં રણછોડ શિવાય ગિરજાશંકર જોષી, લક્ષ્મીરામ દેસાઇ, ત્રિકમદાસ, ઘેલાભાઈ અમીન, વસંતરામ, લલ્લુભાઈ કાયસ્થ, (જેણે સંસાર ત્યાગી મથુરામાં વાસ કર્યો હતો તે) વિગેરે હતા, અને તેમાં લક્ષ્મીરામ દેસાઈ શ્રેષ્ઠ ગણાતા હતા. એ ઉપરાંત બીજા શિષ્યો મોહન

---

* એ બંને ઘર કવિ નર્મદાશંકરે રણછોડ પાસે જોયાં હતાં. પ્રથમ ઘર ઘણું ન્હાનું હતું, અને તેમાં તે વખતે દયારામના પિત્રાઇઓ રહેતા હતા.

§ રા. ઇચ્છારામ એ વૈષ્ણવનું નામ લાલભાઇ આપે છે.

ભાઈ પાટીદાર, મિતમલાલ ઝારોળો તથા નારણ સોની જાણવામાં આવ્યા છે. રણછોડ જોષીને દયારામ સાથે પ્રથમ મુલાકાત કેવી રીતે અને ક્યારે થઇ, અને પછીથી એમનો સંબંધ કેવા પ્રકારનો હતો તે વિશે કવિ નર્મદાશંકર આ પ્રમાણે લખે છે:-

" રણછોડ ૧૪ વર્ષ સુધીતો બદફૈલીમાં ફરતો હતો. ઇશ્કબાજી કરવી, ગાવાબજાવવા,ફક્કડની પેઠે ફરવા, અનેબાવાઓના અખાડામાં જઈ માચા પાણી લેવા, એ કામકરતો હતો. એક દહાડો ડભોઇમાં-ના એક અખાડાવાળા વેરાગીએ (જેની પાસે ઘણું ખરૂં તે જતો હતો તેણે) પૂછ્યું કે કેમ, દયારામભાઇ કને આવે છે ? ત્યારે રણછોડે હા કહી, ને પછી તે બે જણા દયારામની કને ગયા. ત્યાં સાધુએ દયારામને કહ્યું કે " ઇહી લડકા કુચ્છ ગાતા હૈ. " પછી દયારામે કહ્યું કે કંઈ ગા. ત્યારે દયારામની બનાવેલી માંથી બે ત્રણ ઠુમરીઓ રણછોડે ગાઈ સંભળાવી. એથી દયારામ ખુશ થઇ ગયો અને બોલ્યો કે એતો મ્હારા અસલ પડોશીનો છોકરો છે. પછી બીજે દિવસે રણછોડ ત્યાં ગયો, ને દયારામે એક પદ આપીને કહ્યું કે એને બેસાડીને સાંજે ગાઈ બતાવજે. પણ અલ્યા, તાલીમ લીધો નથી તે કેમ આવડશે ? રણછોડે કહ્યું કે તમારી કૃપાથી સૌ આવડશે. પછી એમ રોજ તે પદ બેસાડીને ગાય. રણછોડનું ગાનું પોતાના જેવું થવા માંડયું તેમ તેમ દયારામની રણછોડ ઊપર પ્રીતિ વધારે બેઠી, અને બીજા શિષ્યોમાં તેને માનીતો કીધો. બાપના મરણ પછી લોકોએ દેવાને સારૂ રણછોડ સાથે તગાદો કરવા માંડયો, તેથી તે અહીં તહીં નાસતો ફરતો હતો. પણ દયારામે લેણદારને સમજાવી ધીરા પાડયાઃ અને રણછોડને કહ્યું કે ત્હારે અને ગિરજાએ મ્હારાં પદો ગાવાનોજ ધંધો કરવો, ને એમાંથી જે મળે તેમાંથી થોડું થોડું લેણદારને આપવું. દયારામ સાઠ વર્ષની ઊમરનો હતો ત્યારે

રણછોડની ઉમર પંદર વર્ષની હતી. રણછોડ જ્ઞાતે આદિત્ય ટોળ ફીઆ હતો." *

વૈષ્ણવી સંપ્રદાય સ્વીકાર્યા પછી જ્યારે દયારામ વડોદરા, ડભોઇ, અને ચાણોદમાં વર્ષના ત્રણ ચાર માસ મુકામ રાખતો હતો, ત્યારે શિષ્યમંડળી એની સાથેની સાથેજ રહેતી હતી. વખતે વૈષ્ણવો પ્રેમથી અને ભકિતભાવથી એને તેડું કરી પોતાને ત્યાં રાખતા હતા, અને વખતે સ્વેચ્છાથી એ જાતેજ જતો હતો, ને કૃષ્ણ સંબંધી વાતો કરી શિષ્યોની સંખ્યામાં ઘણો વધારો કર્યો હતો. એના શિષ્યો એના પ્રતિ એટલા બધા આસકત અને ભાવિક હતા, અને તેઓ તન, મન, અને ધનથી એની એવી તો સારી રીતે સેવા કરતા હતા, કે તેવી સેવા એનાં પોતાનાં સગાં વહાલાં પણ કરી શકત નહીં. એક સમયે દયારામની બીમારી ઘણી વધી પડી હતી, અને તાવ, ખાંસી, અને અમુઝણનું જોર એટલું બધું હતું કે તેથી ગામે ગામ શિષ્યોને પત્ર લખ્યા હતા. પોતાના ગુરૂનાં દર્શનના અભિલાષી, વડોદરા, ડાકોર, ઉમરેઠ, નડીઆદ, અમદાવાદ, ભરૂચ, અને ચાણોદથી ચારસેંથી પણ વધારે શિષ્ય-શિષ્યાણી મળવાને આવ્યા હતા. તેઓએ એની એવી સારી રીતે ચાકરી બરદાસ્ત કીધી હતી કે દયારામે કહ્યું કે 'સગું તો મ્હારા સુખનું બેલી છે, પણ મ્હારા દુઃખનું બેલી શ્રી હરિ છે†—તે શ્રી હરિની કૃપાથી આ તેના ભક્તજનો હમારા દુઃખમાં ભાગ લેવાને પધાર્યા છે. એઓ જેવી સેવા કરે છે તેવી હમારી સેવા કોણ કરશે? કોઈ નહીં.' ત્યારે ભરૂચવાળા લાડ વાણીઆ મનોરદાસે કહ્યું કે 'તમારા જેવા મહાપુરૂષની સેવા કરવાની

---

* ન. ગ. પા. ૪૮૧.

† સાચું તે સગપણુ રે, સમજ મન સ્યામતણું—કા. સં., પા. ૨૯૬—એ પદ આ સમયને બરાબર લાગુ પડે એવું છે.

જેને તક મળે છે તેનું મોટું ભાગ્ય છે.'* આ પ્રમાણે દયારામને પોતાના શિષ્યો તરફથી સઘળી રીતે સ્હાય મળતી હતી.

દયારામે ઉત્તર અવસ્થામાં લગભગ બાર વર્ષ સુધી બીમારી ભોગવી હતી. અને તે વખત તે માત્ર અચ્છેર દૂધ પીને રહેતો હતો એમ કહેવાય છે. એને મૂત્રકચ્છનો મ્હોટો વ્યાધિ હતો. મરવાની અગાઉ સાત આઠ વર્ષ કવિને આંખનું કાચું થયું હતું, ને બે ત્રણ વર્ષ તો છેકજ અંધ હતો. મરતાં પહેલાં છ સાત દહાડા તે અવાચક રહ્યો હતો. તેને પાંચ આજાર હતા–ગુદે ત્રણ ભગંદર, તાવ, પરમીઓ, સારણગાંઠ અને અંતરગળ. આવા ભયંકર વ્યાધિ વળગેલા છતાં પણ એમ કહેવાય છે કે તે બીલકુલ દવા કરતો નહીં. જ્યારે કોઇ દવા કરવાની સલાહ આપતું ત્યારે તે એટલુંજ કેહેતો કે એતો દેહના ધર્મ છે, તે દેહને પીડેજ. આટલી પીડા છતાં જ્યારે તંબુરો લઇ ગાવા બેસે ત્યારે જાણે કોઇ જાતની ઈજા ન હોય તેમ તે આખી રાત આનંદમાં ને એકી પલાંઠીએ કહાડે. ગાવું બંધ કર્યા પછી પાંચ સાતવાર લાગલાગટ પીશાબપાણી સારૂ જવું પડે, ને પછીથી તે થાકીને લોથ થઇ પડે. આવી બીમારીમાં રતનબાઇ સોનારણ હંમેશા તેની પાસે રહેતી, અને ધર્મપત્ની પણ જવલેજ કરે એવી સેવા તન તથા મનથી કરતી.

"મરવાની અગાઉ પંદર વીસ દહાડા ઉપર દયારામે જોષી રણછોડને કહ્યું કે અલ્યા છોકરા, મેં તો આખા હિંદુસ્તાનમાં ડંકો કર્યો છે. હવે મ્હારે ફરી અવતાર લેવો નથી. ત્હારે મ્હારાં પદો ગાવાં. બીજો કંઈ ધંધો કરવો નહીં; અને ગાઇને લોકોને કૃષ્ણ

---

* "ડાહ્યાભાઇના છૂટક લેખમાંથી"—બૃ. કા. દો. ૫, પા. ૪૪–૪૫.

ઉપર પ્રીતિ કરાવવી. † મ્હારાં પુસ્તકો અમૂલ્ય છે, અને જે કે જે તેની કદર બૂઝતો નથી, અથવા જેને તે ઉપયોગનાં નથી તેના મનને કોડીનાં છે, તોપણ જે એ પુસ્તકોની ખરી કદર બૂઝે છે તેને તો તે બેશક લાખ રૂપિયાનાં છે. એ પુસ્તકો હુ તને વારસામાં આપુંછું. હવે છેલ્લું એજ કહુંછું કે મેં તને જે ધંધો કરવાનું કહ્યું છે, તે વગર બીજો તું ન કરીશ. જેથી રણછોડે કહ્યું કે તમારી આજ્ઞા મ્હારે શિર છે. * આપ જો આજ્ઞા આપો તો હમે તમારી પાદુકા પૂજીએ. ત્યારે કવિએ કહ્યું કે "હું તે શી ગણતીમાં? એ વાત ત્હારે કરવીજ નહીં." ‡‡

દયારામ પોતાની માંદગીમાં પોતાનાં પદો સેવકો અને શિષ્યો પાસે ગવડાવતો, અને પોતે નવાં બનાવતો તે તેઓ પાસે લખાવતો. એની અંતકાળે કરેલી કવિતા ઘણી બોધક છે. 'શરણ પડયોછું રે શ્રીહરિ,' ‡ 'દરશન દોનીરે દાસને' § વિગેરે જે પદો ** ગાયાં છે તે એ સમયના સ્પષ્ટ માલમ પડે છે. †† કદાચ પોતે ગુજારેલી ઉદ્ધત જીંદગીનું તેને એ વખતે ભાન થયું હશે.

---

† વૈષ્ણવ ધર્મ ઉપર કેટલી પ્રીતિ હોવી જોઇએ એ આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે.

* રણછોડે આ આજ્ઞા યથાર્થ રીતે પાળી છે, અને હંમેશા દયારામનાં પદો ગાઇને તેના તરફનો પિતા અથવા ગુરૂ તરીકેનો પૂજ્યભાવ સારી રીતે દર્શાવ્યો છે.

‡‡ ન. ગ., પા. ૪૭૬.

‡ કા. સં., પા. ૨૪૮. § કા. સં., પા. ૨૪૯.

** વધુ જૂઓ કા. સં., પા. ૨૫૩-૨૬૬-૨૭૮-૨૯૪-૬૪૯ અને પ્રા. કા. ૧૩, પા. ૮૧-પદ ૩૪, પા. ૮૫-પદ ૩૯.

†† જૂઓ આગળ 'રા. ચિમનલાલનો પત્ર'.

માંદગીના વખતમાં તે એકવાર પોતાના મ્હોં આગળ પડેલા ઈંટાળા તરફ એકી નજરે જોયાં કરતો હતો. તે જોઇને પાસે બેઠેલા મનુષ્યે પૂછ્યું કે એમાં શું જૂઓ છો ? ત્યારે દયારામે જવાબ આપ્યો કે મૂળે આખી ઈંટ હતી, તેની અથડાઇ કૂટાઇને આવી દશા થઈ છે. તે ઉપરથી મ્હને પણ મનમાં એવી શંકા ઉઠે છે કે આગળ જતાં મ્હારી કવિતાની પણ આવી દશા થશેઃ કેમકે નકલ કરનારા અર્થનો અનર્થ કરી નાંખશે, તેમજ મ્હારી કવિતા યથાર્થ સમજનારા પણ કવચિતજ મળશે–આથી મ્હને દીલગીરી થાય છે. ‡

દયારામે સંવત ૧૯૦૮ના માઘ વદ ૫ વાર સોમે ઇ. સ, ૧૮૫૨ના ફેબ્રુઆરી માસની ૯મી તારીખે ૮૫ વર્ષની ઉમરે §§ પ્રભાતના નવ કલાકે આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો.

---

‡ પ્રા. કા. ૨–કવિ ચરિત્ર, પા. ૧૫.

§§ જન્મનું વર્ષ ૧૮૩૩ ગણીને કવિ નર્મદાશંકરે ૭૫ વર્ષની ઉમર બતાવી છે, પણ ૧૮૨૩નું વર્ષ માન્ય કરવું સકારણ છે. જૂઓ પાછળ પા. ૪–૫.

ચતુર્થ ખંડ.

દયારામનો સ્વભાવ, શરીર, વ્યસન ઇત્યાદિ.

દયારામનો સ્વભાવ જોષી રણછોડના કહેવા પ્રમાણે મળતાવડો, પણ પ્રસંગોપાત ઘણો ચીડીઓ હતો–એટલે સુધી કે વખતે જે પડ્યું હોય તે લઈને મારવાને ચૂકતો નહીં. ‡ પણ એ આકળો ઘણો હતો. કોઈ એને વિષે જરાપણ ખોટું બોલતું તો તરત એ ચીડાઇ જતો, ને સારૂં બોલતું તો ખુશ થતો. એક વખતે એવું બન્યું કે પેટલાદનો કોઈ એક શિવભકત વડનગરો નાગર બ્રાહ્મણ એને મળવા ગયો હશે. તેની સાથે પરસાળમાં વાતચિત કરતાં પેલાને કૃષ્ણને નિંદતો જોઈ દયારામ ઘરમાં જતો રહ્યો, ને ફરી બહાર આવ્યોજ નહીં.*

રા. ઈચ્છારામ લખે છે કેઃ– "દયાનો સ્વભાવ મળતાવડો, પણ તાતો ને ચીડીઓ, વખતે ગાળોપણ ભાંડનારો, પણ થોડા સમયમાં શાંત થનારો હતો. કદાચ અતિ ઘણો ક્રોધ વ્યાપવાથી અનર્થ પણ કરે તેવો હતો. એક સમયે રતન સોનારણપર ગુસ્સે થવાથી કવિએ છૂટો ચાકળો મારી તેનું માથું ફાડ્યું હતું, ને

---

‡ આવા સ્વભાવનો કવિ 'ભક્તિ પોષણ'માં લખે છે કે —

જીવ સરવ હરિ અંશ છે, ત્હેના વિચીત્ર ભાતિ સ્વભાવ;
સર્વથી હળિ મળિ ચાલિયે, એશો છે સંજોગ નદી નાવ;
નાવ તરંગ નદી એમ જાણો, કોથી બગાડે બે દિવસનો પ્રાહાણો;
સહુને સદા એક સ્થળ નથી રહેવું, કટુક વચન માટે કોઇને ન કહેવું–
–કા. સં., પા. ૭૨,

એ ખરેખર વિસ્મય કર્તા છે.

* ન. ગ., પા. ૪૭૯.

જ્યારે તેમાંથી લોહી વહેવા લાગ્યું ત્યારે રસોઇમાંથી તેવાન તેવો બહાર નિકળી તેનાપર પાટા પટ્ટી પણ કરવા મંડી પડ્યો, ને એ આખો દિવસ શોકમાં ને શોકમાં ગાળી, આવો ક્રોધ કામનો નહીં એમ માની ઘણો પશ્ચાત્તાપ કીધો હતો." †

દયારામ અભિમાની પણ ઘણોજ હતો. કોઇ પણ માણસ કવિ જાણી એની મુલાકાતને માટે આવતું તો એ તેને પ્રથમ સવાલ આજ કરતો કે કંઈ ગાતાં કરતાં આવડે છે. પછી તે જો હા કહે તો તેની પાસે ગવડાવતો, અને ત્યાર પછી તેની આગળ પોતાની કવિતા ગાઇ સંભળાવતો. વળી એનો સ્વભાવ એવો પણ હતો કે જો કોઇ એને શાસ્ત્ર અથવા કવિતા સંબંધી પ્રશ્ન પૂછે, અને તેમાં પૂછનાર માણસ જાણતાં છતાં માત્ર પરીક્ષા કરવાના ઈરાદાથીજ પૂછે છે એમ જો માલમ પડે તો એ તેને ધમકાવી તેનું અપમાન કર્યા વગર રેહેતો નહીં. એક વખત અમદાવાદના કોઇ પંડિત આગળ દયારામના વખાણ થતાં જોઈ તે પંડિતે કહ્યું કે, તે પ્રાકૃતમાં કવિતા કરે છે તેથી તે માનને પાત્ર નથી. વખાણ કરનાર દયારામનો પક્ષ કરી બોલ્યો કે, તેમની લાવણી માત્ર પ્રાકૃત છેઃ પરંતુ તેમના વિચાર ઊંડા સંસ્કૃતજ (સંસ્કૃતમાં મહા કવિઓ જેવા વિચાર જણાવે છે તેવાજ) છે. એ ઉપરથી પંડિતે દયારામ ઉપર ચોવીસ પ્રશ્ન લખી મોકલ્યા. દયારામને લાગ્યું કે પંડિતને મદ બહુ થયો છે, તેથી તેણે પ્રશ્નના કાગળ નીચેજ એક પદ ‡ બનાવી લખી

---

† બૃ. કા. દો. ૫, પા. ૪૫.

‡ એ પદ કયું તે વિષે કોઈ પણ જગ્યાએ સૂચના જણાતી નથી. કદાચ પ્રા. કા. ૧૩, પા. ૨૭૨, પદ ૧ છે તેવુંજ હશે. એમાં પણ તરેહવાર સોળ પ્રશ્ન પૂછ્યા છે, એ પદ કંઈક ફેરફાર સાથે કા.

પ્રાકૃતનું. તેમાં પોતે એવા વહેવાર પ્રશ્ન કર્યા હતા કે તે પરથી પંડિત તો નરમજ થઈ ગયો, અને ડભોઇ આવી દયારામને નમ્યો, અને એક માસ રહી કવિ પાસેથી સઘળા પ્રશ્નોના ખુલાસા લીધા. *

વળી દયારામ એક પ્રસંગે વડોદરે આવ્યો હશે તે વખત તેના શિષ્ય ગિરજાશંકર ને રણછોડની કથા ચાલતી હશે. ત્યાં આવવાનો તેને આગ્રહ કરવામાં આવ્યો. કથામાં હાલના ગાગરીઆ ભટોની પેઠે મહાભારતની, અથવા તંબુરીઆ ભટોની માફક રામાયણની કથા કેહેવામાં આવતી નહોતી, પણ માત્ર દયારામનાંજ પદો ગવાતાં હતાં. પણ તેના શિષ્યો ગાવા બજાવવામાં એટલા ખબડદાર અને કુશળ હતા, ને દયારામની વાણીનો મોહ લોકોને એટલો લાગતો કે એવી કથા થતી હોય ત્યાં સેંકડો સ્ત્રી પુરૂષો સાંભળવા આવતાં. દયારામ પણ ત્યાં છાનોમાનો આવીને બેઠો ને કથાનો આરંભ થયો. ગિરજાશંકરથી નરઘાં વગાડવામાં કંઈ ચૂક થઈ. શ્રોતા મંડળમાં કોઇ બાવો બેઠેલો હશે તેનાથી એ ના ખમાયું એટલે તેણે તરતજ ઉભા થઇ ગિરજાશંકરની જાહેરમાં ભૂલ કહાડી, અને બીચારો ગિરજો તો તે સાંભળતાંજ ઝંખવાણો પડી ગયો. દયારામનો આથી મિજાસ તપ્યો. તે બોલ્યો, બાવાજી,

---

સં., પા. ૨૮૭મે પણ જોવામાં આવે છે. કવિ નર્મદાશંકરના કેહેવા પ્રમાણે એ પદમાં ચૌદ પ્રશ્નો હતા.

* દયારામે પ્રશ્ન પૂછ્યા અને પંડિતથી તેના ઉત્તર ન અપાયા એમાં કંઇ દયારામની વિદ્વત્તા વધારે ન કહેવાય; પણ પંડિતે પ્રાકૃત કવિતા કરનારને ધિક્કાર્યો એમાંતો તેણે પોતાનીજ મૂર્ખાઇ અને અજ્ઞાન બતાવ્યાં. કવિતા કંઈ ભાષા ઉપર આધાર રાખતી નથી. કવિની મ્હોટાઇ તેના વિચાર ઉપર આધાર રાખે છે, ભાષા ઉપર નહીં.

આવું કાંઈ એવી મ્હોટી ભૂલ કીધી નથી: અને ભૂલ તો સર્વથી થાય. બાવાએ કહ્યું, જેણે ઉસ્તાદી મેળવી હોય તે ભૂલ કેમ કરે ? દયારામે કહ્યું આવી જાઓ ત્યારે, હું પણ આજ જોઉં કે તમે ભૂલમાંથી કેવા બચી જાઓ છો. બાવાએ બેઠક આગળ આવી નીડરપણે નરઘાં પકડી બજાવવા માંડયું, અને દયારામે પોતે ગાયન શરૂ કર્યું. બાવો બજાવવામાં એવો નિપુણ હતો કે ખરે તેણે જરા પણ ભૂલ નજ કરી. ગાતાં બજાવતાં સ્હવારના ચાર વાગવા આવ્યા ને પ્રાતઃકાળનો સમય થયો પણ બાવાએ નમ્યું ન આપ્યું. આસપાસ ધીમે ધીમે વાત ફેલાવાથી શ્રોતા શિવાય બીજા સેંકડો લોકો આ રસિક ઝઘડો જોવાને ભેગા થયા. દયારામને પણ લાગ્યું કે બાવો માન મૂકાવશે. છેવટ તેણે એક અટપટો રાગ પસંદ કર્યો, અને તેની સાથે તેમાં પ્રાસાદિની ગુંચવણ એવી આણી મૂકી કે આખરે બાવો ગુંચવાઇ પડયો, ને લોકોએ તાળીઓ પાડી. દયારામે ધીમેથી કહ્યું, શાબાશ છે બાવાજી, તમારી ઉસ્તાદીમાં બાકી નથી. તમારા જેવો કુશળ બજાવનાર મેં આજ પર્યંત જોયો નથી, એમ કહી પોતાના ગળામાંથી સોનાની કંઠી કહાડી બાવાને બક્ષિસ કરી ! ! *

દયારામની ગાવાની શકિત કેવા ઉંચા પ્રકારની હોવી જોઇએ તે આગળના દૃષ્ટાંત ઉપરથી આપણને સહજ માલમ પડે છે. કવિ જો કે પોતે ગવૈયાની પેઠે સારૂં ગાઇ જાણતો ન હતો તો પણ એની ગરબીઓ અને પદોમાં એણે કાલિંગડો, સોરઠ, બિ-

---

* ખરેખર હીરાની પરીક્ષા તો ઝવેરીજ કરે. પ્રો. કો. ૨–કવિ ચરિત્ર, પા. ૮–૯. આ વખતે જે કવિતા ગાઇ હતી તે તેજ વખતે બનાવી હતી એમ કહેવાય છે, જો એ વાત ખરી હોય તો શીઘ્ર કવિ તરીકે પણ દયારામ કેટલો શકિતવાન હોવો જોઇએ! જૂઓ પાછળ પા. ૨૪, અને આગળ 'ષષ્ઠ ખંડ.'

હાગ, સોહણી, ધનાસરી, કલ્યાણુ, દાદરો, આસાવરી, મલ્હાર, પરજ, હોરી, કાફી, ભેરવી, સારંગ, ભીમપલાસી વિગેરે તરેહ તરેહના રાગ અને રાગણીઓ ગાયા છે તે ઉપરથી એમ તો સ્પષ્ટ માલમ પડે છે કે એ રાગ, સૂર, તાલની સારી સમજ ધરાવતો હોવો જોઇએ. એ જાતે પણ તંબુરો લઇને ગાતો. એનું ગાવું કવિ નર્મદાશંકરના કહેવા પ્રમાણે દક્ષિણી હરદાસ જેવું તો નહીં, પણ સારા ભજનીઆ ગુજરાતીમાં ગાય છે તેને મળતું હતું. વડોદરાના પ્રખ્યાત હરિભકિતવાળાએ એકવાર મરજાદીનો મેળાવડો કર્યો હતો, તે વખતે દયારામ વડોદરે આવી કેટલાક દિવસ રહ્યો હતો, અને પોતાના શિષ્ય લલ્લુભાઇ કાયસ્થને ઘેર મુકામ રાખ્યો હતો. ત્યાં ત્રણ ચાર બેઠકો થઇ હતી. તે વખત દયારામ હાથમાં તંબુરો લઇ ગાતો, ને તેના શિષ્ય ડાહ્યાભાઈ અને રણછોડ નરઘાં સારંગી વગાડતા. એ વખતે દયારામ શીઘ્ર કવિ તરીકે નવું નવું જોડીને ગાતો હતો તેથી, અને તેના મધુર રાગથી લોભાઇને શ્રોતાઓની ઠઠ મળતી હતી.

એની બાનીની મોહિનીની તો વાતજ શી કરવી ! તેણે તો ડભોઈ ચાણોદને ગાંડું ઘેલું કરી મુકયું હતું. જેમ કૃષ્ણને માટે ગોપીઓ ગાંડી ઘેલી થઈ જતી, તેમ ડભોઇ ચાણોદની અબળાઓ દયારામ ઉપર ફીદા ફીદા થઇ જતી.† આજ પણ ત્યાંના લોકો એની કવિતાને માટે એટલા આશક જણાય છે કે કંઈ સીમા નહીં. ત્યાંના ઘણા લોક કવિ પ્રતિ પૂજ્યભાવ ને પ્રેમવૃત્તિ દર્શાવે છે.

---

† ખરેખર, દયારામની ખરી કિંમત એ બાજુએજ થઇ હોય એમ લાગે છે. રા. નવલરામ પણ લખે છે કે

રસમાં છે અહીં (અમદાવાદમાં) છપ્પા સામળ કવિના પૂરણ કામ રે,
જેમ સુરતમાં પ્રેમાનંદ ને વડોદરે દયારામ. રમીએ ગૂજરાતે રે—

બા. ગ., પા. ૨૭.

જ્યારે દયારામ રણછોડજી સનમુખ હાથમાં કરતાલ લઈ નૃત્ય સાથે ગાયન કરતો, ત્યારે સ્ત્રી પુરૂષની તેની આસપાસ ઠઠ મળતી, ને સૌ તેના ગાયનથી ખુશ ખુશ થઇ જતાં. તે સતારપણ સારી રીતે જાણતો હતો. મથુરાના મંદિરમાં સતાર સાથે જ્યારે ભક્તિ કરતો ત્યારે સેંકડો સ્ત્રી પુરૂષ ખાવા પીવાનું ભાન ભૂલી જઈ તેનેજ જોઇ રહેતાં.

" પેટલાદના એક વડનગરાની સ્ત્રી જેને ઘણું સારૂં ગાતાં આવડતું હતુ, અને જે સાજ સાથે ગાતી હતી, તે એકવાર ડાકોરમાં દયારામની પાસે ગાતી હતી. તેને દયારામે કહ્યું કે, ત્હારો કંઠ મને આપ, હું તો માત્ર જોડી જાણું છું. "†

દયારામનો રાગ બહુ મધુર, બાંધો થોડી કણકે ઘડેલો, ને ચહેરો ખુબસુરત હોવાથી લોકોને મોહિની સહજ લાગતી. એનું શરીર ગૌર, પાતળું, ને દેખાવડું હતું: અને નાજુકાઈ તો એટલી હતી કે પાન ખાય તો ગળાની રતાશ સાફ જણાઇ આવતી.

કવિ નર્મદાશંકર દયારામનું ચિત્ર આ પ્રમાણે ઉતારે છે*:-

મ્હારા મિત્ર ચિમનલાલ નંદલાલના કેહેવા પ્રમાણે દયારામ કવિ પાતળો પણ મ્હારાથી દહોડા હાડનો અને મ્હારાથી મૂઠેક ઊંચો હતો. મ્હોડું ગોળ નહીં પણ લાંબું મ્હારા જેવુંજ. નાક પણ મ્હારા જેવું સીધુંજ પણ છેડેથી અણીઆળું, આંખ માંજરી પણ ઘણી ચંચળ, કપાળ લમણાથી ઊંચું થતું જઇને જરાક બહાર પડતું. મૂછ ભરાવ ને ઊંચેથી વાંકડી, પણ થોભીઆ નહીં. રંગે ઘઉં વર્ણાથી જરા વધારે ગોરો. નાજુકાઈ ઘણી હતી.

---

† ન. ગ., પા. ૪૮૦.

* ન. ગ., પા. ૪૭૭.

દયારામને લૂગડાં લત્તાં પહેરવા ઉપર ઘણોજ શોખ હતો. સાઠોદરાની રીતજ એવી હોય છે કે—સાઠોદરા કેમ જાણીએ? વાંકી પાઘડીએ, ઘોડે બેસી ચાકરી જાય ને જમે દાથરીએ. એ નડીઆદથી પાંચ પાંચ રૂપીયાનો રંગ નંખાવી પાઘડી રંગાવી મંગાવતો, દશ બાર રૂપિયાનાં રેશમીકોરનાં ધોતીઆં ને મલમલનાં અંગરખાં ઝીણી કારીગીરીવાળાં પહેરતો, ને સફેદ દુપટો ખભે નાંખતો. રસ્તામાં કછોટો મારીને ફરતો. વખતે ટોપી ઘાલતો ને વખતે ફેંટો બાંધતો. એને માથે તાલ પડી હતી. એની પાઘડીની શાન ડભોઈના સાઠોદરાઓ ઘાલે છે તેવીજ. પણ ઘાટ ઘણો ન્હાનો હતો. ‡ આ છેલાણીની રીતો લગભગ ચાળીશ વર્ષનો વયો ત્યાં સુધી સારી રીતે રાખી હતી, પણ જેમ જેમ વયે પહોંચતો ગયો તેમ તેમ, અને કેટલીક ઠોકરો ખાધા પછી એ ગંભીર ને ધર્મઘેલો બન્યો હતો. ત્રીશ વર્ષનો થયો ત્યાં સુધી તો ધોતીઆંની પાટલી ચીપતાં અડધો કલાક થતોઃ ને દરજી મન માન્યો અંગરખો સીવી લાવ્યો નહીં હોય તો તેના ભોગ ફરી વળતા. તેમ સારા અંગરખાની સીલાઈ એ ત્રણ ત્રણ રૂપીયા સુધી આપતો—એવો એ પહેરવે શોખીન હતો. †

---

‡ ન. ગ., પા. ૪૭૭.

† રા. ઇચ્છારામ એ વિષે એક દૃષ્ટાંત આ પ્રમાણે આપે છેઃ—" એક વખતે ઢાકાની ઊંચી મલમલનો અંગરખો સીવવાને દરજી ને આપ્યો. સીલાઇ તો મન પસંદ હતી, પણ ખભેથી તંગ પડયો, તે માટે દરજીનો ઝાડીઓ કહાડવા માંડયો. દરજીએ કહ્યું તમે કુંડા જેવા થયા તેથી અંગરખો તંગ પડયો, મેં તો માપ પ્રમાણે સીવ્યો છે. આ સાંભળતાં એને ઘણો ક્રોધ ચ્હડયો, ને પાસે પડેલો કલમદાન તેનાપર છૂટો ફેંકયો, જે ભયથી દરજી નાઠો તે છ માસ સુધી સીલાઇ ના પૈસા લેવા સરખો આવ્યો નહીં, એવો એનો તાપ હતો. "—બૃ. કા. દો. ૫, પા. ૪૪.

નાગરનો પેશો કલમ, કડછી કે બરછી—તેમાં બરછી તો નહીં, પણ કલમની સાથે કડછીમાં પણ દયારામ ઘણો પ્રવીણ હતો. જાતે મરજાદી હતો, એટલે ઘણું ખરૂં પોતાને હાથેજ રસોઇ કરી જમતો હતો. જોષી રણછોડ તરફથી કવિ નર્મદાશંકરને મળેલી ખબર પ્રમાણે દયારામને વેલણ વિના માત્ર હાથે વતીજ પાતળી ને ઘણી સારી વેંઢમી બનાવતાં આવડતી હતી. ડભોઇમાં સ્થાયી મુકામ કર્યા પછી કવિએ પોતાની ન્યાતની એક સ્ત્રીને સમર્પણ આપ્યું હતું, અને તે એને રાંધી જમાડતી હતી એમ કેટલાકનું કહેવું છે. *

દયારામને સાધારણ માણસ કરતાં લગભગ બમણો આહાર હતો, અને તેથી એનો બાંધો બહુ મજબૂત હોવો જોઇએ એમ અનુમાન થાય છે.

એને કોઈ પણ રીતનું ખરાબ વ્યસન હોય એમ કંઇ માલમ પડતું નથી. એ રોજ ૩૦-૩૫ પાનની બીડીઓ ખાતો, અને હોઠ લાલચોળ રાખતો. ઘણો ઘરડો થઈ મરણ પામ્યો તો પણ રાતો બિમ્બ જેવો હતો, અને ઘણો વ્યાધિગ્રસ્ત હતો તો પણ બહુ સાવધ રહેતો. એને અફીણ, કસુંબા વિગેરે કોઇ પણ જાતનું વ્યસન નહોતું: પણ એ ભાંગનું બસેરેક પાણી પીતો ખરો. † ગુજરાતીઓની રીત પ્રમાણે દયારામના બોલવા ચાલવામાં થોડો એક સખી ભાવ પણ હતો.

કવિની અસલ છબી રતનબાઇ સોનારણ પાસે હતી. તે બાઇ નિત્ય તેની પૂજા કરતી. કવિ નર્મદાશંકરના શિષ્યોએ જ્યારે

---

* ન. ગ., પા. ૪૭૮.

† ન. ગ., પા. ૪૭૭.

એ ચિત્ર તેની પાસે માગ્યું ત્યારે એણે કહ્યું કે, 'તમારે ગમે તો કોઈ ચિતારાને બોલાવી એ ઉપરથી બીજું ઉતરાવી લો પણ એ તો હું નહીં આપું, કેમકે મ્હારે સ્હવારના પહોરમાં એનાં દર્શન કીધા વગર, અને જમતાં પહેલાં એની સેવા કીધા વગર આ દેહ છે ત્યાં સુધી કદી ચાલે નહીં.' ‡ એ છબી ક્યાં ગઈ તે જાણવામાં નથી. દયારામના માનીતા શિષ્ય જોષી રણછોડને ત્યાં જે છબી છે તે અસલ નથી, પણ અસલ ઉપરથી લેવાયલી નકલ છે, એમ કહેવાય છે.

દયારામનો તંબુરો એના શિષ્ય વસંતરામને ત્યાં છે. કવિ એ શિષ્યપર પસન્ન હતો અને તેથી મરણ સમયે તેણે એને એ વારસામાં આપ્યો હતો. * રા. ઇચ્છારામના જણાવ્યા પ્રમાણે વસંતરામ એ તંબુરાની નિત્ય પૂજા કરતો, એવો એ શિષ્યનો ગુરૂ પ્રતિ ભક્તિભાવ હતો.

---

‡ ન. ગ. પા. ૪૭૨.

* જૂઓ આગળ રા. ચિમનલાલનો પત્ર.

પંચમ ખંડ.

દયારામનો સમય.

દયારામ જે સમય (સંવત ૧૮૨૩-૧૯૦૮ અથવા ઈ. સ. ૧૭૬૭-૧૮૫૨)માં થઇ ગયો તે સમયની કેટલીક વ્યવહારિક રીતિઓ—લગ્ન સંબંધી, સીમંત સંબંધી, વિગેરે—હાલમાં જેવી છે તેવીજ ઘણી ખરી જોવામાં આવે છે. જે સમયમાં રાજકીય, ધાર્મિક અને વ્યવહારિક કંઇ કંઇ ફેરફારો થઈ ગયા, જે સમયમાં અનેક જાતના અવનવા આધિ, વ્યાધિ અને ઉપાધિ આવી ગયા, અને જે સમયમાં તાર, આગગાડી વિગેરે અનેક લૌકિક સુધારા દાખલ થયા, તે સમયમાં ખરેખર આશ્ચર્યજનક વાત છે કે આ લગ્ન સીમંતાદિ સંબંધી રીતિઓ લગભગ જેવી ને તેવીજ રહી. કવિ 'રુક્મિણી સીમંત'માં કહે છે * :—

રાખડલી બાંધ્યાનું મુહૂર્ત પૂછો અભ્રાંત રે;
સીમંતનું કયારે મુહૂર્ત તે કઢાવો રે,
નિશ્ચે કરીને વહુને મૈયર જાણ કરાવો રે.

* * *

જોષી તેડાવી શુભ મુહૂર્ત ધરાવિયાં રે,
સુભદ્રાને હસ્તિનાપુરથી તેડાવિયાં રે;

* * *

બેનને રક્ષા નણદ બાંધી કુળની રીતે રે.

* * *

---

* પ્રા. કા. ૨, રુક્મિણી સીમંત, પા. ૧-૮.

ભીષ્મક રાજાને કહાવ્યું વસુદેવે રીતે કરી રે,
મુહૂર્ત ઉપર મોસાળું લેઈ વ્હેલા આવજો રે

*   *   *

ગોત્રજદેવી સ્થાપન કીધા પ્રેમે પૂજ્યાં રે,
વૃદ્ધ શ્રાદ્ધ કીધું વસુદેવ;
દક્ષિણા દેઇ બ્રાહ્મણ સંતોષિયા રે,
શ્રીફલ પધરાવ્યાં તતખેવ.
પીઠી ચોળી ઘેણુને નવરાવિયાં રે,
વસ્ત્રાભૂષણ ધરીઆં શુભ શણગાર.

*   *   *

પાટ પથરાય વહુજી પગલાં માંડે રે.

*   *   *

ભુસઠિયો અભિમન્યુ આવી ખોળે બેઠો રે,
કુમકુમે કર પીળી ભુસઠ થાપી;
પસલી ભરાવી સોના મ્હોર તણી રે,
પ્રસન્ન કીધો મુખ માગ્યું તે આપી.
સુભદ્રાજી નણુંદ બાંધી રાખડી રે,
ખોળો ભરીઓ જાદવકુળની રીતે.

*   *   *

મોસાળું લેઈ આવ્યા વેવાઇ મ્હોલે.

*   *   *

પ્રથમ પુત્રીને સોળે શણગાર.

*   *   *

જમાત્ર શ્રીકૃષ્ણજી સંતોષ્યા.

*   *   *

વસુદેવજીને સહસ્ર સોનાની મ્હોરો,
પાઘ અનુપમ જોટો પામરી;
બળભદ્રજીને પણ આપ્યું તે રીતે.

*　　*　　*

અભિમન્યુને આપી મણિની માળા.

*　　*　　*

ગોરનું હાપું બમણું આપિયું.

*　　*　　*

સીમાં પ્રથમ વેવાણુ દેવકીજીને.

*　　*　　*

ઘેણને પાટ ઉઠાડયાં આપ્યું પટોળું,
સાસુ દેવકીજીએ તે સમે;
ઉઠયાં વહુજી મંદિરમાં પધાર્યાં,
ગોત્રજ સાસુ સર્વેને નમે.

*　　*　　*

દયારામે પોતે પોતાના સમયમાં કદાચ પોતાનીજ સાઠોદરી નાગર જ્ઞાતિમાં જોયલી તેજ પ્રમાણે આ રીતિઓ વર્ણવી છે. એ સઘળીને હાલની રીતિઓ સાથે સરખાવી જોતાં ફેરફાર સ્પષ્ટ માલમ પડે છે, પણ તે પ્રમાણમાં ઘણોજ થોડો છે.

એજ પ્રમાણે 'સત્યભામા વિવાહ'માં ગણેશ સ્થાપનાથી તે છેક પેહેરામણી પેહેરતાં સુધીની લગ્નની વિધિનું સ્પષ્ટ રીતે વર્ણન કર્યું છે. *

ગજાનંદ શુભ બેસાડયા મંદિર મુહુરત કીધું,
ઠાર ઠાર લખી કંકોતરીજી.

*　　*　　*

પ્રભુને પીઠી ચોળવા મંદિર માનુની જાય,

---

* કા. સં. પા. ૮૫-૮૪.

લાવે લાડકા લાડુ સ્વજનજી.

*   *   *

એમ પગરણ માંડયાં ગોત્રદેવ્યા બેસાડયાં,
વૃદ્ધ શ્રાદ્ધ કીધું વસુદેવજી;
ગૃહશાંતિક કીધું વાડવ વેદ મંત્રેથી,
આશીરવચન ભણીને તતખેવજી.

*   *   *

વાને ઘાલી વરરાયને રે, ચોળી કરાવ્યું સ્નાન;
અંગ વસ્ત્ર કરી પીતાંબર પેહેર્યું, કરે માનુની મંગળગાન.

*   *   *

ધૂપ વાળીને આંજી આંખડી રે, કાજળ ટપકું કીધું છે ગાલ.
મીંઢળ બાંધ્યું કર દક્ષણે રે, ગોત્રજને લગાડયા પાય;
પાન મુદ્રા શ્રીફળ થકી રે, પોસ ભરાવો જાદવરાય.

*   *   *

બેહેની સજોડે લૂણ ઉતારે, અશ્વે ચઢી આવે અશરણશર્ણ.
લગામ ગ્રહી કુંતાજી રહ્યાં રે, વીરે માનવ્યું મંન;
મોહાડ બાંધ્યા છે માતા દેવકીરે, રમણદીવો ગૃહ્યા થઈ પરસંન.

*   *   *

વાજતે ગાજતે આવિયા, સહુકો જાનીવાસાને ઠામ,
મામે ઉતાર્યા કેડે લઈરે, વરઘોડેથી સુંદર શ્યામ.

*   *   *

પીરસ્યા કલુવો વરરાજાની સાળીજી પ્રીતે,
જમો જમોરે જમાઇડા ગોરી ગાય ગીતે;
આરોગી ઉઠયા તે કલુવો સારંગપાણી,
વરજા આવી માંડવે સમો જાણી;
વરરાજાને પોંખ્યા લાડકડીની માતે,
ઘુંસર મુસળ ત્રાક રવાઈ રીતે ભાતે;
ઇંડી પીંડી શરીઆ સંપુત વાલુ ઝડાકે,

સાસૂએ તાણ્યું ચૂક કૃષ્ણનું નાકે.

*   **   *

નવડાવી કન્યાને શણગાર સજાવ્યા,
મીંઢળ બાંધી ગોત્રજને પ્રણામ કરાવ્યા;
માહેરામાં મામાજીએ પધરાવીરે કન્યા,
કૃષ્ણ કંથ સંગે બેઠાં ભાયગ ધન્યા.

*   *   *

વેહેવાણ વેહેવાણો મળી, હળીમળી સોહેણા લીધારે;
કુંકુએ પીલ્યા કપોળ વીનોદશું રે.

*   *   *

ત્યાંહાં સ્પર્શા સ્પર્શ વ્હેવાઈ, ડાહાડી પીલે પ્રીતે મુખ સાહી;
સહુ જાનૈયાને થાપારે દીધ, રંગે રાતા સર્વને કીધ;
વરને પોહોંચે વસ્ત્ર અતુલ, આભ્રણ નખશીખ આપ્યાં અમૂલ;
વસુદેવને કનકનો મુગટ, ભારે મૂલનાં પાંચે પટ;

*   *   *

દ્વારે કુમકુમ થાપારે દીધા, ધાર્યા તેવા મનોરથ કીધા;

*   *   *

છોડયા દોરડા કૂળની રીતે, ભણ્યા વચન વિનોદનાં પ્રીતે;
મોહોંજોણું વહુજીને કરતાં, આભૂષણ એકે કુમકુમે ધરતાં;
વહુ લાગી સહુ વૃદ્ધને પાગે, દીધી આશિષ રહો સૌભાગે.

*   *   *

આ સઘળી રીતિઓ હાલ જે રીતિઓ એ પ્રસંગે જોવામાં આવે છે તેને ઘણે અંશે મળતી છે એ સ્પષ્ટ છે.

હાલમાં શુકન અપશુકનના જે વેહેમો આપણામાં જોવામાં આવે છે તેવાજ વેહેમના ભય એમ દબાણથી દયારામના સમયના લોકો કોઇપણ રીતે મુક્ત હોય એમ લાગતું નથી. 'કમળ લીલા'. નામના ગ્રંથમાં કવિ નીચે પ્રમાણે લખે છેઃ– *

---

* પ્રા. કા. ૧૩, પા. ૭–૮.

ઘેર યશોદા રસોઈ કરવા ચાલી, એવે કોઇક ગોપી છીંકી;

* * * *

આગળ જાતાં આવી એવે, માંઝારી એક આડી;
વ્યાકુળ થઇ નીકળી ઘર બાહેર, કહેતી ગયો કયાં મ્હારો કહાન;
બાહેર કાગ દક્ષિણે બોલે, વ્યાકુળ ખર સ્વર ભૂલવે ભાન;

* * *

ફરકે આંખ શ્વાન લઢે ઘણાં, ઉત્તરમાં ખર પોકારે;
માથા પર જઇ કાગ કરે ચેષ્ટા, જોઈ મન ભય વિચારે;

* * *

એમ કુશુકન મુજને થયા, તેથી મન મ્હારૂં અકળાય.
અને ' રૂકિમણી વિવાહ 'માં આ પ્રમાણે કવે છે* :–
હાવાં ત્યાં પણ થાય શુકન, શ્રીઅંગે રૂકિમણીરે;
વામ ઉર ને બાહુ ફરકી આંખડી, જોઇને વિચારતારે.
એ ઉપરથી આપણને એ વિષે કંઇક સાબિતી મળે છે.

વળી આષાઢ મહિનામાં બાળાઓ ગૌરીવ્રત પાળતી અથવા અલૂણાં કરતી હાલ જોવામાં આવે છે તેજ પ્રમાણે દયારામના સમયમાં પણ તેવાજ પ્રકારનું વ્રત પળાતું હશે એમ માનવાને કારણ છે. એક ગરબીમાં કવિ કહે છે:– †

તેં વશ કીધા રાધે દયાના પ્રભૂજી;
હું નવ જાણું તેં તે કઇ ગોર પૂજી, રાધે તું પ્યારી.

આ પ્રમાણે દયારામના સમયનું આપણને કંઇક વાસ્તવિક ભાન થાય છે.

---

* કા. સં., પા. ૧૭.
† કા. સં., પા. ૧૯૯–ગરબી ૪૨.

ષષ્ઠ ખંડ.

દયારામના ગ્રંથો અને ગ્રંથ ચર્ચા.

કવિ નર્મદાશંકર લખે છે કે દયારામે ગુજરાતી, હિંદુસ્તાની, પંજાબી, મરાઠી, સંસ્કૃત અને ફારસીમાં કવિતા કીધી છેઃ પણ દેવનાગરી લિપિ સિવાય એને બીજી કોઇ પણ લિપિ લખતાં આવડતી નહોતી એમ કહેવાય છે. * એની કવિતા ગુજરાતી અને હિંદુસ્તાનીમાં ઘણી છે. જોષી રણછોડના કહેવા પ્રમાણે દયારામે સંસ્કૃતમાં કાંઇ પણ કાવ્ય કર્યું નથી, ને કદાપિ કીધાં હશે તો ન્હાનાં ન્હાનાં સ્તોત્ર. ખરેખર આજ સુધીમાં એ પ્રકારનું કાંઇ જાણવામાં આવ્યું નથી. હિંદુસ્તાનીમાં એણે ઘણું લખ્યું છે, અને તે કવિતાની ભાષા ઉપરથી એમ અનુમાન થાય છે કે એણે તેનો સારો અભ્યાસ કર્યો હોવો જોઇએ. 'કાવ્ય સંગ્રહ' †

---

* ન. ગ., પા. ૪૭૮-૭૯.

† એ સંગ્રહ મેળવવામાં કવિ નર્મદાશંકરને કેટલી કેટલી અડચણો ખમવી પડી હતી એ હકીકત પણ એક જાણવા યોગ્ય આડકથા છે. કવિ લખે છેઃ—"ડભોઈ જઇ એનાં (દયારામનાં) પુસ્તકો આણવાને હું સને ૧૮૫૯ સંવત ૧૯૧૫નાં ચૈત્રમાં વડોદરે ગયો હતોઃ પણ એનો શિષ્ય રણછોડ તે વખત વડોદરે હતો માટે હું ત્યાંજ રહ્યો ને પછી તેને મળવા ગયો. તે મ્હને ઓળખતો નહોતો તેથી મ્હને ઘણો લાભ થયો કે મેં પૂરા ભાવિક થઇ જાહને થોડુંક દ્રવ્ય આપીએ ત્રણ કલાક લગી રણછોડને મ્હોડે દયારામની તમામ હકીકત સાંભળી લીધી. આત્મારામ ભુખણની માણેકચંદ જગજીવનદાસની દુકાને પેહેડીના મુનીમ મ્હારી માના માસાને ત્યાં ઉતરેલો ત્યાં પૂછવાના સવાલો તૈયાર કરતો ને પછી તે યાદ રાખી રણછોડને પૂછતો, ને એ રીતે સઘળી વાત કહડાવી લીધી. મેં પણ કહ્યું હતું કે હું પણ થોડી થોડી કવિતા કરૂં છું: પછી

ને અંતે બે મરાઠી કાવ્ય આપેલાં જોવામાં આવે છે. એ શિવાય બીજી ભાષામાં કાંઇપણ કાવ્ય આજ સુધી પ્રસિદ્ધિમાં આવ્યાં હોય એમ જણાતું નથી. એ સર્વે ભાષાઓની માહિતી લાંબી મુદતના યાત્રા પર્યટણથી એણે મેળવી હશે એ સંભવિત છે.

જોષી રણછોડના કહેવા પ્રમાણે દયારામના બનાવેલા નાના મોટા મળીને ૧૩૫ ગ્રંથો છે: અને એ ગ્રંથો ઉપરાંત એની

તેજ વરસમાં રણછોડ મુંબઇ આવ્યો હતો. ત્યાં પણ મેં એને દ્રવ્યની સારી મદદ કરાવી આપી હતી. મેં એને ગ્વાલીયા તલાવપર ધનજીભાઇ નસરવાનજી કામાના બંગલામાં કોચ ઉપર બેસીને કહ્યું હતું કે રણછોડભાઈ તમે દયારામનાં તમામ પુસ્તકો છપાવો, ને સરકારમાં હક લો કે બીજા કોઇથી છપાવાય નહીં, ને તેથી તમને ઘણો નફો થશે–તમને જાગીર જેવું થશે. તમે કહેશો કે પછી મને લોક ગાવા નહીં બોલાવે, પણ પુસ્તકો લોકના હાથમાં ગયેથી તેઓને કંઇ ગાતાં આવડી જવાનું નથી; ને એમ કરતાં થોડુંક નુકસાન થયું તોપણ પુસ્તકનાં વેચાણમાંથી તમને ઘણોજ નફો થવાનો. ઘણું ઘણું કહ્યું તોપણ તેણે તે વાત ઉડાવી દીધી. એણે મ્હને એક પદ લખી આપ્યું નહીં. એની સાથે વાતો કરીને મેં દયારામની હકીગત તો સારી પેઠે કહાડી લીધી ખરી. એ ઠેકાણે ઠેકાણે ગાય ત્યાં મ્હારા શિષ્યો ખૂણામાં બેસીને છાનાં છાનાં લખ્યાં કરે એવી રીતે અને ભરૂચના મુનશી પદમાનંદદાસ ભોળાભાઇ અને સુરતના કાયસ્થ હીરાલાલ મંછારામની કૃપાથી હું દયારામ કૃત કાવ્ય સંગ્રહનું મ્હોટું પુસ્તક છપાવી પ્રગટ કરી શકયો છું–જો કે દયારામને અમર કરવામાં હું તને, મને, ધને ઘણો ઘસાયો છું, ને મેં જેટલો કાળ કહાડયો છે તેટલો કાળ મ્હારાં પુસ્તકો લખવામાં કહાડયો હોત તો મ્હને વધારે માન હતું એ વાતનો વિચાર પણ જો કે નથી કર્યો તોપણ લોકને એક મ્હોટા રસિક કવિનું પુસ્તક આપ્યું છે એથી હું ઘણો સંતોષ માનું છું—રે હું જાતે ચાણોદ કન્યાળી ને ડભોઇ ગયો હતો."—ન. ગ., પા. ૪૭૦–૪૭૨.

કવિતા છૂટક છૂટક પદ, ગરબી, લાવણી વિગેરેમાં પણ ઘણી છે. પ્રાચીનકાવ્યમાળાના પ્રગટ કર્તાને મળેલી હકીગત ઉપરથી એમ જણાય છે કે દયારામે બધા મળીને ૨૦૮ ગ્રંથો રચ્યા છે, અને તે ઉપરાંત સવાલાખ છૂટક પદ કર્યાં છે. આમાં હવે સત્ય કેટલું હશે તે હાલ નિશ્ચય પૂર્વક કહી શકાય એમ નથી. કેટલાએક એમ કહે છે કે એ ઘણીવાર શીઘ્ર કવિતા કરતો, અને તે કોઈ ઉતારી લેનાર ન હોય એટલે એમની એમ ચાલી જતીઃ અને કોઈ પ્રસંગે કોઈ ઉતારી લે તો ઘણું ખરૂં તે ઉતારનારની પાસે જ તે કવિતા રહી જતી. વળી એમપણ કેહેવાય છે કે હજી ચાણોદમાં સ્ત્રીઓ મ્હોડેથી જે ગાય છે, તેનોજ જો કોઈ ઉતારો કરે તો એક મ્હોટો કિમતી સંગ્રહ થાય.

રા. ઇચ્છારામ દયારામના રચેલા ગ્રંથો નીચે પ્રમાણે આપે છેઃ—

ગુજરાતી.

૧ ગીતામાહાત્મ્ય
૨ રસિકવલ્લભ
૩ અજામિલાખ્યાન
૪ વ્રકત્રાસુરાખ્યાન
૫ પ્રેમરસગીતા
૬ પ્રબોધબાવની
૭ કાળજ્ઞાનાસાર
૮ પ્રશ્નોત્તર માલિકા
૯ શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી
૧૦ શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી
૧૧ શ્રીકૃષ્ણ સ્તવનચંદ્રિકા
૧૨ શ્રીહરિભક્તચંદ્રિકા
૧૩ હરિભક્તરત્નમાળા
૧૪ હરિ નામ વેલિ
૧૫ શ્રીગુરૂદેવચંદ્રિકા
૧૬ પ્રેમ પ્રશંસા
૧૭ શિક્ષા તથા પરીક્ષા પ્રદિપ્ત
૧૮ ભક્તિપોષણ
૧૯ ભક્તિદૃઢત્વ
૨૦ સ્તવનમાધુરી
૨૧ સત્યભામાવિવાહ
૨૨ રૂક્મિણીવિવાહ

૨૩ દશમલીલા
૨૪ રાસપંચાધ્યાઇ
૨૫ ભ્રાંતિભંજન
૨૬ અન્યાય મર્દન
૨૭ મોહ મર્દન
૨૮ ઇશ્વર નિરીક્ષણ
૨૯ પુષ્ટિપથ રહસ્ય મણિદ્વય
૩૦ શ્રીકૃષ્ણ નામામૃતધારા
૩૧ ચિંતા ચૂર્ણિકા
૩૨ પ્રમેય પંચાવ તથા સ્વાંત-કરણ સમાધાન
૩૩ ક્ષમાપરાધષોડશી
૩૪ ષડઋતુ વર્ણન
૩૫ બારમાસ
૩૬ ભક્તવેલ
૩૭ ચોરાશી વૈષ્ણવનું ધોળ
૩૮ બ્રાહ્મણભક્ત વિવાદ નાટક
૩૯ ખાનાખરીઅંતરનિષ્ઠસંવાદ નાટક
૪૦ મનમતિ સંવાદ
૪૧ શ્રીયમુના સ્તવન
૪૨ શ્રીપુરૂષોત્તમ પંચાંગ
૪૩ શ્રીકૃષ્ણ અષ્ટોતર શતના-મ ચિંતામણિ
૪૪ શ્રીકૃષ્ણનામાવલિ
૪૫ વિનય બત્રીશી
૪૬ અષ્ટ પટરાણી વિવાહ
૪૭ ઓખાહરણ
* ૪૮ નૃસિંહ મેહેતાની હુંડી

હિંદુસ્તાની-વ્રજ.

૧ શતસૈયા
૨ રસિકરંજન
૩ વસ્તુવૃંદનામદીપિકા
૪ બૃજવિલાસામૃત
૫ પુષ્ટભક્તરૂપમાલિકા
૬ હરિદાસમણિમાલ
૭ ક્લેશકોઠાર
૮ વિજ્ઞપ્તિવિલાસ
૯ શ્રીકૃષ્ણનામચંદ્રકળા
૧૦ પુષ્ટિપથરહસ્ય
૧૧ પ્રસ્તાવિક પિયુષ
૧૨ સ્વવ્યાપાર પ્રભાત
૧૩ શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય માર્તંડ

---

* આ ગ્રંથ ગુજરાતીમાં નહીં, પણ મરાઠીમાં જોવામાં આવે છે. જુઓ કા. સં., પા. ૬૫૯.

૧૪ શ્રીકૃષ્ણનામચંદ્રિકા
૧૫ વિશ્વાસામૃત
૧૬ વૃંદાવનવિલાસ
૧૭ કૌતકરત્નાવલિ
૧૮ દશમ અનુક્રમણિકા
૧૯ શ્રીભાગવતઅનુક્રમણિકા
૨૦ શ્રીભાગવતમાહાત્મ્ય
૨૧ અક્રૂરચરિત્રચંદ્રિકા
૨૨ શ્રીકૃષ્ણનામરત્નમાલિકા
૨૩ અનન્યચંદ્રિકા
૨૪ મંગળાનંદમાળા
૨૫ પ્રસ્તાવચંદ્રિકા
૨૬ ચિંતામણિ
૨૭ પિંગળસાર
૨૮ શ્રીકૃષ્ણનામામૃતદનુલઘુ
૨૯ શ્રીકૃષ્ણ સ્તવનામૃત
૩૦ સ્તવન પિયુષ
૩૧ ચાતુર ચિત વિલાસ
૩૨ શ્રીહરિસ્વપ્નસત્યતા
૩૩ અનુભવમંજરી
૩૪ ગુરૂ પૂર્વાર્ધ, બહુ શિષ્ય ઉત્તરાર્ધ
૩૫ માયામતખંડન
૩૬ ભગવદ્દભકતોત્કર્ષતા
૩૭ ઇશ્વરતાપ્રતિપાદિક
૩૮ ભગવતઇચ્છોત્કર્ષતા
૩૯ મૂર્ખલક્ષણાવલિ
૪૦ શ્રીકૃષ્ણનામમાહાત્મ્યસંશયછેદક
૪૧ શુદ્ધાદ્વૈતપ્રતિપાદન

આ ગ્રંથો ઉપરાંત દયારામે ગુજરાતી ભાષામાં ૭૦૦૦, હિંદુસ્તાનીમાં ૧૨૦૦૦, મરાઠીમાં ૨૦૦, પંજાબીમાં ૪૦, સંસ્કૃતમાં ૧૫, ને ઉર્દુમાં ૭૫ પદો લખ્યાં કહેવાય છે. *

---

* બૃ. કા. દો. ૫, પા. ૪૬-૪૭.

કવિ નર્મદાશંકરને જોષી રણછોડ તરફથી દયારામના ગ્રંથોની ટીપ મળી હતી, જેમાં ૩૮ ગુજરાતી ગ્રંથોનાં અને ૩૭ હિંદુસ્તાની ગ્રંથોનાં નામ આપ્યાં છે. કેટલીક જગ્યાએ નામમાં સ્હેજસ્હાજ ફેરફાર જોવામાં આવે છે. ઉપર આપેલામાંના ગુજરાતીમાં ૩૩-૪૦-૪૧-૪૨-૪૩-૪૪ ૪૫-૪૬-૪૭-૪૮ અને હિંદુસ્તાનીમાં ૯-૧૮-૨૦-૨૨-૨૪-૨૬-૨૮ ગ્રંથોનાં નામ એ ટીપમાં નથી. હિંદુસ્તાની ગ્રંથોમાં ત્રણ નવાં નામો જોવામાં આવે છે-સિદ્ધાંતસાર, સ્વાંતઃકરણ સમાધાન અને પ્રમેયપંચાવ.

આ ઉપરથી વિચાર કરતાં એમ તો સ્પષ્ટ માલમ પડે છે કે દયારામે જે સાહિત્ય પૂરું પાડયું છે તે તો ખરેખર ઘણુંજ વિશાળ છે. પણ કમનશીબે એમાંનું ઘણુંજ થોડું આપણને આજ સુધીમાં મળી શક્યું છે. ગયાં થોડાં વર્ષોમાં કેટલાક ઉત્સાહી ભાષા ભકતોએ ઘણી ઘણી અડચણો વેઠી દયારામના શિષ્યો પાસેથી એનાં પુસ્તકો મેળવવા પ્રયાસ કર્યો છે. અને કેટલેક દરજ્જે ફતેહમંદ નીવડયા છે. એ શિષ્યો પોતાની પાસે રહેલાં પુસ્તકો કેટલા સંભાળથી શ્રધ્ધાપૂર્વક કેવી રીતે જાળવી રાખે છે એ પ્રાચી

છેલ્લાં બે નામનો એકજ ગ્રંથ ઉપર ગુજરાતીમાં ૩૨ મો છે: અને એ ગુજરાતી ગ્રંથને બદલે એ ટીપમાં 'લઘુસ્વાતઃકરણ સમાધાન' નામનો ગ્રંથ આપ્યો છે.

રા. સા. હરગોવિંદદાસે દયારામના શિષ્ય ઘેલાભાઇની લખેલી ગ્રંથોની યાદી મેળવી છે જેમાં માત્ર ૫૭ ગ્રંથોનાં નામ આપેલાં છે. 'સિદ્ધાંતસાર' એ યાદીમાં પણ છે. એમાંપણ બે નવાં નામ જોવામાં આવે છે–સ્વરૂપ તારતમ્ય ગ્રંથ અને વિશ્વાસાગત ગ્રંથ. એઓ લખે છે કે એ ઉપરાંત અનુભવમંજરી અને પ્રેમમંજરી નામના ગ્રંથો પણ જાણવામાં આવ્યા છે.

ઉપર આપેલા ગ્રંથોમાંના નીચે પ્રમાણે પ્રગટ થયલા જણાય છે:–

(ગુજરાતી) ૧–૫–૧૪–૧૮–૨૧–૨૨–૩૩–૩૫–૩૬–૩૭ અને (હિંદુસ્તાની) ૧–૩–૧૬—કા. સં.

(ગુજરાતી) ૨–૮–૨૫–૪૨—પ્રા. કા. ૨.

(હિંદુસ્તાની) ૩૧–૩૯—પ્રા. કા. ૧૩.

(હિંદુસ્તાની) ૧૯—પ્રા. કા. ૧૧.

(ગુજરાતી) ૧૭–૪૦–૪૧–૪૩—બૃ. કા. દો. ૪.

(ગુજરાતી) ૬–૩૪—પ્રા. કા. વાળા તરફથી પ્રગટ થયલું ત્રિમાસિક.

એ ઉપરાંત એજ ગ્રંથોમાં દયારામનું બીજું ઘણું કવન જોવામાં આવે છે, જેના નામ ઉપર આપેલી રા. ઇચ્છારામની ટીપમાં જોવામાં આવતાં નથી.

ને કાવ્યમાળાના પ્રસિધ્ધ કર્તાએ અનુભવેલી નીચેની હકીગત *
ઉપરથી સારી રીતે સમજાય છેઃ—

દયારામની સઘળી અથવા ઘણી ખરી કવિતાના સંગ્રહ એક ગૃહસ્થને ત્યાં છે એમ મ્હારા જાણ્યામાં આવ્યું. તજવીજ કરતાં માલમ પડ્યું કે તે માણસ નાના પુત્ર અને વિધવા સ્ત્રી મૂકી મરણ પામ્યો છે, અને કવિતાનાં સંગ્રહનાં દર્શન થવાં દુર્લભ છે. છોકરા નિશાળે ભણવા આવતા હતા, તેથી મેહેતાજીની સમજુતથી કંઇ પત્તો લાગશે, એમ જાણી મેહેતાજી સાથે બાઇને કેહેણુ મોકલ્યું. બાઇએ પ્રથમ તો છચોક ના પાડી. ઘણીવાર આનાકાની કરી બ્હાનાં બતાવ્યાં, અને છેવટ માત્ર ગ્રંથો જોવાની રજા આપી. મેહેતાજીને સાથે લઇ હું બાઇને ઘેર ગયો. મજબૂત પેટારામાં જતનથી બાંધી રાખેલાં દફતર બાઇએ એક પછી એક કહાડવા માંડયાં. દફતર છોડતાં છીંટનાં પૂઠાંવાળાં હાથે લખેલા પુસ્તકના થોકડા નજરે પડયા. પુસ્તકો બાળબોધ દિવ્ય અક્ષરે એકજ હાથે લખાયલાં અને પાછળથી શોધાયલાં માલમ પડયાં. * * * મરનારે સઘળાં પુસ્તક પોતાનેજ હાથે દયારામની સમક્ષ લખ્યાં હતાં. જાતે પાટીદાર છતાં સારા લહિયાનું કામ જેમ તેણે ઉત્તમ રીતે બજાવ્યું હતું, તેમ તેણે પુસ્તકોને બંધાવી જાળવી રાખવાનું કામ શ્રધ્ધાથી કર્યું હતું. ઉતારેલા ગ્રંથોની અનુક્રમણિકા એક જૂદા કાગળ ઉપર કરી રાખી હતી. આ લખનાર અમીન ઘેલાભાઈએ દયારામનો માનીતો શિષ્ય હતો.

આ પ્રમાણે દયારામના શિષ્યોએ તેના ઘણા ખરા ગ્રંથો જાળવી રાખ્યા હોવા જોઇએ, અને તેમને માટે હજુ પણ ખંતથી તપાસ જારી રાખવામાં આવે તો ઘણા ગ્રંથો તે શિષ્યોના વંશજો પાસેથી પત્તો મળતાં હાથ લાગે ખરાં.

---

* પ્રા. કા. ૨—કવિ ચરિત્ર, પા. ૨.

ઇંગ્રેજી કવિ રત્ન મિલ્ટન વિષે એમ કહેવાય છે કે તુલાવિષુવ (autumnal equinox)થી તે મેષ વિષુવ (vernal equinox) સુધીમાંજ એની કવિત્વ શક્તિ સંપૂર્ણ રીતે બહાર પડતી હતીઃ બીજે કોઈ પણ સમયે તે લખવાની ગમે એટલી મેહેનત કરતો અને ગમે એટલું ધ્યાન આપતો તોપણ સંતોષકારક કંઈજ લખાતું નહીં.+ દયારામે પોતાના જે જે ગ્રંથોમાં તે લખ્યાની તારીખ આપી છે તે સર્વે જોતાં માલમ પડે છે કે સઘળાની શ્રાવણ માસમાંજ સમાપ્તિ કરવામાં આવી છે.* તે ઉપરથી એ કવિરાજને પણ મિલ્ટન જેવુંજ કંઈક હશે એમ અનુમાન થાય છે. એની સ્મરણ શક્તિ ઘણી હતી, અને કેટલાકનું એમ કેહેવું છે કે એને રોજ પદો કરવાનો નીમ હતોઃ પણ જોષી રણછોડના કેહેવા પ્રમાણે એ વાત ખોટી છે. તેણે કવિ નર્મદાશંકરને મ્હોડે કહ્યું હતું કે જ્યારે જુસ્સો થઇ આવતો ત્યારેજ દયારામભાઈ કવિતા લખતા. કોઈ કોઇ વખતે રસોઇ કરતાં કરતાં ઉઠી પણ કવિતા કરવા મંડી જતા. એમ છતાં એનામાં શીઘ્ર કવિતા કરવાની પણ શક્તિ હતી.‡ એ વિષે વાત એવી છે કે એક વખતે કોઇ એક ગવૈયો દયારા

+ Johnson's Lives of Poets, P. 56.

* સતસૈયા—સંવત ૧૮૭૨ના શ્રાવણ સુદ ૮—કા. સં., પા. ૫૧૧.
વસ્તુવૃંદદીપિકા—સંવત ૧૮૭૪ના શ્રાવણ વદ ૮—કા. સં., પા. ૫૯૬.
સારાવલિ—સંવત ૧૮૮૦ના શ્રાવણ સુદ ૧૨—પ્રા. કા. ૧૩, પા. ૨૫૬.
રસિકવલ્લભ—સંવત ૧૮૮૪ના શ્રાવણ સુદ ૧૧–પ્રા. કા. ૨, પા. ૧૫૦.
ભગવદ્‌ગીતામાહાત્મ્ય–સંવત ૧૮૯૦ના શ્રાવણ વદ ૮–કા. સં., પા. ૫૯.

માત્ર 'ભાગવતાનુક્રમણિકા'ની સમાપ્તિ સંવત ૧૮૭૯ના ફાગણ વદ ૨ ને દિવસે થયલી માલમ પડે છે.—પ્રા. કા ૧૧, પા. ૩૦૬.

‡ જુઓ પાછળ પા. ૧૮, ૪૬.

મની મુલાકાતને સારૂ આવ્યો હતો. થોડીવાર વાતચિત થયા પછી ગવૈયાએ નીચે લખેલો દાદરો ગાયો--

(દાદરો)

મેરા બંગાલી લાલ બંગાલે ચલામે--ટેક
ખાના ન ભાવે મોસેં પીના ન ભાવે,
નિંદ ન આવે જિય જાવે જલા-મેરા૦ ૧

આ સાંભળ્યા પછી દયારામે તરતજ નવો જોડી કહાડી એજ રાગનો નીચે પ્રમાણેનો દાદરો સંભળાવ્યો--

(દાદરો)

મેરે મનમોહનલાલ મધુપુરીમેં બસે,
કહ્યો જાય નહીં વે, રહ્યો જાય નહીં વે--મેરે૦
ખાન પાન ભાન ચેહેન નહીં મેરે ચિત્તમે
કંસકીકરીકે ફંદ લાલ ફસે-મેરે મન૦ ૧
દયાકે પ્રીતમજી સોં કો ન કહે વાહવા,
ભલી કીની બ્રિજકે સબ લોક હસે--મેરે૦ ૨

ખરેખર, રોજના અભ્યાસને લીધે અક્ષર જલદીથી મેળવી જાણ્યા, અથવા સૂરમાં ગાયા, ને તેમાં ચમત્કૃતિ ન આવી તો તે શીઘ્ર કવિતા ન કેહેવાયઃ અને એવી ચમત્કૃતિવાળી શીઘ્ર કવિતા તો કવચિતજ નીકળે છે.

દયારામના કવનમાં માત્રાવૃત્તમાં-દોહરા, ચોપાઇ, છપ્પા, કુંડળિયા આદિમાં કેટલીક કવિતા હિંદુસ્તાનીમાં, અને ગાયનમાં-રાગ, સૂર, તાલના નિયમ પ્રમાણે કેટલીક કવિતા ગુજરાતી તથા હિંદુસ્તાની બંનેમાં જોવામાં આવે છે. એણે અક્ષર વૃત્તની પણ કેટલીક કવિતા કરી હશે. એ પ્રાસને માટે ઘણો વિચાર કરતો નહીં, તેમ

બહુ દરકાર રાખતો નહીં. કવિ નર્મદ લખે છે* કે "સને ૧૮૫૯ માં કવિ દલપતરામ અને જોષી રણછોડ મુંબઇ આવ્યા હતા. તેવામાં જ્યારે કવીશ્વરે 'વિજયક્ષમા' ઉપર ભાષણ કર્યું હતું ત્યારે તે સાંભળવાને જોષી રણછોડપણ મ્હારી સાથે આવ્યો હતો. ત્યાં દલપતરામ નિરર્થક પ્રાસને ચાંપી ચાંપીને વાંચતા હતા તે જોઇને જોષી રણછોડ બોલ્યો હતો કે એમાં કાંઇ દમ નથી. હમારા દયારામભાઇ તો કોઇ દહાડો આવી ખટપટ કરતા નહોતા." એમ છતાં પણ દયારામના ગ્રંથોમાં યતિ પ્રાસાદિની ભૂલ ચૂક ભાગ્યેજ જોવામાં આવે છે.

ગુજરાતીમાં શુદ્ધાશુદ્ધની દરકાર રાખનારા દયારામ જેવા થોડાજ કવિઓ થયા હશે એમ કેહેવાય છે. એને અશુદ્ધતા ઉપર એટલી ચ્હીડ હતી કે હ્રસ્વ દીર્ઘમાં કંઈ પણ ગડબડ થાય તો એને માથું વ્હાડયા જેવું લાગતું હતું. એને એના શિષ્યોમાંના એક ઘેલાભાઈ અમીન શિવાય બીજા કોઇના લખવા ઊપર ભરોસો નહોતો. એ શિષ્યને પોતાની પાસે બેસાડી તેની પાસે લખાવતો, ફરી વંચાવતો, અને ભલો હોય તે સંભાળથી શોધી કહાડી સુધરાવતો.†

દયારામે વળી કેટલીક જગ્યાએ‡ 'મીઠાં'માં કવિતા લખી છે–લખવી ઉચિત ધારી છે. પ્રાકૃત ભાષાનાં આખ્યાનોનાં પ્રકરણોને 'કડવક' એટલે 'કડવું' નામ અપાય છે એમ સાહિત્યના

---

* ન. ગ., પા. ૪૭૯. † પ્રા. કા. ૨–કવિ ચરિત્ર, પા. ૨.

‡ 'નાગનજિતી વિવાહ'–પ્રા. કા. ૧૩, પા. ૧૨૦–૧૪૫.
'રૂકિમણી વિવાહ'–કા. સં., પા. ૭૩–૮૧.
'કડવું' શબ્દ બીલકુલજ વાપર્યો નથી એમ નથી. 'રૂકિમણી સીમંત'માં તેનોજ ઉપયોગ કર્યો છે.—પ્રા. કા. ૨.

ગ્રંથોમાં દર્શાવ્યું છે, અને તે પ્રમાણે પ્રેમાનંદાદિક મહા કવિઓ-એ કર્યું પણ છે: તથાપિ દયારામે બીજા કેટલાક કવિઓની પેઠે ‘કડવા’ને બદલે ‘મીઠું’ લખ્યું છે. ‘કડવુ’ એ ‘કટુ’ના અપભ્રંશ નથી પણ ‘કડવક’ના છે એ વાત દયારામના જાણવામાં તો હશે, તો પણ આવી મધુર કવિતાના પ્રકરણને ‘કડવું’ નામ આપવું એ રસિક કવિને કંઈ રૂચ્યું નહીં હોય, તેથીજ ‘મીઠું’ નામ તેણે પસંદ કર્યું હશે.

ગુર્જરગિરાના ઉત્તમ કવિઓમાં દયારામ એક ઉંચી પંક્તિ ધરાવનાર કવિ છે. એણે ગુજરાતી ભાષામાં જે કાવ્ય રૂપ પદ, ગરબીઓ વિગેરે લખ્યાં છે તેથી તે એટલો પ્રસિદ્ધ થઈ ગયો છે કે કોઈ પણ ગુજરાતી તેનાથી ભાગ્યેજ અજાણ્યો હશે. દયારામની વાણી મધુર અને ચિત્તાકર્ષક છે. એણે એનાં કાવ્યોમાં શૃંગાર ઘણીજ ઉત્તમ રીતે વર્ણવ્યો છે: એટલે સુધી કે જ્યારે તેના ભક્તિ બોધક ગ્રંથો, જેમાં શૃંગારની જરા છાયા પણ નથી, તેના તરફ આપણે નજર ફરીએ છીએ ત્યારે આપણને કાંઇક વિસ્મય લાગે છે. એમ છતાં પણ રાધા કૃષ્ણના શૃગાર વર્ણનમાં તેની વાણી વાંચકને જેવી પ્રિય અને રસિક લાગે છે તેવીજ ભક્તિ બોધક ગ્રંથોમાં પણ લાગે છે અને પોતાની સ્વાભાવિક મધુરતા તજી દેતી નથી.

દયારામની ભાષા ઘણે અંશે શુદ્ધ ગુજરાતી અને શૈલી ઘણું ખરૂં સરલજ જોવામાં આવે છે. શબ્દ લાલિત્યમાં તો કદાચ તે બીજા સર્વે કવિઓને કોરે બેસાડે છે એમ કહીએ તો ચાલે: કારણ કે પ્રસંગાનુસાર શબ્દો એણે એટલી સંભાળથી પસંદ કર્યા માલમ પડે છે કે તેથી તેણે કહાડેલા મનના ઉભરા, કે આપેલું કોઇ પણ ચિત્ર વિશેષ ચિત્તાકર્ષક, આનંદદાયક અને મધુર થઈ પડે છે. શબ્દમાં રહેલી ખૂબી તો એણેજ બરોબર તપાસી છે;

તેમની કઠોરતા અને કોમળતા એણેજ અવલોકી છે: અને કયા રસને કેવા શબ્દ અનુકૂળ અથવા પ્રતિકૂળ થશે તે એણેજ ધ્યાન પૂર્વક જોયું છે.

કવિ શિરોમણિ પ્રેમાનંદની ભાષા ઉત્તમ પ્રતિની છે, તોપણ કવિ ચરિત્રવાળાએ એક જગ્યાએ એને દયારામની ભાષા કરતાં ઉત રતી ગણી છે. રા. નવલરામ લખે છે* કે આ અભિપ્રાય ભૂલ ભરેલો માલમ પડે છે. એક કુલિન વિદ્વાન અને સંસારમાં બહુ ફરેલો પુરૂષ જેવી વાતચીત કરે તેવી દયારામની વાણી છે, અને કુલિન અનુભવી શાસ્ત્રીના લખાણ જેવી પ્રેમાનંદની ભાષા છે—કોઈમાં કંઈ દોષ કહાડવા સરખું નથી.

દયારામની કવિતા હિંદુસ્તાનમાં કેટલી માન્ય છે તે વિષે રા. સા. હરગોવિંદદાસે આપેલી હકીગત ખરેખર જાણવા યોગ્ય છે.† "આળી ઉદેપુરના દરબારમાં કોઇ ચારણે બિહારી શતસાઈના દોહરામાંનો એક ગાયો. એજ વખતે દયારામે કરેલા હિંદુસ્તાની નવસેં ‡ દોહરામાંનો એક કોઇએ કહી બતાવ્યો. એ દોહરામાં†† એવો પ્રસંગ વર્ણવ્યો હતો કે જાણે નાયક (કૃષ્ણ) નાયિકાઓ (ગોપીઓ)ની વચ્ચે થઈને પસાર થાય છે, તે વખત એક નાયિકાએ દોહરાનું એક પદ કહી તેમાં કંઇ સવાલ કર્યો, તેનો ઉત્તર નાયકે બીજા પદમાં આપ્યો; એટલે બીજી નાયિકાએ સવાલનું ત્રીજું ચરણ કહ્યું તેનો જવાબ નાયકે ચોથા ચરણમાં આપ્યો.

---

* ન. ગ્રં. ૨, પા. ૬.

† પ્રા. કા. ૨, કવિચરિત્ર—પા. ૯--૧૦.

‡ એ કયા તે સમજાતું નથી. રા. ઇચ્છારામ સાતસેં લખે છે. સતસૈયાના તો ૭૨૯ છે.

†† એ દોહરો કયો તે કોઇ જગ્યાએ સૂચવ્યું નથી.

રાજાએ ભાટને પૂછ્યું, આ બે દોહરામાંથી કયો ચ્હડે? ભાટે કહ્યું, તુલના કરી બેમાંથી કયો ચ્હડિયાતો તે નક્કી કરવાની મ્હને સૂઝ પડતી નથી; મ્હને તો બંને સારા લાગે છે. રાજાએ કહ્યું, બિહારીદાસના દોહરામાં લૌકિક શૃંગાર છે, અને દયારામનામાં કૃષ્ણને નાયક ગણી ભક્તિ શૃંગાર ગાયો છે માટે તે ચ્હડે."

કૃષ્ણ રાધા આદિ દેવ દેવીને નાયક નાયિકા લઇ શૃંગારનું વર્ણન કરવું એ ભક્તિ મનાય છે, અને તેવે પ્રસંગે ગમે તેવો ઉઘાડો શૃંગાર વર્ણવે તો પણ તે કવિ વિષે જેમ લોકોમાં તુચ્છકાર થતો નથી, તેમ જન સમૂહની સમક્ષ સ્ત્રીઓ તે જાહેર રીતે ગાય તો પણ સાધારણ લોકો તે વિષે બાધ લેતા નથી. નરસિંહ મેહેતાએ અને દયારામે એટલો ઘેલો શૃંગાર ગાયો છે કે તેનો જો ભકિતના આચ્છાદન વડે ઢાંકપીછોડો ન થઇ શકતો હોત તો એ કવિઓ ખરેખર નિંદ્ય ગણાયા વગર રેહેત નહીં. જેમના વિચાર આવી જાતની ભક્તિને અનુસરતા નથી, તથા જેઓ પુષ્ટિ માર્ગના વૈષ્ણવી સંપ્રદાયમાં નથી, તેઓ આ કવિઓના શૃંગાર વર્ણનને ધિક્કારે છે. ભકિતને કે બીજે ગમે તે નિમિત્તે પણ જો કોઇ પણ વર્ણવેલો રસ મનુષ્યના મનોવિકારને ઉશ્કેરી તેમને અવળે માર્ગે ચ્હડાવે એમ હોય, તો તે નિંદવા લાયકજ ગણાય. દયારામે હદ બહાર જઇ જે જે શૃંગારની કવિતા કરી છે, તે એવા પ્રકારની ગણવી જોઇએ. *

એ કવિના શૃંગાર વિષે રા. નવલરામ આ પ્રમાણે લખે છે:—†

પેહેલા વર્ગના બીજા ભક્ત કવિ દયારામને ભોળા લોકો નરસિંહ મેહેતાનો અવતાર ગણે છે. માત્ર એ કળિયુગમાં થોડો

---

* પ્રા. કા. ૨, કવિ ચરિત્ર—પા. ૧૦.

† ન. ગ્રં. ૨, પા. ૩-૪.

જન્મ્યો તેથી એના મન ઉપર માયાનું આવરણ વધારે હતું. બંનેની કવિતા એકજ જાતની, પણ દયારામની વધારે સારી. આત્મપરિતાપ સંબંધિ દયારામના જે પદ છે તે તેની સચ્ચાઇ અને ઉભરાતા જુસ્સાથી વલ્લભ શિવાય બીજા બધા ગુજરાતી કવિઓના એવા લખાણથી ઝટ ઓળખાઇ આવે છે. આત્મ પરિતાપની જોડેજ કરૂણાસિંધુ પરમેશ્વર સાચી ભક્તિ જોઇ સઘળું ક્ષમા કરશે એવો પણ દ્રઢ નિશ્ચય બહાર પડતો જોવામાં આવે છે. પણ દયારામ તેના શૃંગારને માટે ઘણો વખણાય છે. દયારામના ભજનમાં વિયોગનું દરદ કેટલીક જગ્યાએ સારી રીતે કથેલું છે: અને ઘણા ગુજરાતી ભકત કવિઓની ચાલુ રીત છોડી કૃષ્ણનું દક્ષનાયક પ્રમાણે વર્ણન કરવાને પ્રયત્ન કીધું છે, તો પણ તેમાં વિલાસ વર્ણન વધારે છે, અને શઠ નાયકનાં પણ ચિત્રો આવી ગયાં છે. × × × જારપ્રીતના જુસ્સામાં વેદ અને લોકની લજ્જા તોડી આગળ ધસતી સાહસ ધીટ, અધીરા, પરકિયાનુંજ વર્ણન દયારામે તો ઉઘાડે છોગે કીધું છે—દયારામભાઇનું શૃંગાર રૂપી રત્ન, ખરા પાણીએ ચમકતું, નાયકાદિ ભેદે વિસ્તીર્ણ, સુવર્ણ સરખા શબ્દોમાં જડિત, અને તાલસુરોના તેજોમ[illegible] સિંધુમાં તરતું લાગે છે. જો એકલો શૃંગારજ લઇએ તો ખરેખર દયારામને પ્રાચીન કવિઓમાં પેહેલે નંબરે સર્વોપરિ ગણવામાં કંઈજ ખોટું નથી. ગુર્જર વિદ્વાનો પ્રેમાનંદને પ્રથમ ગણી દયારામને સામળની નીચે ત્રીજે નંબરે મૂકે છે. સામળને આ ઉપરી સ્થાન આપવાનું કારણ તેનો રસ નહીં, પણ તેનો તર્ક છે. અગર જો એની વારતા યોજવાની શકિતને તર્ક નહીં, પણ ઉડતા તરંગનું નામ શોભે, તો પણ સંસાર સંબંધી વારતા પોતાની અક્કલથી યોજીને લખવાનો સંપ્રદાય આપણા કવિ મંડળમાં હતોજ નહીં, અને સામળે તે પ્રથમ દાખલ કર્યો તેથીજ પ્રેમાનંદથી ઉતરતું આસન એને આપવામાં આવે છે.

કવિ નર્મદાશંકર દયારામની કવિતા વિષે પોતાના વિચાર જણાવતાં લખે છે*:—

એના (દયારામના) ગ્રંથોમાંના કેટલાએકમાં ઘણી વાતનાં જ્ઞાન સાથે વિદ્વત્તા જણાય છે, અને કેટલાએકમાં સાધારણ વાત જ દીસે છે. પણ એની ગ્રંથ ૩૫ ગુજરાતી કવિતામાં ઉંચી પ્રતિની કવિત્વશક્તિ દેખાતી નથી. એની હિંદુસ્તાનીમાં સતસૈ છે તે એનો ઉંચી પ્રતિનો ગ્રંથ છે ખરો. એની છૂટક છૂટક કવિતા પદ, ગરબીઓ વિગેરે જે છે, પછી શૃંગાર સંબંધી કે નીતિ વૈરાગ્ય સંબંધી, તેમાંની અડધો અડધ ઘણી સારી છે ને એ છૂટક છૂટક કવિતાનો સંગ્રહ કરી તેને 'દયા રત્નમાળ' એવું નામ આપીએ તો તે ખોટું ન કહેવાય. દયારામના કવનમાં વિશેષે ત્રણ રસ જોવામાં આવે છે—શૃંગાર, શાંત, અને હાસ્ય. કવિની વિદ્વત્તા એ જૂદી વાત છે, અને કવિની કવિત્વશક્તિ એ જૂદી વાત છે. કવિ ગમે તેટલો વિદ્વાન હોય અને ગમે તેટલી સરળતા રાખી પ્રાસાદિત શક્તિથી પોતાની કવિતાને શણગારતો હોય, પણ જો તેમાં રસ નથી, જોસ્સો નથી, અને ચિત્ર પાડવાની શક્તિ નથી, તો તે કવિ જો કે અજ્ઞાની લોકોમાં મ્હોટો કહેવાય છે, તોપણ તે કવિ પંક્તિમાં છેલ્લો બેસે છે. સર્વ વિષય ઊપર અને સર્વ રસમાં ખૂબ છટાથી લખ્યું હોય, એવી રીતે કે હૃદય ભેદાઈ જાય, તે કવિ સહુથી શ્રેષ્ઠ જાણવો. ગુજરાતી કવિઓમાં હાલના મ્હારા વિચાર પ્રમાણે દયારામ ત્રીજે નંબરે આવે છે. પેહેલો પ્રેમાનંદ, બીજો સામળ, અને ત્રીજો દયારામ.† દયારામનાં કાવ્યની પ્રસિદ્ધિ માત્ર તેનાં છટક કવન, અને તેમાં વિશેષે કરીને શૃંગાર સંબંધી કવનથીજ છે. દયારામની કવિતા લોકને પ્રસંન છે તેનાં મુખ્ય કારણ આ છે. એકતો તેનું અનુભવી શૃંગારી કવન,

---

* ન. ગ., પા. ૪૮૨–૮૩.

† વડોદરાનો તો વડો, ચચલામાં કેહેવાય;
  સામળ તે પછી આવતો, ત્રીજો દયો ગણાય.—ન. ક. ૧, પા. ૪૫૨.

એટલે સ્ત્રી પુરૂષની પ્રીતિ સંબંધી, અને તે વળી લોકોને તરત સ મજ પડે એવા ખુલ્લા શબ્દોમાં, અને રાધા કૃષ્ણને નામે એટલે એક પંથ દો કાજ જેવું--અહીંને તહીં કલ્યાણ થાય એવું છેઃ તેમાં વળી ગાયનમાં ગવાય એટલે પૂછવુંજ શું ? એ કારણોથી અ વિદ્વાન ભોળા ભાવિક અને મોહલા લોકોમાં વધારે દયારામનું કાવ્ય પ્રસરતું ગયું. દયારામનું શૃંગાર કાવ્ય જો કે ઘણું સારૂં છે, તોપ ણ ઘણી ઉંચી પંક્તિનું નથી. એ કાવ્યથી ચિત્ર પડતાં નથી. એના શૃંગારી કાવ્યમાંનો ત્રીજો ભાગ દરદનો ભરેલો છે, ને બાકીનું ઉપર ઉપરના ઠાઠનું તાલમેલિયું છે--જેને અનુભવી રસિક જન તો તુ ચ્છ ગણે છે. શૃંગારરસનીજ વાત કરીએ જેમાં દયારામ શ્રેષ્ઠ કેહેવાય છે તેમાં પણ તે કવિ પ્રેમાનંદ કરતાં નીચો બેસે છે. એ તો કવિ તાના રસની વાત થઇ; હવે અલંકાર સંબંધી આ કે તે તો ઘ ણા છે, પણ એમાંના ઘણાએક પાછળથી ચાલતા આવેલા તે છે, અને થોડા એક પોતે પણ અનુભવી પડયા એટલે નવા પણ યોજેલા છે. પણ કવિતા રચનાની સરળતા વિષે મ્હારૂં મત ઘણુંજ સારૂં છે. કોઇ કવિ એના જેવો થયોજ નથીઃ તેમ શૃંગાર સંબં- ધી પ્રીતમપ્યારીનાં પરસ્પર ભાષણ સંબંધી વ્યવહારિક મધુરા કેહેવતવાળા શબ્દોની ચતુરાઇ પણ સહુથી શ્રેષ્ઠ છે. એનામાં કેટ લાક શબ્દ તેના તેજ વારે વારે જોવામાં આવે છે. 'કાળજ કોર્યું', 'તાલાવેલી તનમાં,' 'નેન નચાવે,' 'ધિકિયે ઢાંકયાં,' 'ચિત- ની ચેતવણી,' 'ચિત ચોરતું' વિગેરે.

વળી પ્રેમાનંદ, સામળ અને દયારામની બાની સરખાવી જોતાં રા. નવલરામ લખે છે * :-

સામળનું કવિ પ્રિયા, દયારામનું રસમંજરી, અને પ્રેમાનંદ- નું સઘળા સંસ્કૃત રસશાસ્ત્રનું સ્વબુદ્ધિએ શોધેલું સત્વ તે શાસ્ત્ર

* ન. ગ્રં. ૨, પા. ૧૧-૧૨.

એમ તેઓના પુસ્તક ઉપરથી જણાઈ આવે છે. તોપણ તેમાંના કોઇની બાની શાસ્ત્રીય નથી. તેઓનાં પુસ્તકો પાઠશાળામાં શિખવવા લાયક નથી, પણ માત્ર રાગમાં ગવાતા સાંભળી આનંદ પામવાના છે. સામળની કંઇ એક હિંદુસ્તાની ઢબની શાસ્ત્રીય બાની છે ખરી, અને દલપતરામ એજ કારણને માટે એને વખાણતા હશે. વાક્યના બોલે બોલ પ્રયોજનવાળો, તેમાંથી એક પણ કહાડી નાંખીએ અથવા બદલીએ તો અર્થના ચિત્રનું અંગ ખંડિત થાય, તે શબ્દના ક્રમમાં ફેરફાર કરીએ તો રસમાં ઘટાડો થાય, ઝડઝમકના ભૂષણ ધરેલા તથાપિ તે અંગનાંજ અવયવ હોય એમ જણાય, નિરર્થક વિસ્તાર નહીં કીધેલો હોય પણ ચતુરને માત્ર ચેતવણીજ હોય, સંક્ષેપમાં લખેલું પણ વિદ્વાનને એક શબ્દ પણ ઉમેરવો ન ગમે, જેમાં પિંગળશાસ્ત્રનો એકપણ નિયમ ખસેલો નહીં—એવી અર્થગૌરવ અને વ્યંજનાયુક્ત કવિતા આપણી ભાષામાં નથીજ. એ ખૂબી તો સંસ્કૃત અને ઇંગ્રેજી કાવ્યમાંજ રહેલી છે.

દયારામની કવિતાનું સામાન્ય અવલોકન કરતાં એમ કહી શકીએ કે એનું ગુજરાતીમાં જેટલું કવન છે, તેમાં કેટલોક ભાગ વિદ્વત્તા ભરેલો છે, અને તેથી પણ વિશેષ વિદ્વત્તાવાળો અને શાસ્ત્રીયજ્ઞાનવાળો ભાગ હિંદુસ્તાનીમાં છે. હિંદી ગ્રંથોમાં ‘સતસૈયા,’ ‘ઇશ્વરતા પ્રતિપાદક,’ અને ‘શુદ્ધાદ્વૈત પ્રતિપાદન’ ઊંચી પંક્તિના ગણાય છે. એણે મધુર અને લલિત શબ્દો યોજવામાં એટલું ચાતુર્ય વાપર્યું છે કે ખરેખર એવું શબ્દસંયોજન પોતાના કવનમાં બીજા થોડાજ કવિઓ લાવી શક્યા છે. એની કવિતામાં કાઠિણ્યતા છે ખરી, પણ કટુતા અથવા કર્કશતા જરાપણ જણાતી નથી. ગુજરાતી ભાષાના શબ્દભંડારમાં તો દયારામના કાવ્યમાંથી નવા શબ્દો મળી આવે છે તેવા બીજા કોઇનામાંથી ભાગ્યેજ મળશે, જો કોઇને ગુજરાતી ભાષાનો અભ્યાસ કરવાની ઇચ્છા

હોય, વ્યવહારિક શબ્દોનું જ્ઞાન મેળવવા ઉત્કંઠા હોય, તો તેણે દયારામના કવન કરતાં બીજામાંથી સારા શબ્દોનું જ્ઞાન મેળવા-વાની આશા રાખવી એ ફોકટ. † એની વર્ણનશક્તિ ઘણા ઊંચા પ્રકારની છે, અને તે 'વૃન્દાવનવિલાસ'માં સ્પષ્ટ જણાઇ આવે છે. એના વિચાર પણ સુઘડ, શાસ્ત્રીય અને ઉચ્ચવૃત્તિના છે.‡ ભક્તિ-ભાવમાં લીન થયલા પુરૂષો એનાં પદો જે હોંસ અને ઉત્સાહથી ગાય છે તે હોંસથી બીજા કોઇપણ કવિના ગાતા નથી. જેમ પ્રેમાનંદનું 'મામેરૂં' સીમંતવેળાએ, 'ઓખાહરણ' ચૈત્રમાસમાં, અને 'નળાખ્યાન' તથા 'દશમસ્કંધ' ચોમાસામાં ગવાય છે તેમ દયારામની કવિતા પણ પ્રસંગાનુસાર ગુજરાતમાં ઠામ ઠામ ગવા-ય છે. 'રૂકિમણીવિવાહ' લગ્નાદિ પ્રસંગે અને 'રૂકિમણી સી-મંત' સીમંતાદિ અવસરે કેટલીક જગ્યાએ ગવાય છે: આશ્વિન માસમાં ગરબાઓ ઠામ ઠામ ગાજી રહે છે; અને 'માતા જસો-દા ઝૂલાવે પુત્ર પારણે' * એ પદ તો એટલું બધું પ્રસિદ્ધ છે કે ગુજરાતમાં એવું કોઇ પણ વૈષ્ણવનું ઘર નહીં હોય કે જ્યાં જન્માષ્ટમીની શૃંગારી રાત્રિના તે ગવાતું નહીં હોય.††

દયારામની કવિતામાં કેટલીએક વિદ્વાન વર્ગને સંતોષ આપે એવી [illegible] એક રસિક પુરૂષોને પરમ આનંદની લહેરમાં

---

† બૃ. કા. દો. ૫, પા. ૫૨.

‡ કવિ નર્મદનો પણ એવોજ અભિપ્રાય છે. તે લખે છે:—"હું દયારામના ધર્મ સંબંધી વિચારને બિલકુલ પસંદ નથી કરતો, એને મોટા વિદ્વાન દાખલ માન નથી આપતો, હું એના ક્રોધી તથા અભિમાની સ્વભાવની દયા ખાઉંછું તોપણ એની દરદી કવિતા ઉપર અને તમામ કવિતાની ભાષા ઉપર ખરેખર મોટો આસકત છઊં. હિંદુસ્તાની રાગોને ગુજરાતીમાં દાખલ કર્યાનું માન તે એનેજ આપું છઊં. તેમ એના સુઘડ વિચારો ઉપરથી એને સુઘડજન જાણી હું એને મ્હારા એકાંતના મિત્રવર્ગમાંનો એક માનુંછું."—ન. ગ., પા. ૪૮૪.

* કા. સં., પા. ૧૫૩. †† બૃ. કા. દો. ૫, પા. ૪૯.

નાખે એવી, તેમ કોઈ કોઇ રસે છલકાતી હૃદયવેધક અને મન મોહક છે.‡ શાન્ત રસમાં એને કોરે બેસાડે એવા ગુર્જર કવિ ઘણા થોડા છે. નાયક નાયિકાનો ઉંચો અને પ્રાચીન પધ્ધતિનો શૃંગાર વર્ણવવામાં દયારામ ઘણું ઉંચું સ્થાન ભોગવે છે. એનો શૃંગાર ખુલ્લો છે, અને શૃંગાર દૃષ્ટિએ જોતાં તે હલકી પંક્તિનો લાગતો નથી. આર્યાવર્તના પ્રાચીન કવિઓના રિવાજ પ્રમાણે કૃષ્ણને ઇષ્ટદેવ માની જે પ્રેમથી એણે શૃંગાર ગાયો છે તેમાં કોઇ કોઇ સ્થળે હદવાળી છે, ને મનસ્વી તરંગોએ અવિનિત વર્તીને જે સત્ય ભાસ્યું—પ્રેમમગ્નાવસ્થામાં જે શ્રેષ્ઠ ભાસ્યું તે એ નિડરપણે વર્ણવ્યો ગયોછે. તેમ કરતાં કેટલેક પ્રસંગે તો એ એટલો પ્રેમઘેલો થઈ ગયલો જણાય છે કે અવર્ણનીય શું, નીતિથી વિરૂદ્ધ શું, લોક નિંદશે કે વંદશે તેની જરા પણ દરકાર રાખ્યા વિના એ લખ્યો ગયો છે.# એમ છતાં પણ કેહેવું જોઇએ કે કેટલીક જગ્યાએ રાધા કૃષ્ણ અને ક્હાન ગોપીઓને પાત્ર બનાવી ધર્મને નામે શૃંગારને એવો વ્યભિચારી બનાવી દીધો છે કે તેથી એણે પોતાના પદને ડાઘ લગાડયો છે અને કંઇક અંશે લોકોની નીતિમાં બગાડ કર્યો છે. § અલબત, શૃંગાર એ જેમ રસમાં પ્રધાન છે, તેમ

---

‡ જૂઓ કા. સં.–ગરબી ૧૭ (પા. ૧૮૬), ગરબી ૨૮ (પા. ૧૯૧), ગરબી ૪૧ (પા. ૧૯૮), ગરબી ૧૧૨ (પા. ૨૩૫), ઇત્યાદિ.

જૂ. કા. દો ૫, પા. ૫૨.

§ કવિ નર્મદાશંકર લખે છે:—"દયારામની કવિતા આખા ગુજરાતમાં વંચાતી નથી, જેમ સામળ પ્રેમાનંદની વંચાય છે તેમ. દયારામની કવિતા ડભોઈ, વડોદરું, ઉમરેઠ, નડિયાદ, અને સુરત ભરૂચમાં ઘણી વંચાય છે. દયારામની કવિતા પુરૂષ કરતાં સ્ત્રીઓને વધારે પ્રિય લાગે છે. એક વાત લખતાં દીલગીરી થાય છે કે દયારામના શૃંગારે ચાણોદ, કન્યાળી, ડભોઇ, વડોદરું અને ઉમરેઠ વિગેરે ઠેકાણે થતા વ્યભિચારમાં વધારો કર્યો છે."—ન. ગ., પા. ૪૮૩–૮૪.

અનેજ જે કોઇ મુખ્યત્વે અને સારી રીતે વર્ણવી જાણે તે લોકોમાં માનીતો થઇ કવિ વર્ગમાં ખ્યાતિ પામે એમાં કંઇ આશ્ચર્ય જેવું નથી: અને એજ કારણને લીધે દયારામની ખ્યાતિ ટકી રહી છે.

કવિતાના ત્રણ મુખ્ય ભેદ છે:-ગીત કવિતા (Lyric), વીર કવિતા (Epic), અને નાટય કવિતા (Drama): અને ત્રણ ઉપભેદ છે:-વન સંબંધી કવિતા (Natural), બોધ કવિતા (Didactic), અને વર્ણન કવિતા (Narrative or Descriptive). કોઇ એક અમુક વિચાર, અથવા લાગણી, અથવા સ્થિતિને લગતું કોઈપણ પૂર્ણ કાવ્ય તે સંગીતકાવ્ય કહેવાય. * ગુજરાતી ભાષામાં જે ભક્ત કવિઓ થઇ ગયા છે, તેમનાં રચેલાં પદ, ગરબી, લાવણી, એ ગીત કવિતા છે. એ પ્રકારની કવિતા રાગ અને તાલના નિયમાનુસાર રચાય છે, અને ઘણું ખરૂં ગાયનના સૂરને લીધેજ વધારે અસર કરે છે. સંગીત કવિતા સાજ સાથે ગાવાને વધારે અનુકૂળ છે. તેમાં અર્થ કરતાં ગાયન ઉપર શ્રોતાનું લક્ષ ખેંચવાને પ્રયત્ન વધારે હોય છે. ગીતકાવ્ય-સંગીતકાવ્ય ગુજરાતી ભાષામાં તેમનાં ખરાં રૂપમાં દાખલ કર્યાનું માન દયારામને આપીએ તો કાંઇ ખોટું નહીં. અનેક રાગ-રાગણીનાં કાવ્યો એ સંગીત કાવ્યનાં ખરેખરા નમુનાઓ છે. દયારામને ગુર્જરગિરાના બાયરન કહેવામાં આવે છે, પણ ગીત કાવ્યના સંબંધમાં તેમની સરખામણી કરીએ તો દયારામ બાયરન કરતાં ઘણો ચ્હડીઆતો છે એમ કબુલ કરવું જોઇએ-અને ખરેખર એ પ્રકારની કવિતાને માટે સઘળું માન પૂર્વ તરફના કવિઓનેજ ઘટે છે.

---

* A lyrical poem implies that "each poem shall turn on some single thought, feeling, or situation."
—Palgrave, Preface.

સંગીત કાવ્યના પણ મુખ્ય ત્રણ પ્રકાર છેઃ—ધ્યાનાત્મક સંગીત કાવ્ય (Meditative Lyric), રસાત્મક સંગીત કાવ્ય (Pathetic Lyric), અને વર્ણનાત્મક સંગીત કાવ્ય (Descriptive Lyric). દયારામનાં સંગીત કાવ્યોનું પૃથક્ પૃથક્ અવલોકન કરીએ તો આ ત્રણે પ્રકાર તેમાં પણ સહજ માલમ પડી આવે. પણ એટલું યાદ રાખવું જોઇએ કે ગુજરાતી કવિઓના માર્ગ ઇંગ્રેજી કવિઓના માર્ગથી તદન જૂદાજ છે. એ બંનેની સરખામણી સંપૂર્ણ રીતે થઇ શકે એમ છેજ નહીં. જ્યારે એક અલંકાર, કાવ્યચમત્કૃતિ વિગેરે સાહિત્ય ઉપર ધ્યાન રાખી કાવ્ય રચે છે, ત્યારે બીજો કુદરતના ચિત્રો પાડવામાં પોતાની સઘળી શકિત અને ખૂબી વાપરે છે. એમ છતાં દયારામે મનુષ્યવૃત્તિ અને હૃદયભાવનાં જે ચિત્રો આપ્યાં છે, તેમાં પોતાની શક્તિ એટલી હદબહાર બતાવી છે કે તેના કાવ્યનો ભાવ હૃદયપર પરિપૂર્ણ છાપ મારનાર થઈ પડ્યો છે. એની કવિતા ગુજરાતી સ્ત્રી અને પ્રજાનું હૃદય છે, અને તેમાં કહીં કહીં તાદૃશ ચિત્ર પડેલાં છે તે છક કરી નાંખનારાં છે.*

દયારામની ગરબીઓ એટલી પ્રસિદ્ધ છે કે જેમ

છંદ ચદ પદ સૂરકે, દુહા બિહારીદાસ;
ચોપાઈ તુલસીદાસકી, છપ્પય સામળ ખાસ—

તેમ ગરબીઓ તો એની પોતાનીજ ખાસ ગણાય છે.

કવિતાનો બીજો એક પ્રકાર જોતાં દયારામને ગુર્જર બાયરનનું પદ યોગ્ય લાગે છે. બાયરન ઘણે દરજ્જે સ્વાનુભવરસિક† કવિ હતો, અને દયારામ તો પૂરેપૂરોજ સ્વાનુભવરસિક માલમ

* બૃ. કા. દો. ૧—ગુજરાતી કવિતા, પા. ૧૫.

† subjective (આત્મલક્ષી).

પડે છે. દયારામના સમયમાંજ ‡ ઈંગ્લાંડમાં વર્ડ્ઝવર્થ કવિ થઇ ગયો, પણ તે સંપૂર્ણરીતે સર્વાનુભવરસિક †† કવિ હતો. એ બે પ્રકારના કવિઓમાં ઊપરીસ્થાન કોને ઘટે છે એ એક પ્રશ્ન છે. તો પણ દયારામની કવિતા વાંચતાં એમ કેહેવું જોઇએ કે એના પ્રકારના—સ્વાનુભવરસિક કવિઓ પણ કંઇ વિરલાજ કવિઓ છે.

तथास्तु.

---

‡ જૂઓ પા. ૧.

†† objective (પરલક્ષી).

રા. ચિમનલાલનો પત્ર.

કવિ નર્મદાશંકરે નર્મગદ્યમાં દયારામનું 'કવિ ચરિત્ર' લખ્યું, તેમાં દયારામ તથા રતન સોનારણ વિષે જે કંઇક લખ્યું, તે દયારામના સાચા સ્નેહી અને અંતરંગ મિત્ર રા. ચિમનલાલને પસંદ પડયું નહીં. આથી તેમણે પોતાની માહિતી પ્રમાણે સઘળી હકીગત પત્રદ્વારા કવિને લખી જણાવી. કવિએ પોતાની ખાત્રી કરવા સારૂ પોતાના શિષ્ય કવિ વિજ્યાશંકર કેશવરામને § દયારામના શિષ્ય જોષી રણછોડ પાસે મોકલ્યા, અને તેણે સઘળો વૃત્તાંત યથાસ્થિત જણાવ્યો. કવિ નર્મદાશંકરે બીજી આવૃત્તિ *માં સુધારો કરવા જણાવ્યું હતું, પણ આથી રા. ચિમનલાલને બહુ વર્ષ સુધી દિલગીર રેહેવું પડયું. કવિનું નર્મગદ્ય સપટેમબર માસમાં છપાઇને તા. ૧૬ નવેમબર સને ૧૮૬૫ એ બહાર પડયું: અને ભરૂચ મુકામથી રા. ચિમનલાલે કવિને તા. ૨૫ ડીસેમબર સને ૧૮૬૫ એ નીચે પ્રમાણે કાગળ લખ્યો હતો:†—

"... ... ... તમારૂં નર્મગદ્યનું પુસ્તક વાચતાં મ્હને જે અનિવાર્ય ખેદ થાય છે તે દર્શાવી શકતો નથી. એક પરમ ભક્ત, રસિક જન, ચાતુર્યની મૂર્તિ, તેવા કવિની વર્તણુક ઉપર જે કેટલાક ટીકા કીધા છે તે જો તમને દયારામને મળવાનો પ્રસંગ થયો હોત અથવા તો મ્હારી પાસેથી હકિકત સારી રીતે જાણી હોત †† તો નહિ થાત. એ કવિ મિત્ર સંબંધી જે કેટલુંક હું જાણું છું તે તંમને ભવિષ્યમાં ઉપયોગી થઇ પડશે એમ ધારીને લખુ છું.

---

§ કવિ નર્મદાશંકરના શિષ્ય તરીકે કવિ વિજ્યાશંકરને નામે આ પ્રુસ્તકમાં જે જે હકીગત આવે છે તે સઘળી શંકાસ્પદ છે જેનો નિર્ણય પ્રસ્તાવનામાં થશે.

* નર્મગદ્યની પહેલી આવૃત્તિ કવિએ પોતે કહાડી હતી, પણ બીજી આવૃત્તિનો હક સરકારને આપ્યો તેથી ધારેલો સુધારો કરવાનો વખત જ આવ્યો નહીં.

† બૃ. કા. દો. ૫, પા. ૩૧–૪૩.

†† રા.ચિમનલાલ પાસેથી દયારામની ઘણી હકીકત મળી શકે તેમ હતું, પણ કવિચરિત્ર લખવાની ઉતાવળમાં એ વાત ઉપર કવિએ પૂરતું લક્ષ આપેલું નહીં.

સંવત ૧૮૮૫, ઇ. સ. ૧૮૨૯માં મ્હારા પિતા સાથે ચાણોદની યાત્રાએ ગયો ત્યાં મ્હને દયારામની પ્રથમ મુલાકાત થઇ હતી. એની વાણી સાંભળવાને શેષશાયીના ઘાટપર અનેક યાત્રાળુ ભેગા થયા હતા, ને પ્રેમરસમાં લીન થઇએ એવી તો સરસ રીતે ગાતો હતો કે મ્હને પણ તે સાંભળવાને લાલચ થઇ. હું એના મુકામપર ગયો ને એની કાવ્યશકિતની ઘણી વખાણ કીધી, જેથી એ ઘણો રાજી થયો ને ત્રણ ચાર દિવસના સહવાસમાં તો મ્હારી સાથે ઘાડી મૈત્રી થઈ ગઇ. એ વખતે મેં કેટલીક રીતે એનો સત્કાર કીધો, જે એણે માન્ય રાખ્યો તેપરથી મ્હને લાગ્યું કે એની અવસ્થા પૈસા સંબંધી સારી નહિ હોય. મ્હને આગ્રહ કરીને ડભોઇ તેડી ગયો. જ્યાં એની નિત્યની રીતિ આ પ્રમાણેની હતી. પ્રભાતના પાંચ વાગતામાં ઉઠી સ્નાન કરતો, પછી શ્રી નાથજીની છબી ને બાળમુકુંદની મૂર્તિની સેવા કરતો તેમાં દશ વાગતા. એની તબીયત સારી નહીં રેહેવાથી પિસાબ ઝાડાની હાજત ઘણી થતી, પણ જે ચાર કલાક સેવામાં ગાળતો ત્યારે જરા પણ ઇજા થતી નહીં. એ સેવા કરતો તે ડાઠમાડની નહીં, પણ પૂર્ણ શ્રદ્ધાથી એકલીન થઈને કરતો, ને તે વેળાએ કોઇ અડચણ કરતું તો ઘણો ક્રોધ કરી મારવા દોડતો હતો. અગિયાર કલાક પછી જાતેજ રસોઇ બનાવતો. અને તેનો સરસામાન રતનબાઇ તૈયાર કરીને આપતી હતી, બન્નો સાથે જમવા બેસતા, ને એ એકજવાર ભોજન લેતો હતો. જમ્યા પછી એ એકાંતમાં બેસીને કવિતા ને ગ્રંથ લખતો, ને ત્યાં કોઇને પણ જવાની બંધી હતી. પછા ડભોઇના કેટલાક લોકો આવતા તે સાથે સાંજના કીર્તન કરતો, તે વેળાએ આવો સરસ કવિ એક ગાંડા પેરે ઉઠીને, કૂદીને, નાચીને, તાળોટા પાડોને, પૂર્ણ પ્રેમથી ગદ્ગદિત થઇને, ગાતો ને તેમાં બીજા સૌ પણ સામેલ થતા હતા. મેં જેટલીવાર જોયું છે તેટલીવાર આ જોયું હતુ કે અનેક વેળાએ એની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી, જે જોતાં દયારામની પ્રેમલક્ષણા ભક્તિ કેવી હતી તેનો ખ્યાલ આવે છે.

રતનબાઇના સંબંધીની હકીગત મેં તમો ભાઇને જણાવી છે. (ઈ. સ.) ૧૮૩૨માં જ્યારે હું પાછો ડભોઇ ગયો ત્યારે રતનબાઇ કવિને ત્યાં રેહેતી નહોતી; ને તેને છ માસ થઇ ગયા હતા. એ એક માસ સુધી તો દયારામે તેની દરકાર કીધી નહીં, પણ પછી એ ઘણો હિઝરાયો, ને રતનબાઇને તેડાંપર તેડાં મોકલ્યા, પણ એ આવી નહીં. મ્હારા ડભોઈ જતા કવિ જે કડણ કાઠીનો હતો તે લેવાઇ ગયલો ને ઉત્સાહ વગરનો દેખાયો, ત્યારે પૂછયું કે કારણ શું છે? રાત્રિના વાતમાં વાત કરતાં ગદ્‌ગદિત કંઠે કહ્યું કે 'મેં તો શ્રી કૃષ્ણ સાથે લગ્ન કીધું છે, પણ આ સંસારનો વહીવટ ચલાવવાને મ્હારૂં કામકાજ કરવા રતન વિના મ્હારૂં કોઇ બીજું સગું સાગવું નથી. ગઇ ચૈત્ર પૂર્ણિમાએ થોડા સખ્ત શબ્દો મેં કહ્યા મે રતન રીસાઈ ગઇ છે, ને ઘણાં તેડાં કરવાં છતાં પણ એ આવતી નથી. ચિમનલાલભાઈ, તમો મ્હારા પરમસ્નેહી છો, તમો રતનનો પાછો મિલાપ નહિ કરાવો? હવે આજથી મેં નિમ લીધો છે કે એના વગર અન્ન પાણી નહિ લઉં.'* પ્રેમ ઘેલો કવિ એ વેળાએ એટલો તો ગદગદિત બની ગયો હતો કે તેના જ્ઞાન અને વિચાર તરફ જોતાં કોઇને વિસ્મય થાય. પણ મેં તેને ધીરજ આપી. બીજે દિવસે રતનબાઇ, જે પોતાના એક મસીઆઇ ભાઇને ત્યાં જઇ રહી હતી ત્યાં હું ગયો, ને કવિને ત્યાં આવવાને સમજાવી. એ કહે એની ગાળો ખાવાને હું નહિ આવું. મેં કંઇ એનો અપરાધ કીધો નથી, પગાર ખાતી નથી, પણ એક ભક્તિભાવથી એની સેવા કરૂં છું, તે શું એની ગાળો ખાવા

---

* ખરે, એ પ્રીત તે પ્રીતજ!

દાદુર મીન એક ઠારનાં તેને, વારી તે વ્હાલું સહુ,
પણ સમો આવે પરીક્ષાયે, પ્રીત પ્રીતમાં ફેર બહુ.
જળ વિના દાદુર પંકમાં રે, પડી રાખે જ્યમ દેહને;
જુઓ મચ્છ જળથી વિછરતાં, તજે પ્રાણ ધન્ય એહને—

—કા. સં., પા. ૧૦૩

ને? એ દહાડામાં દસવાર ધુસ્સે થઇને રંડા રંડા કહે તે શું એને મોઢે શોભે? આ પ્રમાણે પોતાના મનનો ઉભરો કાઢ્યો ને પછી સારી રીતે રોઇ. મેં સમજાવી કે દયારામભાઈ તારા તરફ સારો ભાવ રાખે છે, ને તારા વિના અન્ન પાણી તજી બેઠા છે, તું ચાલ, એ ઘણો દિલગીર છે. પણ સોનારણે તે વેળાએ કાંઈ સાંભળ્યું નહીં. પાછો સાંજના ગયો ને ઘણી સમજાવી. દયારામને જઇને કહ્યું કે એ નહીં આવે, ત્યારે એ લેવાઈ ગયલે ચેહેરે બોલ્યો, 'ત્યારે આ દેહ નકામો છે. રતન વગર હું જીવી શકીશ નહિ.' ત્રણ દિવસ સુધી સમજાવ સમજાવ કરતાં ચોથે દિવસે એ આવી ને રડતાં રડતાં દયારામને પગે પડી, પોતાના અપરાધની માફી માંગી. દયારામ ઘણું રડ્યો ને રતનબાઇને વચન આપ્યું કે હવેથી હું તને દુભવીશ નહિ.*

એ પ્રસંગ પછી દયારામ ને રતનબાઇને કશી રીતે બીગાડ થયો નહોતો, ઘણા સ્નેહથી સાથે સાથે રેહેતાં હતાં. દયારામની તબીયત ઘણી બેહાલ થતી ગઇ, અને રતનબાઇએ એની જેવી રીતે ચાકરી કરી છે તેવી કોઇ પણ ધણિયાણી ધણીની પણ ભાગ્યેજ કરે. કવિની તબીયત દહાડે દહાડે નંખાતી ગઈ તેમ તેમ એની કાર્ય કરવાની શક્તિ મંદ પડતી ગઇ. એ વેળા રતનબાઇ એને ઉઠાડે, નહવડાવે, પૂજાની સર્વ સામગ્રી કરી આપે, કવિ એને ખાંધે હાથ મૂકીને જાય, તેવામાં એક દિવસે દયારામનો પગ સરક્યો, એણે ધુસ્સાથી એક મુક્કી મારી, પણ સજાત રતનબાઇએ તેનું દુઃખ નહિ ગણકારતાં, એના પગને જે સેહજ ઈજા થઇ હતી તેનાપર પાટા પટ્ટી કીધા.

૧૮૪૮માં જ્યારે હું પાછો ડભોઇ ગયો ત્યારે દયારામ ખાટલા વશ હતો, તોપણ એની કાવ્ય કરવાની શક્તિ કમી થઇ

---

* એ પ્રસંગ સંવત ૧૮૮૪માં અથવા ઇ. સ. ૧૮૨૮માં બન્યો હતો એમ કવિ નર્મદાશંકરનું કેહેવું છે.

નહોતી. નવાં નવાં પદો નિત્ય બનાવતો ને શિષ્યો પાસે ગવડાવતો. હું ગયો ત્યારે ખાટલામાંથી બેઠો થઇ મ્હને ભેટયો ને કહ્યું 'ચિમનલાલભાઈ, તમારો હું ઘણો ઓશિંગણ છું, તમે બહુ મ્હોટો ઉપકાર કીધો છે, મ્હને આ સંસારમાં રહીને કૃષ્ણ તરફ પ્રેમીલો બનાવનાર તમે છો, તમે મ્હને ફરીવારનાં લગ્ન કરાવ્યાં છે, મેં જો નિમ લીધો ન હોત કે કૃષ્ણ વિના બીજું ગાવું નહિં, તો તમને અમર કરત! પણ કહો, જે તમને ઇચ્છા હોય તે પૂરી કરૂં. મ્હારી પાસે કૃષ્ણ વિના બીજું કંઈ નથી. શેઠ સાહુકાર કે રાજા રાણાનો હું દાસ નથી, પણ કૃષ્ણ ને આ સંસારમાં તમારો દાસ છું. રતન વગર મ્હારો મનખો વ્યર્થ જાત ને માયામાં ગુંચવાઇ રહેવાથી મ્હારે પાછા જન્મ મરણના ફેરામાં ભટકવું પડત, તમે મ્હારો આ લોક ને પર લોક બંનો સમાર્યો છે. કહો શું કરૂં?' આટલું બોલતાં એ [illegible] બધો તો હાંફી ગયો, કે મ્હારે એને ધીરજ આપતાં કહેવું પડ્યું કે "સ્નેહીનો ધર્મ છે કે સંકટમાં સહાય કરવી. ચાણકયે કહ્યું છે કે मित्र તેજ કે જે उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रुविग्रहे । राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥ તમો મ્હારા સ્નેહી હો તો ફરીથી આવું બોલતા નહિ. તમને સુખ કરી આપવું એ મ્હારો ધર્મ છેજ." થોડીવાર કવિ પડયો રહ્યો. એની આંખે ઘણું ઝાંખું દેખાતું ને સારણગાંઠ ને તાવથી ઘણી પીડા થતી હતી, તેટલું છતાં એણે તરતજ બનાવીને આ પદ ગાયું: "હરિ હું શું કરૂં રે, મ્હારો માયા ન મૂકે કેડો."* પછી પાછો બેઠો થયો ને બોલ્યો "ભાઇ, દુનિયામાં સર્વ મિત્રો ત્હારા જેવા નથી. ત્હારા આજના મિલાપથી મ્હને જે આનંદ થાય છે તેનું વર્ણન કરી શકતો નથી, પણ હવે આ આપણી ભેટ છેલ્લી સમજું છું; આ વેળાએ મ્હારી હ્રદય પીડાનું વર્ણન કરી શકું તેમ નથી, તેમજ મ્હારી ત્હારા પ્રતિની પ્રેમપીડાનું પણ વર્ણન કરી શકું તેમ નથી. ત્હારા વિરહથી

* કા. સં., પા. ૨૫૩.

મ્હને બાણુનો ઘા સળકે તેમ સળકતું હતું. તમે મ્હારા તો મ્હારા હૃદયની ગુંચ કહું છું. હું ગોપીજનનું છું, ને મ્હારા લગ્ન કૃષ્ણ સાથેજ થયા છે, એ હવે મ્હને તેડે છે, આ ચારે કોરે તે શ્રીજીબાવો બિરાજી રહ્યા છે, તેની આહા! શી ,અલૌકિક મૂર્તિ છે! જુઓ તમને દર્શન થાય છે? એ મ્હને તારો ઉપકાર માનવાની આજ્ઞા કરે છે, કે તું ન હોત તો હું રવડી મરત. માયાને વશ રેહેવાથી ભરતમુનિને જન્મ લેવો પડ્યો હતો, પ્રહલ્લાદને પીડા ભોગવવી પડી છે, ધ્રુવને મોક્ષ મેળવવા સંકટ વેઠવું પડ્યું છે, તેવા મ્હારા હાલ થતે. હવે મ્હારી માયા મમતા ગઈ છે, મ્હને મોહ નથી, કામ નથી, ઇચ્છા નથી, શ્રીનટવરલાલ વિના અન્યને ન્હાતો નથી, હવે તો રાધાનાથને શરણે જવાનીજ ઈચ્છા છે. રતને મ્હારી જે સેવા શ્રદ્ધાસહિત કીધી છે તેવી મ્હારી કોઈ કરે તેમ નહોતું. શ્રીલાડીલાલે એહને આજ્ઞા આપી છે ને એ પણ મ્હારી પેઠે મુકતજ છે. પણ મ્હારા વૈકુંઠવાસ પછી એની સંભાળ ત્હારે રાખવાની છે. એને દુ:ખ નહિ થાય તેની સંભાળ ત્હારે લેવી એટલી મ્હારી વિનતિ છે." જે દરદાથી એ પિડિત હતો તે દરદાના જોરથી એને વારે વારે ઝાડો પિશાબ થઇ જતો ને રતનબાઈ વારે વારે એની બેઠક સાફ કરતી. તે વેળાએ જરા પણ સંકોચ પામતી નહિ. આ વેળા પણ બીછાણામાંજ એને ઝાડો થઇ ગયો, ને મ્હને કહ્યું "હવે તમે દૂર જજો, પછી આવજો".

બીજે દિવસે મ્હારે ભરૂચ આવવું હતું ત્યારે પાછો મળવા ગયો, ત્યારે એ મ્હને પ્રેમથી ભેટયો ને આંખમાંથી આંસુ ગળી પડયાં. મેં કહ્યું "તમને પીડા થાય છે, તો શું કામ તસ્દી લોછો." ત્યારે દયારામભાઇએ કહ્યું કે 'ચિમનલાલ, આ દેહના સુખ દુ:ખ દેહે ભોગવવા નહિ જોઇએ? આ વ્યાધિરૂપ અગ્નિમાં એ તપે છે. એમ તપતાં તપતાં જ્યારે શુદ્ધ થશે ત્યારેજ કૃષ્ણ પોતાના સમીપ તેડશે. મ્હારે શું છે? મ્હને તો કંઇએ દુ:ખ નથી. જે કર્મો કર્યાં હોય તેનું ફળ અહીંઆજ ભોગવવા વિના છુટકો નથી. મ્હને તો આ પીડા રૂચે છે, એથી હું શુદ્ધ થાઉં છું.' પછી એની રજા લઇને હું

ઉઠયો ત્યારે હાથ પકડી મ્હને બેસાડયો ને કહ્યું 'ત્હારે મ્હારી એક આ જ્ઞા માનવી. આ મ્હારો ગ્રંથ† વાંચજે, એમાં ચૌદ રત્નથી પણ વધારે છે. અને કૃષ્ણનો સંબંધ છોડીશ નહીં.' આ બોલવું ટુટક હતું, પણ પ્રેમથી ભરેલું હતું. મ્હારા તરફના દયારામભાઈના સ્નેહને લીધે છુટા પડતા મ્હારા નેત્ર સજળ થયાં હતાં.

૧૮૪૮ પછી દયારામે કવિતા લખી છે તે ઘણીજ થોડી છે. પણ તે અનન્ય ભકિતભાવથી ભરેલી છે. સુરતમાં મ્હને ખબર મળ્યા હતા કે દયારામની તબીયત ઘણી કથલી ગઇ છે, અને ૧૮૫૧ માં ડભોઇ જવાનો ઇરાદો કીધો, પણ કેટલીક અડચણોને લીધે જવાયું નહિ. ૧૮૫૨ માં, દયારામના મરણ પછી વિસેક દિવસે મ્હને ખબર પડી ત્યારે ડભોઇ ઉપડી ગયો, ને રતનબાઇ તથા રણછોડ તથા વસંતરામ પાસેથી કવિના મરણ સંબંધી ને મ્હારા છેલ્લા મીલાપ પછીની જે હકીકત જાણી છે તે આ પ્રમાણે છે:—

ડભોઇ હું બપોરના પહોંચ્યો, ને મ્હારા મુકામપર અડધો કલાક રહીને રતનબાઇને મળવા ગયો. ત્રણ વર્ષપર રતનબાઈને જોયલી ને તે વેળા જોઈ, ત્યારે મ્હને વિચાર થયો કે પ્રિય વસ્તુના જવાથી મનુષ્યને પ્યારૂં દેહ સુખ તેની પણ કાળજી તજી દછે. એક પથારીપર રતનબાઈ પડી હતી, તે મ્હને જોતાં ઉઠીને ઉભી થઇ, ને કોમળ સ્વરે ઘાડું રૂદન કરવા મંડી પડી. મેં ઘણો

† એ ગ્રંથ કયો તે કોઇપણ જગ્યાએ સૂચવ્યું નથી. કદાચ રા. ચિમનલાલે એક ગ્રંથ–પુષ્ટિપંથરહસ્ય ને સિધ્ધાંતસાર–સુરતના પ્રસિધ્ધ મેહેતાજી દુર્ગારામ મંછારામને વાંચવા આપ્યો હતો તે ગ્રંથ આજ હશે. દયારામ જ્ઞાની નહિ પણ સ્વચ્છંદી વ્યભિચારી હોવો જોઇએ, એવું મેહેતાજી કહેતા. પણ તે મોટા જ્ઞાની હતો તેની ખાત્રી કરવા રા. ચિમનલાલે એ ગ્રંથ વાંચવા આપ્યો હતો એવું રા. ઇચ્છારામનું કહેવું છે.

ધીરજ આપી, પણ એણે કહ્યું, હવે આ દુનિયામાં મ્હારૂં કોઇ સગું કે વહાલું નથી. મ્હારા પરમ ઇષ્ટ દયારામના મરણથી હું વનમાં વલવલતી, વનવગડે ભમતી ને નિરાધાર થઇ પડી છું. મ્હારી સંભાળ લેનાર કોઈ નથી. એમ બોલીને એ ઘણું રડી હતી. પછી મેં સારી રીતે દિલાસો આપ્યો, તે પછી કવિની માંદગી ને અંતકાળ વેળાએ કંઇ કહ્યું હોય તો તે જાણવાની ઈચ્છાથી મે ઘણા સવાલો કીધા જેના ઉત્તર તુટક તુટક મ્હને આપ્યા હતા. તે પછી રણછોડ તથા વસંતરામને મળ્યો હતો, તેઓએ તે વાતમાં વધારો ઘટાડો કરાવ્યો હતો તે સઘળો તમોને અનુક્રમે લખું છું.

માઘ સુદ ૫ – વસંતપંચમી ને રવિવારના દયારામની માંદગીમાં વધારો થયો ને તે રાત્રિના સનેપાતની કંઇક અસર જણાઇ. સાંજના દૂધ પીતી વખતે મ્હોંની આકૃતિ પણ ફરેલી જણાઇ હતી. દૂધ પીધા પછી રતનબાઇને કહ્યું "રતન, હવે હું શ્રીકૃષ્ણના ધામમાં વસવાને નક્કી જઈશ. ત્હારે કોઈ વાતની ચિંતા કરવી નહીં. મ્હારો વાસ ગોલોકમાં છે, જ્યાં સર્વે ગોપીસંગે પરમાત્મા અખંડ રાસક્રીડા કરે છે, ત્યાં હું કૃષ્ણની ચર્ણરજ શિશપર ન્હાડાવવામાં પહેલો થઈશ. મ્હને જે વ્યાધિ હતો તે વલ્લભ, જે પ્રીય શ્રીકૃષ્ણ, તેના વિયોગનોજ હતો, તેના વિનાના આ સર્વે ઉચ્ચિષ્ટ પદાર્થો મ્હને રૂચતા નહોતા; પણ સુઇષ્ટ વસ્તુના સમાગમથી મ્હને ઘણો આનંદ થશે. આ દેહ કોઇ કાળે પણ પડવાનો હતોજ, પણ વહેલો પડવાથી પ્રિય નટવરલાલના દરશનનો લાભ વહેલો થશે. ભજન કર, ને લાડીલાના ગુણ ગા. ત્હારો પણ વાસ ગોલોકમાંજ થશે." એમ કહીને "હે હરિ હું તો હાવાં હાર્યો" નું પદ* ગાયું. એ વેળાએ એમને અથાક તાવની વેદના થતી હતી. એટલામાં રણછોડ તથા વસંતરામ આવ્યા. વસંતરામને કહ્યું તંબુરો લઇ વ

---

* કા. સં., પા. ૨૬૬ અને ૨૯૫. ઘણું ખરૂં પહેલું હશે.

ગાડ, ને રણછોડ ગાશે. રણછોડે સુલલિત વાણીમાં કેટલાંક ભક્તિ વૈરાગનાં પદો ગાયાં, ને વસંતરામે તેટલી વાર તંબુરો વગાડ્યો. જોશ થઈ આવવાથી પથારીમાંથી બેઠા થઇ, એણે તંબુરો વગાડવા માંડ્યો, ને જુસ્સામાં આવીને "વ્રજ વહાલું રે વૈકુંઠ નહીં આવું" તે પદ* પથારીમાં ચાલા કરતાં ગાયું; પણ તેમાં લથડવાથી એ પથારીમાં પડી ગયા, ને ઘડીક સુધી બેભાન અવસ્થામાં પડી રહયા. તે આખી રાત્રીના રણછોડ તથા વસંતરામ તેમની પાસેજ બેસી રહયા હતા.

બીજે દિવસે- માઘ સુદ ૬ ને સોમવારના પ્રભાતમાંજ દયારામ જાણે કેવળ નીરોગી હોય તેવી અવસ્થામાં જાગૃત થયો, ને વસંતરામને કહ્યું કે સ્નાન કરાવ. વસંતરામે ના પાડી, ત્યારે ઘણો ધુસ્સે થઈ ગયો, ને કહ્યું "ચાલ નીકળ, ત્હારા જેવા અવિવેકી શિષ્યના મ્હને ખપ નથી." પછી વસંતરામ તેમની પાસે ગયો, પણ તેને હાથે સ્નાન કરવાની ના પાડી. ઘેલાભાઈ અમીન આવ્યા ત્યારે તેઓએ સ્નાન કરાવ્યું, ને એક કલાક સુધી સારી રીતે બાળમુકુંદની મુર્તિની પૂજા કીધી, ને કીર્તન કીધાં. બપોરના ઘેલાભાઈ અને વસતરામ એક વૈદને તેડી લાવ્યા, ને ઔષધ કરવાને વિનવણી કીધી, ત્યારે દયારામભાઇએ તેઓને કહ્યું કે "જો ઔષધ ઉપચારથી મરણભય ટળતું હોય તો સર્વ કોઇ તેનું સેવન કરે, પણ એ ઔષધ મ્હને શું કારગત લાગશે. અલ્યાઓ, તમે મ્હારી પાસે રહ્યા છતાં કેમ ભૂલાવામાં પડી રહયા છો? આ દેહને તેના દુષ્કૃત્યના ફળ નહિ ભોગવવા દેવા જોઇએ? દેહના સુખદુઃખો દેહને ભોગવવા જોઇએ, ને તે ન ભોગવે તો શું અમર જીવ તે ભોગવશે કે? વૈદરાજ, ચાલો મ્હારી સાથે ને આ હોળીના દિવસ છે તો ભજન કરો, જેથી કદાપિ મ્હને ભજન કરવા માટેજ રાખવાની શ્રીકૃષ્ણની ઇચ્છા હશે તો આ તાવની પીડા

* કા. સં. પા. ૨૬૭.

મટશે." એટલું બોલતાં તો એ બેઠા થઇને તંબુરો લઇને વગાડવા મંડી પડયો, ને રણછોડ ગાવા લાગ્યો, તે વેળા જાણે કંઇ રોગ નહીં હોય તેવો એ જાણાતો હતો. રાત્રિના સઘળા શિષ્યો દયારામના ખાટલા પાસે બેઠા હતા, તેમાં ઘેલાભાઇ, ડાહ્યાભાઈ, લલ્લુભાઇ, અમૃતરામભાઇ, જોષી ગીરજાશંકર, મોહનભાઈ પાટીદાર, પ્રીતમલાલ ઝારોલો, અને બીજા પંદરેકને આસરે હતા. તે વેળા એ રણછોડ ગાતો ને દયારામભાઇ તેના ઘણા વખાણ કરતા હતા.

માઘ સુદ ૯ બુધવારે બપોર સુધી દયારામને કશી પીડા જણાતી નહોતી, પણ સારણગાંઠ ને અંડવૃદ્ધિની પીડાથી એનાથી બરાબર ઉઠાતું નહોતું અને ભગંદરને લીધે જે કંઇ ખાવામાં આવતું તે સોસરૂં પેટમાંથી બહાર નિકળી જતું હતું. માત્ર વસંતરામ પાસે હતો. રતનબાઇ બેઠી બેઠી રડતી હતી, તે દયારામના માથા તરફ બેઠી હતી. નહિ સુવાયાથી દયારામને બારીએ બેસાડયો, ત્યારે એક ઇંટ— જે ભાંગેલી હતી તેને એ જોયા કરતો હતો, જે એટલી બધી વાર સુધી એકી નજરે જોતો હતો કે બે ત્રણ વાર વસંતરામે પૂછયું કે આપ શું જૂઓછો? ત્યારે દયારામે કહ્યું, જેવી આ ઢેકાળાની અવદશા છે તેવી મ્હારા કાવ્યની અવદશા થશે. આ જોકે એ ઢેકાળો છ માસ થયા અહિંયાનો અહિંયા પડયો છે. પણ તેનામાંથી કરગસ કરગસ ખરતી જઇને આજે એ મ્હોટો છતાં સૂક્ષ્મ થઇ ગયો છે. શ્રી કૃષ્ણની અનંતકૃપાથી કરેલી મ્હારી કવિતાના પણ તેવાજ હાલ થશે. આજે એ મ્હોટા ગ્રંથોમાં રહી છે, પણ તે વહેંચાઇને, બગડીને છિન્ન ભિન્ન થઈ જશે. તેનો મ્હને મ્હોટો શોક થાય છે. વસંતરામે કહ્યું કે આપ તેની સોચના ન કરો, આપણી પ્રસાદી તો લોકો ઉમંગથી વધાવી લેશે. આપે જે ઉપકાર લોકોપરૂ કીધો છે તે કોઇ ભૂલી જશે નહિ, ને મ્હારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી આપના ગ્રંથો હું સાચવી રાખીશ. કવિએ કહ્યું, પણ તું કેટલા વર્ષ જીવીશ? ત્હારા મરણ પછી શી

દશા થશે તે કોણ જાણે છે. આ વેળા તાવની પીડાથી દયારામ ઘણો પીડાતો હતો, પણ ધોડા ધૈર્યથી ગમે તેવી પીડાને પણ એ ગણકારતો નહિ. ને શ્રી કૃષ્ણ કૃષ્ણના નામનું ઉચ્ચારણ કર્યો જતો હતો.

માઘ સુદ ૧૦ ને ગુરૂવારે અંડવૃદ્ધિમાં કળતર થવાથી એ આખો દહાડો પડી રહ્યો હતો.

માઘ સુદ ૧૧ ને શુકરવારે, રાત્રિના રહેલા રણછોડે દયારામને સ્નાન કરાવ્યું, ને એણે પ્રથમ પાએક કલાક પૂજન કીધા પછી વધારે બેસાયું નહિ, ત્યારે રણછોડને પૂજા કરવાની સોંપી, એ જઈને સૂતો હતો. રતનબાઈ એની પાસેની પાસે હતી. એ વેળાએ એના બે પિત્રાઈઓ ખબર લેવાને આવ્યા હતા, તેઓ સાથે થોડીકવાર વાતચીત કરી, અને તેઓને કહ્યું કે " મ્હારો અવસાન કાળ સુધા રજો. આ જીવને તો કશી રીતે લેવા દેવા નથી. તે બળે કે વન વગડામાં રઝળે તેમે નથી, તે તો તેના સુકૃત્ય દુષ્કૃત્યના ફળ ભો ગવવાને જ્યાં જવાનો છે ત્યાં જશે, પણ દેહને તેના ધર્મે પહોચા ડવો જોઇએ. મ્હારો અગ્નિ સંસ્કાર ને મૃત્યાદિ ક્રિયા તમો સારી રીતે કરજો. મ્હારી પાસે કંઇ પુંજી નથી કે જે તમોને આપું. પણ તમો ઉજળા સગાં છો તો મહારી અવસાન દશા સુધારશો." તે પછી એક પિત્રાઇ વેણીરામે કહ્યું કે " તમો તો આપણા કુળ માં રત્ન જેવા છો, તમારી આજ્ઞા હશે તો હું સર્વે ક્રિયા કરીશ." એ વેળા રણછોડ પૂજા કરીને આવ્યો ને કવિના પગ ધોઇને ચ ર્ણોદક પીધું, તે જોઇને તે પિત્રાઈઓ ઘણા લજવાઈ ગયા. તેમ ના ગયા પછી રણછોડ ને ઘેલાભાઈ પાસે બેઠા. રણછોડે પૂછ્યું કે આપની આજ્ઞા હોય તો હમે પાદુકાનું પૂજન કરીએ, ને પંથ ચલાવીએ. દયારામે કહ્યું "અલ્યા ગાંડા, હું તે કોણ ગણતીમાં કે મ્હારી પાદુકા પૂજાય; શ્રી કૃષ્ણ પરમાત્માની પાદુકા નથી પૂજા ઈ તો તેના ચરણની રજની રજ તેની પાદુકા પૂજવી એ ઘેલાપણું

છે. હવે મ્હારી ઘટિ ઘટી ગઇ છે, ને ત્હને, જે આજ્ઞા કરૂં છું તે એટલીજ કે ત્હારે મ્હારાં પદો ગાવાં, ને લોકોમાં કૃષ્ણની પ્રીતિ કરાવવી. મેં આખા હિંદુસ્તાનમાં ડંકો કીધો છે, ને હવે મ્હારે જન્મવું કે મરવું નથી, મ્હારો મનખો સફળ થયો છે. આ નરદેહ ધારણ કરવાનું મેં સાર્થક કીધું છે. ત્હારે મ્હારાં પદો ગાવાનોજ ધંધો કરવો, બીજો નહિ કરવો. આ મ્હારા ગ્રંથો ત્હને વારસામાં આપું છું, ને આ મ્હારો તંબુરો વસંતરામે લેવો. જેઓ આ ગ્રંન્થોનું હારદ સમજે છે તેને આ કરોડોની કીંમતના છે, પણ જે હારદ નથી સમજતો તેને એ કોડીના છે. મ્હારી આજ્ઞા એજ છે કે મ્હારાં પદો ગાવાનોજ ત્હારે ધંધો કરવો, જા ત્હારી પણ નામના થશે." પછી પોતાની પાસેના ગ્રંથો મંગાવી રણછોડને આપ્યાં. તેટલામાં વસંતરામ આવ્યો, તેને તંબુરો આપ્યો જે તેણે રડતાં રડતાં લીધો. રાત્રિના સઘળા શિષ્યો દયારામની પાસે બેઠા હતા, ત્યારે ઘણે ધીમે સ્વરે (કેમકે એ દિવસે તાપનું જોર ઘણું હતું) કહ્યું "મ્હારી અવસાન ક્રિયા જેમ હું કહું છું તેમજ કરો, તેમાં જરા પણ ફેરફાર કરતા નહિ. હું શ્રીવૃન્દાવનથી રમણરેતી લાવ્યો છું, ને જમનાજીનો પણો લાવ્યો છું તે મ્હારી પેટીમાં છે, તથા શ્રીનાથજી બાવાના બળદોનું ગોબર લાવ્યો છું, તે પણ તેમાં છે. તેની બારીક ભૂકી કરાવજો. હું અસાવધ થાઉં તે પહેલાં મ્હને જમનાપાન ગંગાસ્નાન કરાવીને શુધ્ધ કરજો; ને ગોપીચંદન મ્હારે અંગે લગાડજો. આ દેહને મૂકીને જીવ, પરમાત્માની સમક્ષ જાય તે પછી એ રમણરેતી, જમનાજીનો પણો ને ગોવરના ભૂકાને એકઠો કરીને તેની ભોંય કરજો, ને સકળ તીર્થનાં જળની ભરેલી સીસોઈ છે તેમાંનું જળ છાંટજો, ગોપીચંદનનો ભૂકો ભભરાવજો, ને તુલસી કાષ્ટ તથા પાંદડાં પાથરી, તેપર આ દેહને સુવાડજો. મ્હારો ઓચ્છવ કરજો, કોઈ પણ રડતા નહિ, ને જે રડશે તે અમારો શિષ્ય નહિ. આ

ક્યાઓ, મેં કૃષ્ણને ગાઇને નામના મેળવી છે, તે કૃષ્ણ પામી જાય તેને માટે રડવું શું ? મારા પિત્રાઇ વેણીરામને મ્હારી અગ્નિ સંસ્કારાદિ ક્રિયા કરવા દેજો, ને આ દેહની ઠાઠડી આનંદ ને ઉમંગથી લઇ જજો. ને જે મ્હારા પરમ શિષ્યો છે તેઓ શાસ્ત્રના વચન પ્રમાણે એકેક પ્રાણપોક મૂકજો. શ્રીનાથજી બાવાની પ્રસાદી કરાવેલી કંઠી છે તે મ્હારા કંઠમાં આરોપજો. એટલી મ્હારી આજ્ઞા તમારે સર્વે પાળવી. મ્હારા મરણ પછી સૌ શિષ્યોએ ત્રણ દિવસ સુધી ભજન કીર્તન કરવાં."

માઘ સુદ ૧૨ ને શનિવારના પ્રભાતના ઘેલાભાઈ અમીન પોતાને ઘેરથી એક સારી શાલ લઈ આવ્યા. આ શાલ જોઇને દયારામે પૂછ્યું, એ શું છે? ઘેલાભાઇએ પગે પડીને કહ્યું કે 'મ્હારી એક વિનંતિ છે. આપના દેહપર ઓઢાડવાની આ શાલ છે, તેની મ્હને આજ્ઞા આપશો.' થોડી વાર સુધી દયારામ કંઇ બોલ્યો નહીં, પણ થોડી વાર પછી કહ્યું, 'ઘેલાભાઇ, ત્હારી છેલ્લી માગણી હું સ્વીકારૂ છું. પણ આ દેહને એવા ઠાઠની શી જરૂર છે? એ તત્ત્વ વિનાનો જડ તેને એ વૈભવ ન શોભે. જા ત્હારી ઇચ્છા પ્રમાણે કરજે.' આજે તાપ ને ભગંદરનું જોર ઘણું હતું, પણ તે છતાં પદો ગાવામાં ને ગવડાવવામાં એ વારે વારે લીન થઈ જતો હતો. ઘડીમાં ઝબકી ઉઠતો, ને 'જે શ્રીકૃષ્ણ, પરમાત્મા પધાર્યા છે, રાધાજી જોડે છે, આ વિમાન આવ્યું છે તે આજ્ઞા કરે છે કે ચાલ. હવે જઈશું.' એમ કેટલીક વાર એ બોલતો હતો.

માઘ સુદ ૧૩ ને રવિવારનો આખો દિવસ એ પિડાતો રહ્યો હતો. પણ એની સ્મરણશક્તિ જરા પણ ઓછી થઇ નહોતી. શિષ્યો સાથે સારી રીતે વાતચિત કરી હતી. મ્હને વસંતરામે જણાવ્યું કે એ દહાડે રણછોડની ખાંધે હાથ મૂકીને બાળમુકુંદની મૂર્તિના દર્શને ગયો હતો તે ટાંકણે એ તે મૂર્તિમાં એવો તો લીન થઇ ગયો હતો ને કેટલીક વાર જાણે એ વાતચિત કરતો હોય ને સાક્ષાત મૂર્તિ બોલતી હોય તેમ જણાતું હતું. એ તાવના જોરે પીડાતો, ને તેવી વેળાએ ઘેલાભાઈ

ઓષધને માટે આગ્રહ કરતા, પણ એ એટલુંજ બોલતો કે કૃષ્ણ કૃષ્ણ કહો, જરા જમનાપાન લાવો, સો સારૂં થશે.

માઘ સુદ ૧૪ ને સોમવારે, સ્નાન કર્યા પછી રણછોડને બોલાવી કહ્યું કે હું લખાવું તે લખ. પછી "શરણ પડયો છું રે શ્રીહરિ"નું પદ* સુતાં સુતાં લખાવ્યું. તે પછી બપોરના બાર કલાકે થોડુંક દૂધ લીધું, ને મુખવાસ લીધો, તેપછી "દર્શન દોનીરે દાસને" એ પદ† ગાઇને ઉતરાવ્યું. દયારામની છેલ્લામાં છેલ્લી કાવ્યકૃતિ એજ બે પદ છે. એ પછી રણછોડ, વસંતરામ ને રતનબાઇના કેહેવા પ્રમાણે એકે નવી કવિતા રચી નથી. સાંજના વસંતરામને કહ્યું કે આજે તંબુરો લઇને મ્હને લાડીલાના પદો સંભળાવ. રણછોડે સુરદાસનાં એકાદ બે પદો ગાયાં, તે પછી "જીવા ગાફલ મત સોના બે" નું પદ†† ગાયું. ત્યારે દયારામે કહ્યું, "રણછોડ, હવે આ જીવ ગાફલ નથી સુતો, પણ જાગ્યો છે. આવતે આઠે દહાડે એ જાગતો થશે, ને ગાફલપણું છોડી દેશે. ત્હને રંગ છે, તેં મ્હને વખતસર ઠીક ચેતાવ્યો. હજી શ્રીકૃષ્ણની કીરત ગાવાનો ભાવ હતો. પણ હવે આ જીવ જાગૃત થયો છે, ને તે ભાવ આ સંસારમાં રહીને કીરતન ગાવાનો ગયો છે, હવે તો વૈકુંઠમાં કીરત ગાઇશું." એ આખી રાત્રિ એ સારી રીતે નિદ્રા લઇ શકયો હતો.

માઘ સુદ ૧૪ ને મંગળવારનો આખો દહાડો સારણગાંઠથી ને ઝાડાથી એ પીડાયો હતો, પણ પુરતી શુદ્ધિમાં હતો. એ દિવસે રતનબાઇને દીલાસો આપ્યો હતો.

માઘ સુદ ૧૫ ને બુધવારથી એની ચેતનાશક્તિ મંદ પડી હતી. એ આખો દિવસ તો એ ઘણુંજ થોડું બોલ્યો હતો, ને દૂધ વગર બીજા કશાનો આહાર નહોતો. પણ દહાડામાં ત્રણવાર જમનાપાન કીધું હતું. રાત્રિના રણછોડ, ડાહ્યાભાઇ, વસંતરામ,

* કા. સં., પા. ૨૪૮. † કા. સં., પા. ૨૪૫.
†† કા. સં., પા. ૬૪૫.

ઘેલાભાઈ પાસેના પાસેજ હતા, તેઓને કહ્યું કે આજનો દહાડો પણ ગયો. કૃષ્ણ હજીપણ તેડવાનો વિલંબ કરે છે.

માઘ વદ ૧ ને ગુરૂવાર તથા ૨ ને શુક્રવાર એ બંનો દિવસ તદન ચેતના રહિત બેભાનજ પડયો રહ્યો હતો. એ આખો દિવસ ઝાડા ઘણા થયા હતા, પણ રાત્રિના તદન બંધ પડી ગયા હતા.

માઘ વદ ૩ ને શનિવારે ઘેલાભાઇએ આગ્રહ કરીને પુણ્ય નિમિત્તે રૂપિયા દોઢસો ખરચ્યા હતા, એ રૂપિયા એના શિષ્યોએ જ આપ્યા હતા. એ વેળા એ તદન બેભાનજ રહ્યો હતો, અને જ્યારે સ્નાન કરાવ્યું ત્યારે બે ઘડી ઝંપાઇ ગયો હતો.

માઘ વદ ૪ ને રવિવારનો આખો દિવસ બેભાનજ રહ્યો હતો, પણ છેક સંધ્યાકાળે એકાએક "રાધે કૃષ્ણ રાધે કૃષ્ણ ગાય લહેરી હો" ‡ એમ ગાવાના આવેશમાં એ એકદમ તટાર થઈ ગયો હતો. આસપાસ બેઠલાઓને સ્વરથી પીછાણ્યા હતા, પણ નેત્રમાં તેજ હોય તેવું જણાતું નહોતું. એમની આંખે તો દશ વર્ષ થયાં ધાખું હતું, પણ અંધારામાં થોડુંઘણું દેખાતું હતું. આજે તેવું કંઇ દેખાયું નહોતું. રાત્રિના સાત કલાકે આ શ્રીજીબાવા પધાર્યા છે, આ શ્રીકૃષ્ણજી કંસને જુએ છે, એમ બોલ્યા હતા. ઘણીક વાર સમ જણ નહિ પડે તેવું બોલાતું હતું. આખી રાત્રિ જાણે ઘાડ નિદ્રામાં હોય તેમ ગાળી હતી. રતનબાઇ ને રણછોડ કહે છે કે એતો કૃષ્ણ મૂર્તિમાં લીન થઇ ગયો હતો.

માઘ વદ ૫ ને સોમવારના પ્રભાતના પાંચ વાગતાથી શરીરના પછાડા મારતા હોય તેમ જણાતું હતું, પણ પોણો કલાક પછી તે સો સમાઈ ગયું હતું. આઠ કલાકે પાંચ દશ મિનિટ ઝંપાઇ ગયા હતા, ને ગાયના ગળા છૂટયાની વેળાએ, પ્રભાતના પહેલા પહોરના, ગુજરાતનું

---

‡ કા. સં., પા. ૬૪૧.

રત્ન અને ડભોઇના પ્રેમીલો કવિ જાણે ગાઢ નિદ્રામાં પડયો હોય તેમ કશી પીડા વગરે, આ ક્ષણભંગુર દેહનો નિત્યનો ત્યાગ કરી, અવિનાશી સુખ લેવાને માટે ગયો. તે વેળાએ નવનો સમય થયો હશે. એના મરણની ખબર સાંભળીને સઘળા શિષ્યો ચાલ્યા આવ્યા હતા, તેમાં મોટો ભાગ શોકગ્રસ્ત થયો હોય તેવો જણાતો હતો. તમો લખોછો તેમ એ વેળાએ એમનું વય ૭૫ નું નહિ, પણ ૮૫નું હતું.

દયારામની સૂચના પ્રમાણે રમણરેતી, જમનાપણો ને શ્રીનાથજીના બળદના ગોવરની ભોંય કરી હતી, ને તે પર સકળ તીર્થનું જળ સિંચવામાં આવ્યું હતું. વસંતરામે મ્હને જણાવ્યું હતું કે એજળમાંથી એવો મઘમઘાટ નીકળતો હતો કે જાણે તેમાં અત્તર રેડયું હોય. બાર કલાકે એના ન્યાતિલાઓ તથા ડભોઇના ૧૫૦ થી ૨૦૦ માણસો આ રત્નરૂપ કવિની ઠાઠડીને સ્મશાનમાં લઈ ગયા હતા.

દયારામના મરણ પછી રતનબાઈની સ્થિતિ ઘણી ખરાબ થઇ ગઈ છે. એને, દયારામના પિત્રાઇઓમાંનો એક, જે ઘણો લુચ્ચો છે તે ઘણો પીડવા લાગ્યો, ને કવિએ જે થોડાક પૈસાં આપ્યા હતા તેમાંથી પણ થોડાક પડાવી ગયો છે."